Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસની શ્રેષ્ઠ વાર્તાઓ



: લેખકો :

રમણલાલ વ. દેસાઇ

કેતન મુનશી ★ ગુલાબદાસ બ્રોકર ★ ચુનીલાલ મડિયા

કિશનસિંહ ચાવડા ★ પન્નાલાલ પટેલ ★ ઇશ્વર પેટલીકર

જયંત ખત્રી ★ જયન્તિ દલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકમિલાપ પ્રકાશનમાળા

સર્વ કોઇ પ્રજાને પૂરેપૂરી બે આંખોની આવશ્યકતા હોય છે: એક પોતાની અંદરનાં જ ઉચ્ચ તત્ત્વો ઓળખી લેવાની: ને બીજી, અન્ય પ્રજાઓના ઉત્તમ સંસ્કારને ઉકેલવાની. મહત્તાનું સાચું દર્શન તે વગર સાંપડતું નથી.

—ઝવેરચંદ મેઘાણી

અન્ય પ્રજાઓના ઉત્તમ સંસ્કારોને ઉકેલવામાં મદદ કરતી
બીજી આંખ સમી ચોપડીઓ

કોરિયા : મદોન્મત્ત સત્તાધીશોના જુલમની અને સ્વાભિમાની પ્રજાના ઉન્નત ગૌરવની કથા.

એશિયાનું કલંક
ઝવેરચંદ મેઘાણી
૨-૮-૦

*

હંગેરી : એશિયાઇ સંસ્કૃતિ લઈને યુરોપમાં સિધાવેલી, પરાધીનતાનાં બૂરાં વીતકો વેડનારી અને આખરે અહિંસાત્મક અસહકારની લડત દ્વારા સ્વાધીન બનનારી એક પ્રજાના શાંત રણસંગ્રામની કથા.

હંગેરીનો તારણહાર
ઝવેરચંદ મેઘાણી
૧-૮-૦

*

મિસર : પ્રાચીન ફેરો-રાજાઓ ને તુર્કોની એડી તળે ચુપચાપ ચગદાયેલી એક ખેડુ-પ્રજા કઇ રીતે પોતાનું પ્રજાત્વ પ્રાપ્ત કરે છે, જહાંગીરીઓને ઉખેડી નાખે છે ને શ્રમજીવીવાદનું પાન કરે છે તેનો પ્રેરણાદાયી ઈતિહાસ.

મિસરનો મુકિતસંગ્રામ
ઝવેરચંદ મેઘાણી
૧-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२६०१८

ઝવેરચંદ મેઘાણી

૧-૦-૦

આયર્લૅન્ડ : કોમલતા ને શૌર્ય, પ્રેમ ને ધર્મશીલતા, વાણિજ્ય અને કાવ્યરસિકતા: એવી ફોરમ જેનાં માનવ-ફૂલોમાં મહેક મહેક થાય છે તેવી એક વીર પ્રજાના ઇતિહાસનાં પ્રાણવાન પ્રેરણા-ઝરણ સમાં પ્રકરણો.

સળગતું આયર્લૅન્ડ

ઝવેરચંદ મેઘાણી

૧-૦-૦

ચીન : ચીનની પરાધીનતાનો, ચીનના પતનનો અને લાંબી નિદ્રાનો ને પુનર્જાગ્રતિનો, સડેલી રાજાશાહીના ઉચ્છેદનનો, તે પછી સ્થપાયેલ પ્રજાસત્તાકને ઉપરતળે કરી નાખનારી જાદવાસ્થળીનો, અને એ આંતરવિગ્રહના રક્ત-સમુદ્રમાંથી ઊગેલ ઐક્ય-પદ્મનો ઝડપી ઈતિહાસ.

મહાવીર પાડોશી

ધ્વજ-મિલાપ

ઝવેરચંદ મેઘાણી

દરેકના ૦-૧૨-૦

બર્મા : બ્રહ્મદેશની ભૂમિને, એના સંસ્કારોને, રિવાજોને અને હિંદીવાનો તથા બરમી જનોના સામુદાયિક લોકસંપર્કના નોતમ દ્રશ્યને કલ્પિત પાત્રો વડે અજવાળતી કલ્યાણકારી સંદેશાવાળી નવલકથા.

પ્રભુ પધાર્યા

ઝવેરચંદ મેઘાણી

૨-૮-૦

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ..... ८० ग / ९६

पञ्जिका संख्या २६०१८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસની શ્રેષ્ઠ વાર્તાઓ

: ૧૯૫૧ :

લેખકો

રમણલાલ વ. દેસાઈ

કેતન મુનશી

ગુલાબદાસ બ્રોકર

ચુનીલાલ મડિયા

કિશનસિંહ ચાવડા

પન્નાલાલ પટેલ

ઈશ્વર પેટલીકર

જયંત ખત્રી

જયન્તિ દલાલ

ધૂમકેતુ

*

સંપાદક

ઉમાશંકર જોષી

CHECKED 1973

Initial

★

પ્રકાશક

લોક-મિલાપ કાર્યાલય

મુખ્ય વિક્રેતા

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ

પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
લોક-મિલાપ કાર્યાલય વતી
ધનંજય મણિલાલ પારેખ
નોર્થ કુરલા : મુંબઈ

કિંમત
રૂા. ૧-૧૨-૦

મુદ્રક
નાથાલાલ મ. શાહ
સ્વાધીન મુદ્રણાલય,
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ધૂમકેતુને

જેણે લગાડી વાર્તાની મોહિની ગુજરાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકીય

૧. કરવા જેવો સંગ્રહ

ભાઈ મહેન્દ્ર મેઘાણીને મનમાં તરંગ ઊઠ્યો અને ૧૯૫૧માં પ્રગટ થયેલી શ્રેષ્ઠ વાર્તાઓની એક કામચલાઉ યાદી કરીને, એને પ્રગટ કરવાની યોજના સાથે, મને મોકલી આપી. ચૂપચાપ એમણે સંપાદક તરીકે એ કાગળિયામાં મારું નામ મૂકી દીધેલું. એટલેથી એમનું કામ તો પતી ગયું ! પણ મારું ? એ વાર ડોકું ધૂણાવીને હું વિચારે ચઢી ગયો : ૧૯૫૧માં એક ચોપડી ભરાય એટલી શ્રેષ્ઠ વાર્તાઓ પ્રગટ થઈ હશે ? ધારો કે એક વખત ૧૯૫૧ ની શ્રેષ્ઠ વાર્તાઓ કદાચ પ્રગટ કરી, પણ પછીથી દર વરસે એવો સંગ્રહ કરી જ શકાશે એની શી ખાતરી ? અને આ ૧૯૫૧ની જ બધી પ્રગટ થયેલી વાર્તાઓ મેં વાંચી છે કે એમાંથી શ્રેષ્ઠની તારવણી કરીને એનો 'સંપાદક' બની જાઉં ? ઊંહું ! આપણું આ કામ નહિ.

ના, પણ જો આપણી ભાષાઓમાં સર્જાતા સાહિત્યમાંથી કદી વાર્ષિક સંગ્રહો પ્રગટ થવાના હોય તો સૌથી વધારે તક ટૂંકી વાર્તાના આવા સંગ્રહને જ છે. એ પ્રયોગ કરવા જેવો ખરો. અંગ્રેજીમાં તો વરસનાં ઉત્તમ એકાંકી, ઉત્તમ વાર્તાઓ, ઉત્તમ કાવ્યો, ઉત્તમ નાટકો — એવા સંગ્રહો પ્રગટ થતા જોવા મળે છે. આપણી ભાષાઓમાં એ જાતના પ્રયોગરૂપે ટૂંકી વાર્તાના વાર્ષિક ફાલમાંથી પસંદગી કરીને એક સંગ્રહ આપવાથી શરૂઆત કરી શકાય, કરવી જોઈએ. એથી સ્પષ્ટ બે ત્રણ લાભ છેઃ વાચકોને એક સાથે ઉત્તમ વાર્તાઓ સુલભ થાય. કેટલાક નવા લેખકોની એક બે વાર્તાઓ જ પ્રગટ થઈ હોય, અને હજી પુસ્તકાકારે તે પ્રગટ થવાની વાર હોય, પણ આવા વાર્ષિક સંગ્રહમાં તે ગ્રંથસ્થ રૂપે વાચકો સુધી પહોંચી શકે. કેટલાક સિદ્ધહસ્ત લેખકો અવારનવાર રડીખડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદબે વાર્તા લખતા હોય, તેમની કૃતિઓ પણ આવા સંગ્રહ દ્વારા વિશાળ વાચકસમુદાય સુધી પહોંચી શકે. આવા સંગ્રહોને કારણે લેખકો ઉત્તમ કૃતિઓ સર્જે એમ બને એવું તો કોઈ કહી શકે નહિ, પણ સારી કૃતિઓ તરફ પ્રજાનું ધ્યાન ખેંચવાનો એક માર્ગ આપણી પાસે છે એ સર્જકોને ગમતી વાત તો ખરી. ઉદીયમાન લેખકો પ્રત્યે આવા સંગ્રહો દ્વારા પ્રજાનું ધ્યાન ખેંચાતાં પ્રકાશકો એમની કૃતિઓના સંગ્રહો પણ આપવા પ્રેરાય......જરૂર આવા વાર્ષિક સંગ્રહનો અખતરો કરવા જેવો તો ખરો.

તરત, ૧૯૫૧માં પ્રસિદ્ધ થયેલી વાર્તાઓ વાંચવામાં હું પરોવાયો. ભાઈ મહેન્દ્ર મેઘાણીનું 'મિલાપ' એ આપણી ભાષામાં 'રીડર્સ ડાઈજેસ્ટ'-ની રીતે દોહન રૂપે પસંદગીની કૃતિઓ આપનારું માસિક છે, તેની ફાઈલ-માંથી વાર્તાઓ જોઈ ગયો. એમણે કરેલી યાદી તો મેં બાજુ જ રાખી, કેમકે એમાં વાર્તાઓનાં ભાષાંતરોનો પણ સમાવેશ થયેલો હતો અને ભાષાંતરોને ૧૯૫૧ની શ્રેષ્ઠ વાર્તાઓના સંગ્રહમાં આપવાનો કાંઈ અર્થ ન હતો. મૂળ વાર્તાઓ તો ક્યારેય લખાયેલી હોય અને ભાષાંતરોના સંગ્રહ આપવા હોય તો એક વરસમાં એક કરતાં વધારે પણ આપી શકાય. એ કામ કરવા જેવું નથી એમ નથી, પણ એ બીજી જ વસ્તુ થઈ. હા, હિંદની ૧૧ ભાષાઓમાં તે વરસમાં પ્રગટ થયેલી ઉત્તમ વાર્તાઓનો સંગ્રહ શક્ય હોય તે જુદી જુદી ભાષામાં આપી શકાય. એ દિશામાં આવા પુસ્તકની સફળતા અને લોકપ્રિયતા પ્રેરણારૂપ થઈ શકે....માસિકોના અંકો ઉ રાં તાજા જ પ્રગટ થયેલા દળદાર દિવાળી અંકોનાં પાનાં મેં ફરફરાવવા માંડ્યાં. વાર્તાઓ, વાર્તાઓ, વાર્તાઓ! આપણે ત્યાં—સામાન્ય રીતે બોલીએ તો કોઈ પણ ભાષામાં—વાર્તાઓની કમીના છે એમ કોણ કહી શકશે? આ બધા વાર્તાપુંજને ન્યાય આપવો એ મારે માટે લગભગ ગજાબહારની વાત જેવું હતું. ડિસેમ્બરની ૩૧મીએ સંગ્રહ, જો ૧૯૫૨ના આરંભમાં પ્રગટ કરવો હોય તો, મારે પ્રેસને સોંપી દેવો જોઈએ. કેટલીક સારી વાર્તા છટકી પણ ગઈ હશે. બીજી વાર વાંચવાને અભાવે કોઈકની ચોટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બરાબર અનુભવાઈ નહિ હોય. અને આવી બાબતમાં સૌથી મોટી મુશ્કેલી હોય છે—સંપાદકની અંગત રુચિઅરુચિની—તે તો અનિવાર્ય હતી જ. આ બધા સંજોગોમાં ૧૯૫૧ની શ્રેષ્ઠ વાર્તાઓની આ પસંદગી માટે ખાસ કરીને સર્જકોની મારે ક્ષોભપૂર્વક ક્ષમા માગવાની રહે છે. એ પસંદગીની તમામ જવાબદારી મારી છે અને એમાં જે કાંઈ ઊણપ લાગે તેને માટે હું દોષપાત્ર છું. પ્રથમ પ્રયોગ હોઈ પુસ્તકનું કદ મર્યાદિત રાખવું પડ્યું છે એટલે પણ પસંદગીનું ક્ષેત્ર પરિમિત રહ્યું છે. જે લેખકોની વાર્તા પસંદ કરી છે તેમને તે વર્ષમાં પોતાની બીજી જ વાર્તા ઉત્તમ લાગી હોય એ પણ સંભવિત છે, તે છતાં આ સંગ્રહ માટે સૌએ અનુમતિ આપી છે એ માટે સૌનો આભારી છું. શ્રી. મડિયાએ પોતાની વાર્તા મઠારી આપી છે અને શ્રી. પન્નાલાલ પટેલે પોતાની વાર્તાનો અંત જુદી રીતે લખી મોકલ્યો છે તે માટે એમનો સવિશેષ ઋણી છું.

'વરસની શ્રેષ્ઠ વાર્તાઓ : ૧૯૫૧' એ સંગ્રહ વીસમી સદીનો પૂર્વાર્ધ પૂરો થતાં જ પ્રગટ થઈ શકે છે એમાં એક જાતનું ઔચિત્ય છે. ટૂંકી વાર્તાનો સાહિત્યપ્રકાર એ માંડ એક સદીની—સવિશેષ વીસમી સદીની સરજત છે. આપણે ત્યાં પણ છેલ્લા ચારેક દસકામાં એ ઠીક ઠીક ખેડાયો છે અને જરૂર દર વરસે આવો સંગ્રહ સહેજે આપી શકે એટલી શક્તિશાળી કલમો આપણે ત્યાં છે.

૨. ટૂંકી વાર્તા એટલે અનુભૂતિકણ

સામાન્ય રીતે ટૂંકી વાર્તા અંગેની ચર્ચાઓમાં ઘણીવાર એવું કહેવામાં આવતું હોય છે કે ટૂંકી વાર્તા એ બહુ જૂનો સાહિત્યપ્રકાર છે. આપણા દેશના વિદ્વાનો ઉપનિષદનાં કથાનકો, જાતકકથાઓ, પંચતંત્રની કથાઓ વગેરેનો નિર્દેશ કરતા હોય છે; પરદેશના વિદ્વાનો બાઈબલમાંની કથાઓને, ખાસ કરીને ઈશુનાં પ્રવચનોમાંની દૃષ્ટાન્તકથાઓને આગળ ધરતા હોય છે. એ સાચું છે કે માણસજાતને એના બાલ્યકાલથી કથાનો રસ છે એવું જોવા મળે છે અને એ સ્વાભાવિક પણ છે. પણ આ પ્રાચીન કથાનકો, દૃષ્ટાન્તકથાઓ, પંચતંત્રની વાર્તાઓ એ આખાયે કથા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય કરતાં અર્વાચીન સમયમાં ટૂંકી વાર્તાનો જે સાહિત્યપ્રકાર ખેડાય છે તે બહુ જ જુદો છે; બંનેમાં કોઈ સામાન્ય તત્ત્વ હોય તો વૃત્તાન્ત અથવા બનાવ. એ સિવાય, બંનેમાં મૂલગત તફાવત છે. જૂની બધી કથાઓ સમૂહ આગળ મોંએથી કહી શકાય એ પ્રકારની હોય છે. આજની ટૂંકી વાર્તા માટે આ લક્ષણ અનિવાર્ય નથી, એટલે કે વૃત્તાન્ત સિવાયની બીજી કોઈ વસ્તુને આધારે એનું જીવન છે. જૂનાં લઘુકાવ્યોમાં આજનાં લઘુ ઊર્મિકાવ્યોના નમૂના ઘણા મળવા સંભવ છે, જૂનાં નાનાં નાટકોમાં આજનાં એકાંકી જેવા કોઇક નમૂના મળવા પૂરો સંભવ છે (કેમકે બંનેને માટેની સામાન્ય જરૂરિયાત—તખ્તાલાયકી—નું બંને પ્રકારોમાં પાલન થતાં બંનેમાં સામ્ય સધાવાની શક્યતા હતી). પણ જૂના આખાય વિપુલ કથાસાહિત્યમાં આજની ટૂંકી વાર્તાનાં લક્ષણોવાળો સાહિત્યપ્રકાર જવલ્લે જ મળે.

સાહિત્ય-કલાના પ્રકાર તરીકે ટૂંકી કથાને જૂના સમયમાં ખેડવામાં આવી નથી, જેમ લાંબી કથાને સાહિત્યપ્રકાર તરીકે ખેડવામાં આવી છે. સુબંધુની વાસવદત્તા, દણ્ડીનું દશકુમાર અને બાણની કાદંબરી એ કલાકૃતિ રૂપે લાંબી કથાને યોજવાના પ્રયત્નો છે, એમ ટૂંકી કથાને કલાકૃતિરૂપે યોજવાના પ્રયત્ન થયા નથી.

હમણાં કહ્યું તેમ જૂનું કથાસાહિત્ય એ મોંએથી કહેવાતી વાતોનું બનેલું છે. એથી, એમાં વસ્તુ (plot) મુખ્ય રહે એ સ્વાભાવિક છે. એમાં મુખ્ય રસ શાન્ત જોવા મળવાનો, કેમ કે મોટા ભાગની કથાઓ બોધપ્રધાન હોય છે. (અલબત્ત, વૃતાન્તમૂલક તમામ સાહિત્ય એક જાતના અદ્ભુતના વાતાવરણના પરિવેશમાં સ્ફુરતું હોય છે, પણ શુદ્ધ અદ્ભુત રસમાં જેનું નિર્વહણ થતું હોય એવી કૃતિઓ થોડી જ હોય છે.) આજે જેને આપણે સગવડ ખાતર 'ટૂંકી વાર્તા' નામ આપ્યું છે તે સાહિત્યપ્રકારમાં વૃત્તાન્ત —બનાવ તો હોય છે જ, પણ બનાવ કહી જવો એ એનુ ધ્યેય નથી. એ વૃત્તાન્તમાંથી નિષ્પન્ન થતા બોધ તરફ ધ્યાન ખેંચવું એ પણ એનું લક્ષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એ વૃત્તાન્તમાં લપાયેલા જીવનરહસ્યનું એટલે કે કોઈ તાત્વિક—ફિલોસોફિકલ—સત્યનું સૂચન કરવું એ ટૂંકી વાર્તાનું કામ છે એમ પણ નહીં કહી શકાય, કેમકે બોધ માટે જેમ ટૂંકી વાર્તા પ્રયોજાય નહિ તેમ કોઈ તાત્વિક દર્શન માટે પણ એ પ્રયોજાય નહીં. ટૂંકી વાર્તા છે લેખકની વિશિષ્ટ ભાવપરિસ્થિતિએ કથ્ય વૃત્તાન્તની મદદથી લીધેલો કલાઘાટ. ટૂંકી વાર્તામાં આ વૃત્તાન્ત વડે શબ્દદેહ પામેલી ભાવપરિસ્થિતિ એ પોતે જ જીવનરહસ્ય—જીવનસૌન્દર્ય છે, બલ્કે જીવનનું રહસ્યભૂત સૌન્દર્ય છે. ટૂંકી વાર્તામાં આ સૌન્દર્યની આભા એ કલાના આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદના મૂળમાં છે વાર્તાલેખકની વિશિષ્ટ ભાવપરિસ્થિતિ. જૂની કથાઓ બોધપ્રધાન (didactic), દૃષ્ટાન્તરૂપ (illustrative) કે નરી કથનાત્મક (narrative) હતી, જ્યારે આજની ટૂંકી વાર્તા લેખકની કોઈક વિશિષ્ટ ભાવપરિસ્થિતિને સાકાર કરવા મથતી શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિ છે.

બંને વચ્ચેનો ભેદ જો સૌથી વધુ સ્પષ્ટ થઈ આવતો હોય તો તે આજની ટૂંકી વાર્તાના ઉપાડમાં. જૂની કથાને તો સામાન્ય રીતે કાલક્રમમાં જ કથન રજૂ કરવું પડે. જ્યારે આજની ટૂંકી વાર્તાની સફળતાની ચાવી જ મુખ્યત્વે વાર્તાકાર આખા વૃત્તાન્તપટમાં કયે ઠેકાણેથી દોર ઉપાડીને કહેવાનું શરૂ કરે છે એની ઉપર છે. એકથી સો સુધીની વાત કહેવાની હોય તો સત્તાણુંથી પણ તે શરૂ કરી શકે છે અને સત્તાણુંથી સો સુધીનું કહેવામાં પાછલી બધી વાતને વ્યાપી વળે છે એટલું જ નહિ પણ આ રીતે આખાય કથાપટને બાથમાં લેવાના ક્રમમાં જ એની વિશિષ્ટ ભાવ-પરિસ્થિતિને સુરેખ ઉઠાવ મળી શકે એવું હોય છે. આ એક હકીકત જ એ બતાવવા માટે પૂરતી છે કે જૂની કથાઓમાં વૃત્તાન્તનું જેટલું મહત્ત્વ છે તેટલું આજની ટૂંકી વાર્તામાં નથી. આજની ટૂંકી વાર્તાનો મદાર છે, ઉપર કહ્યું તેમ, વિશિષ્ટ ભાવપરિસ્થિતિ ઉપર. આથી, જેમ જૂની કથામાં વૃત્તાન્તમાં-વસ્તુમાં ચમત્કૃતિ હોય એવી સામાન્ય અપેક્ષા રહેતી, તેમ આજની ટૂંકી વાર્તામાં માત્ર વૃત્તાન્તમાં-વસ્તુમાં ચમત્કૃતિ શોધવાનું રહેતું નથી. વસ્તુપ્રધાન ટૂંકી વાર્તા હોય છે, પણ તે ઘણુંખરું કનિષ્ઠ પ્રકારની ગણાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઘણીવાર તો ટૂંકી વાર્તામાં વૃત્તાન્તનો લાંબો પટ હોતો નથી, એક નાનો સરખો તંતુ હોય છે, પણ વાર્તાકારની આગવી ભાવપરિસ્થિતિને સાકાર કરવા માટે એ પૂરતો હોય છે. એટલે, આજની ટૂંકી વાર્તામાં ચમત્કૃતિ શોધવાની રહે છે વાર્તાકારની વિશિષ્ટ ભાવપરિસ્થિતિમાં—એ ભાવપરિસ્થિતિ વૃત્તાન્તને કેવી રીતે યોજે છે તેમાં, નહિ કે જૂની વાર્તાની જેમ માત્ર વૃત્તાન્તમાં. ટૂંકી વાર્તા એટલે અનુભૂતિકણ. એ અનુભૂતિમાં ચમત્કૃતિ હોવી જોઈએ.

ટૂંકી વાર્તાને ભાવપરિસ્થિતિ સાથે કામ છે એથી ઊર્મિકાવ્યની અને લલિત નિબંધની એ સહોદર છે. ઘણી ટૂંકી વાર્તાઓ એવી હોય છે કે એને લલિત નિબંધ ન કહેવા માટે કોઈ કારણ ન હોય. ઘણા લલિત નિબંધ એવા હોય છે કે એને ટૂંકી વાર્તા લેખવામાં મુશ્કેલી ન પડે. ટૂંકી વાર્તા એની ઘૂંટેલી એકતા (unity)ને લીધે ઊર્મિકાવ્યની બહુ યાદ આપે છે. ભાવસ્પંદન જગાડવાની શક્તિમાં ટૂંકી વાર્તા અને ઊર્મિકાવ્ય વચ્ચે હરીફાઈ ન હોય! કરકસરભર્યા સંવિધાનમાં ટૂંકી વાર્તાની નાટ્યકળા સાથે સરસાઈ છે. બંને વૃત્તાન્તમૂલક સાહિત્યપ્રકારો હોઈ, ટૂંકી વાર્તા અને એકાંકી ઘણીવાર એકમેકની નજીક પહોંચી જવાનાં. પણ એથી ટૂંકી વાર્તાને સળંગ સંવાદમાં નિરૂપવાના મોહમાં પડવું જરૂરી નથી, સીધા કથનનો લાભ વાર્તાલેખકે જતો કરવા જેવો નથી. માત્ર, ત્રેવડની દૃષ્ટિ એની નાટ્યકારને અદેખાઈ કરાવે એવી હોવી જોઈએ.

ભાવપરિસ્થિતિઓને સીમા નથી, ટૂંકી વાર્તાના વિષયોને પણ સીમા નથી. વૃત્તાન્તનો કયો ઘટક ઉપાડી લઈ કઈ નવી ભાવપરિસ્થિતિને વાર્તાકાર નવીનરૂપે સાકાર કરશે, શું કહી શકાય? તાજગીભરી વાર્તાકલાને માટે ક્યારેય તે અવકાશ છે, આજના સંકુલ માનવજીવનમાં સવિશેષ. વાર્તા-વિષય સાચેસાચ વાર્તાકારના પ્રત્યક્ષ કે આંતર અનુભવમાંથી ઉદ્ભવેલો હોય અને એ અનુભવને સચ્ચાઈભરી વફાદારીપૂર્વક રજૂ કરવામાં આવે તો એમાં તાજગી—ચમત્કૃતિ આવ્યા વગર રહે જ નહિ. દરેક ટૂંકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાનો આકાર નોખો રહેવાનો. જીવનમાં જેમ અનુભૂતિકણોમાં નિરવધિ વિવિધતા સંભવે છે, તેમ ટૂંકી વાર્તાના સાહિત્યમાં પણ.

એટલે, ટૂંકી વાર્તાને આદિ મધ્ય ને અંત હોય, આ હોય ને તે ન હોય—એવાં શાસ્ત્રીય બંધનોમાં એને રૂંધવી સૌથી મુશ્કેલ છે. સદ્ભાગ્યે, એકમેકથી તદ્દન વિભિન્ન રીતે વાર્તાકલા ખેડનારા લેખકો એક સાથે પણ પાકતા જોવા મળે છે.

ગુજરાતી ભાષામાં ટૂંકી વાર્તાની સિદ્ધિ ગૌરવપ્રદ છે. અનેક પ્રતિભાશાળી કલમોનો એને લાભ મળ્યો છે, કદાચ દર દસકે નવીન પ્રતિભાસંપન્ન કલાકારો કોઈ પણ એક સાહિત્યપ્રકારને મળ્યા હોય તો તે ટૂંકી વાર્તાને.

૧૯૫૧ થી શરૂ થતા દસકામાં કઈ નવીન કલમો આપણને મળે છે, જોઈએ.

૩. આ વાર્તાઓ

આ વાર્તાઓમાં કોઈ ઓછા પરિચિત લેખકની પ્રસાદી હોય તો તે એક કેતન મુનશીની. કેવી સુરેખ લાઘવયુક્ત વાર્તાકળાની એ પ્રસાદી છે! જયન્ત ખત્રીને વાર્તાકલા ઉપર આગવી હથોટી છે, પણ કદાચ યોગ્ય પ્રમાણમાં એ જાણીતા નથી. એમની વાર્તા પણ રાગાવેશ—અને એમાંથી નિપજેલી હત્યા—આત્મહત્યા—ની છે. માનવ-હૃદયની, ચકરી ખવડાવે એવી અગાધ ઊંડી ગર્તામાં વાર્તાકાર આપણને ડોકિયું કરાવે છે. પ્રસાદજીની વાસના અને એને નિગ્રહમાં લેવાની મથામણ—એમાં કાંઈક આકર્ષક ભવ્યતા છે. કસ્તુરની હૃદયવૃત્તિઓના પલટાઓ પણ કૌશલપૂર્વક નિરૂપાયા છે.

પ્રસાદજીની આત્મહત્યામાં કશુંક આશ્વાસક છે, એમાં એક પ્રકારનો કવિકલ્પનો ન્યાય (poetic justice) છે. મૃત્યુમાં જ પ્રસાદજીનો ઉગારો હતો. કસ્તુરના બાપની કટારી કે બંદૂકમાંથી એ છૂટી શકવાના ન હતા. પણ 'ઉજડેલો બાગ'માં એક આદર્શ જોડું ' શ્રદ્ધાદીપ હોલવાઈ જતાં,' 'માનવજીવનનો…ક્રૂર હ્રાસ' જોતાં, પોતાનો જીવનદીપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોલવી નાખે છે એ આઘાતજનક લાગે છે. આવા દાખલા યુરોપમાં તો ઘણા બન્યા છે, આપણે ત્યાં પણ ન બને એવું નથી. માનવી–જીવન વિષે આટલી બધી ઊંચી અપેક્ષાઓ રાખનારાંઓ પણ હોય છે એ શ્રદ્ધા તો આવા મૃત્યુની મીંડમાંથી ગુંજી ઊઠતી જ હોય છે. અત્યારના જીવનહ્રાસ ઉપર માર્મિક પ્રકાશ પાડવામાં સફળ થઈ છે 'મૂકમ્ કરોતિ....' વાર્તા. અસલીને નકલીની વહારે જવાવારો આવે એનો અર્થ જ એ નહિ કે એ અસલી પણ અસલી રહ્યા નથી—નકલી જેવા થવા માંડ્યા છે? જૂની પંચતંત્રની કથામાં વૃત્તાન્તનો મહિમા છે, લેખકે અને પોતાની વિશિષ્ટ ભાવપરિસ્થિતિનું વાહન બનાવતાં એ કેવી ટૂંકી વાર્તા બની છે!

'અફલાતૂન' સત્ય ઘટના છે એમ કોઈ આપણને કહે તો પણ ભલે, ન કહે તો પણ ભલે. લખાઈ છે ટૂંકી વાર્તારૂપે. માનવજીવનના અજાણ્યા પ્રદેશમાં સંચિત થયેલી વેદનાનાં એ દર્શન કરાવે છે, તો 'લોહીની સગાઈ' એવા જ બીજા યાતનાપ્રદેશમાં લઈ જાય છે. આ વાર્તામાં સ્વભાવોક્તિની શકિત સોળે કળાએ પ્રગટ થઈ છે. ગાંડી દીકરીને દવાખાનાની મેટ્રનને સોંપી વિદાય થતાં અમરતકાકી કહે છે: 'એને દહીં બહુ ભાવે છે. દરરોજ તો ના બને પણ બીજે ત્રીજે દહાડે આપજો.' એ શબ્દો કેવા સ્વાભાવિક અને હૃદય સોંસરા નીકળી જાય એવા છે! 'વાત્રકને કાંઠે'માં બે પતિ વચ્ચે ઝોલાં ખાતા યુવતીહૃદયની વેદના વેધક રીતે આલેખાઈ છે.

આ વાર્તાઓના લેખકોમાંથી કોઈએ કવિતા લખી હોય તો તે રમણલાલ દેસાઈએ અને કાંઈક ગુલાબદાસ બ્રોકરે. પણ વાર્તાકારમાં કેટલીબધી કવિતા પ્રગટ થવા મથતી હોય છે તેનાં દર્શન આ વાર્તાઓમાં જરૂર થાય છે. 'તેજ, ગતિ અને ધ્વનિ'માં કોઈને કવિતાનો પાસ વધુ પડતો પણ લાગે. 'વાત્રકને કાંઠે' અને 'ઉજ્જડેલો બાગ'માં પણ ક્યાંકક્યાંક કવિત્વ ફૂટી નીકળે છે. પણ ધૂમકેતુની 'રતનો ઢોલી' એ તો નરી ગાતા પથ્થરોની કવિતામાંથી જ કંડારેલી વાર્તા છે. વાર્તારચનાની શરૂઆતમાં ધૂમકેતુનું જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એક મુખ્ય લક્ષણ હતું—કવિત્વ તેનો એમની એક અદ્યતન કૃતિમાં પણ પરિચય થાય છે એ નોંધપાત્ર છે.

ગુલાબદાસ બ્રોકરની વાર્તા 'પ્રકાશનું સ્મિત' વાર્તાકારોને તો પોતાની પ્રવૃત્તિ નિરર્થક નથી—બલકે જીવનમાં કોઈ અજાણ્યા ખૂણાઓમાં આશીર્વાદ-રૂપ નીવડે છે—એવા સૂચનને લીધે પ્રિય નીવડશે જ, પણ વાચકવર્ગમાંથી પણ કેટલાંક જસુબહેનની વાતમાં સાખ પુરાવશે એવી આશા રાખવી વધુ પડતી નથી. બધી કલાઓની જેમ વાર્તાકલા પણ રમણલાલ દેસાઈની વાર્તાના શુકની જેમ (વાર્તાકારે પઢાવેલા એટલે શુક તો ખરી જ તો) ખરે વખતે જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવી જાય એમાં શી નવાઈ !

અમદાવાદ
૨૦-૩-૧૯૫૨

ઉમાશંકર જોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રમ

સંપાદકીય	...	૫
વાર્તાકારો	...	૧૬
હું ફરી કેમ ન પરણ્યો ?	રમણલાલ વ. દેસાઈ	૧
ફટકો	કેતન મુનશી	૨૦
પ્રકાશનું સ્મિત	ગુલાબદાસ બ્રોકર	૨૬
ઉજડેલો બાગ	ચુનીલાલ મડિયા	૩૮
અફલાતૂન	કિશનસિંહ ચાવડા	૫૯
વાત્રકને કાંઠે	પન્નાલાલ પટેલ	૭૧
લોહીની સગાઈ	ઈશ્વર પેટલીકર	૯૦
તેજ, ગતિ અને ધ્વનિ	જયંત ખત્રી	૧૦૮
મૂકમ્ કરોતિ........	જયન્તિ દલાલ	૧૩૭
રતનો ઢોલી	ધૂમકેતુ	૧૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસની શ્રેષ્ઠ વાર્તાઓ

: ૧૯૫૧ :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાકારો

રમણલાલ વ. દેસાઈ : 'પ'માં એમણે સાઠમા વરસમાં પ્રવેશ કર્યો. વડોદરા રાજ્યમાંથી સર-સૂબાની નોકરીમાંથી નિવૃત્ત થયા પછી લેખનને વિશેષ સમય આપે છે. આપણા સુપ્રસિદ્ધ નવલકથાકાર.

કેતન મુનશી : 'પ'માં બી. એ. થયા. પીએચ. ડી. માટે ટૂંકી વાર્તા ઉપર બૃહન્નિબંધ લખવા ઇચ્છે છે. હજી વાર્તાસંગ્રહ પ્રગટ થયો નથી. 'કેતન મુનશી' ઉપનામ છે.

ગુલાબદાસ બ્રોકર : શેરબજારમાં બ્રોકર તરીકે કામ કરે છે. ચાર વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. સત્યઘટનાઓ ઉપરથી 'પુણ્ય પરવાર્યું નથી'–એ નામનો સંગ્રહ પ્રગટ થવાનો છે. 'એકાંકી' સામયિકના શ્રી જયન્તિ દલાલ સાથે જોડિયા તંત્રી છે.

ચુનિલાલ મડિયા : બી. કોમ. થઈ, પત્રકારત્વમાં થોડાંક વરસ કામ કરી, હમણાં યુસિસ(યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ)માં કામ કરે છે. વાર્તા, નવલકથા, એકાંકી—બધા પર હથોટી ધરાવે છે. નવો વાર્તાસંગ્રહ 'તેજ અને તિમિર' પ્રગટ થવામાં છે.

કિશનસિંહ ચાવડા : 'જિપ્સીની આંખે' નામની સત્યઘટનાત્મક માળા 'સંસ્કૃતિ' માસિકમાં 'જિપ્સી' નામે આપે છે. વડોદરામાં ચેતના પ્રેસ ચલાવે છે. એક વાર્તાસંગ્રહ 'કુમકુમ' પ્રસિદ્ધ થયેલો છે.

પન્નાલાલ પટેલ : નવલકથાકાર, વાર્તાકાર. હમણાં સોનગઢ પાસે અમરગઢ (જીંથરી) ક્ષયનિવારણ હોસ્પીટલમાં સારવાર લીએ છે. આ વાર્તાને ગુજરાતની ઉત્તમ વાર્તાઓની હરીફાઈમાં ઇનામ મળ્યું હતું.

ઈશ્વર પેટલીકર : નવલકથાકાર, વાર્તાકાર. 'પાટીદાર'ના તંત્રી. આ વાર્તાને ગુજરાતની સર્વોત્તમ અને હિંદની એક ઉત્તમ વાર્તા તરીકે ઇનામ મળ્યાં હતાં.

જયંત ખત્રી : કચ્છમાં ડોકટર છે. 'ફોરાં' વાર્તાસંગ્રહ પ્રગટ થયેલો છે.

જયન્તિ દલાલ : એકાંકી, રેડિયો-એકાંકી, વાર્તા, નવલકથા, નિબંધ, અનુવાદો—બધા પ્રકારોમાં એમને રસ છે. 'રેખા' અને 'જતિ' ચલાવતા. હમણાં 'એકાંકી'ના જોડિયા તંત્રી છે. અમદાવાદમાં 'વસંત' પ્રેસ ચલાવે છે.

ધૂમકેતુ : વાર્તા, નવલકથા, જીવનચરિત, સંસ્કારપ્રચાર—આદિ વાઙ્મયપ્રવૃત્તિ કરતાં ટૂંકી વાર્તાના પંદરેક સંગ્રહો આપ્યા છે. ઉ. સાઠ વરસ. મૂળ નામ : ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ફરી કેમ ન પરણ્યો ?

રમણલાલ વ. દેસાઈ

[૧]

હું ફરી કેમ ન પરણ્યો એ પ્રશ્ન વારંવાર મારા મિત્રો પૂછે છે અને મારા દુશ્મનો પણ પૂછે છે—જો કે મારે દુશ્મનો નથી, પરંતુ સહજ પરિચયમાં પણ આ પ્રશ્ન પુછાય ત્યારે પ્રશ્ન પૂછનાર મને દુશ્મન સરખાં લાગે છે. જેવો સમય, તેવો એ પ્રશ્નનો જવાબ હું આપું છું. ફરી પરણનાર પુરુષની સ્ત્રીઓ મશ્કરી કરે છે, તેને ઉતારી પાડવા મથે છે, તેણે પુનર્લગ્ન કર્યું એમ પણ કહી તેને વગોવે છે. ઉચ્ચ કોમની સ્ત્રીઓમાં પુનર્લગ્નની છૂટ પ્રતિષ્ઠિત નથી. એ કારણે ફરી પરણનાર પુરુષ તરફ સ્ત્રીઓની કડક આંખ હોય એ સમજી શકાય એમ છે. હું સ્ત્રીઓના સરખા હક્કમાં માનું છું. જેને જેટલી વાર પરણવું હોય એટલી વાર તે ભલે પરણે. સ્ત્રી અને પુરુષ, ચિત્રપટમાં કામ કરતાં તારક–તારિકાઓને એ પ્રશ્ન મૂંઝવતો ન હોય તો પછી એ તારક–તારિકાને દેવ દેવી માની પૂજનાર જનતાએ શા માટે કશી લગ્ન–મૂંઝવણ અનુભવવી જોઈએ ?

હું ફરી નથી પરણ્યો એમાં જાણે મેં. કોઈ વીરશોભન કાર્ય કર્યું હોય એમ કદી કદી ભ્રમ સેવવામાં આવે છે. એવું કાંઈ જ નથી. કેટલીયે વાર ફરી પરણનાર પુરુષની વીરતા માનપત્ર માગી લે એવી હોય છે, એ શું હું નથી જાણતો? યૌવન ખંડિત થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તે સ્વાભાવિક રીતે જ અર્ધાંગ માગી લે છે, અને એ અર્ધાંગ મેળવી લેનાર વ્યક્તિ મહાપાપ કરે છે એમ માનવું કે કહેવું એ મોટામાં મોટી ભૂલ છે, અર્ધાંગ મેળવી લેવું એ કુદરતનો ક્રમ છે. યૌવન અડધા–પોણા વાર્ધક્ય સુધી પહોંચે છે એ કોઈ ન ભૂલે, અને યૌવન તૃપ્ત કરનાર સ્ત્રી કે પુરુષ પરણીને—ફરી પરણીને—પાપ કરે છે એમ માનવા કરતાં સમાજે કુદરતનું સત્ય સ્વીકારી લઈ પાપની સંખ્યા ઓછી કરવી એ જ વધારે સારો માર્ગ છે. ફરી પરણનાર સ્ત્રી કે પુરુષની હું નિંદા ન કરું.

તો પછી હું ફરી કેમ ન પરણ્યો ? પુનર્લગ્નની સ્ત્રી–પુરુષને હું છૂટ આપું છું. એનો અર્થ એવો નથી કે સહુને દ્વિતીય લગ્નની ફરજ પાડવી. મોટે ભાગે તો ફરજ પાડવાની જરૂર રહેતી જ નથી. મને પ્રશ્ન કરનાર—મારાં વખાણ કરનાર—ને ક્યાંથી ખબર હોય કે હું પોતે ફરી લગ્ન કરવાની તૈયારીમાં જ હતો ! એક નાનો સરખો અકસ્માત બની ગયો ન હોત તો આજે હું ફરી લગ્ન કરી ચૂક્યો હોત અને આ પ્રસંગની નોંધ કરવા હું પ્રેરાયો પણ ન હોત ! હું સાધુ નથી, યોગી નથી, અને સંયમી જિતેન્દ્રિય પુરુષ પણ નથી. સંભવ ઘટી ગયો છે, છતાં ભવિષ્યમાં હું ફરી પરણી બેસું તો કોઈએ આશ્ચર્ય પામવાની જરૂર નથી. હુંયે સામાન્ય માનવી છું—સામાન્ય માનવજાતની નિર્બળતાઓથી ભરેલો !

[૨]

ત્યારે હું ફરી કેમ ન પરણ્યો ? પ્રશ્ન હજી ઊભો જ છે. એ પ્રશ્નનો એકસામટો ઉત્તર આપી દઉં કે ફરીથી કોઈ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી અંગત બાબત ન પૂછે. કોઈની અંગત બાબતમાં રસ લેવો એ સજ્જનતાથી વિરુદ્ધ છે એમ વારંવાર કહેનાર સજ્જનો પણ એ પછી મારામાં રસ લેતા ઓછા થશે એવી આશા રાખું છું.

હું પરણ્યો હતો. મારી પત્નીનું નામ કુસુમ. અમે બંને લગ્ન-જીવનમાં બહુ સુખી હતાં. કુસુમનું સુખ એ મારું સુખ અને મારું સુખ એ કુસુમનું સુખ. લગ્ન પછીની ચાર-પાંચ રાત સતત ઉજાગરા કરનાર પતિપત્ની ઘણાં હશે. પરંતુ દિવસ, મહિના અને વર્ષો પણ વીતી જાય છતાં પ્રેમ અને રાત જેનાં ખૂટે જ નહીં એવાં અમારાં સરખાં પતિપત્ની કેટલાં હશે, એની મને ખબર નથી. અમે બંને એવાં પતિપત્ની હતાં. પરસ્પર મુખ જોવામાં, પરસ્પર કંઠ સાંભળવામાં, પરસ્પર વાતચીત કરવામાં, પરસ્પર સ્પર્શમાં અમારું જીવન વ્યતીત થતું હતું, અને એકબીજાનો સહેજ પણ વિયોગ અસહ્ય બની જતો હતો. અમે કામી હતાં ? અમે વિષયી હતાં ? જેને જે કહેવું હોય તે કહી શકે છે. એટલું ચોક્કસ કે હું તો કુસુમ વગર રહી શકતો ન હતો. એ ઘરમાં ફરતી હોય એટલું પણ મારે માટે બસ હતું. પરંતુ એ કોઈ કલબમાં જાય, સભામાં જાય, મિત્રને ત્યાં જાય ત્યારે હું અધીરો બની જતો. એનામાં શંકા ઉપજાવીને નહીં જ, પરંતુ એ મારાથી સહજ પણ અળગી રહે એ વિચાર જ મને વ્યગ્ર બનાવી દેતો. એ એક જાતની ઘેલછા કહેવાય. હું ઇચ્છું છું કે સર્વ પરિણીત સ્ત્રીપુરુષમાં એ ઘેલછા જાગૃત થાય. કુસુમ મારી આ ઘેલછા ઉપર હસતી પણ ખરી, મારી મશ્કરી પણ કરતી ખરી; પરંતુ એ જે કાંઈ કરે એ મને ગમતું. કલાપીની માફક હું પણ કુસુમને કહી શકું કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર તું કંઇ એ, કર તું કંઇએ !
વધુ તેથી બને મધુ શું કંઇએ !

આમ કુસુમનો સાથ મને—મારા જીવનને—મારા આનંદને ઉચ્ચ કક્ષાએ લઈ જતો હતો. સ્વર્ગ આ સ્થિતિ કરતાં વધારે આનંદમય સૃષ્ટિ ભાગ્યે જ રચી શકે.

કુસુમને એક મારો શોખ, અને બીજો પશુપક્ષીનો શોખ. મને તે જેમ સાંભળતી અને શણગારતી તેમ તે કોઈ માંદી ચકલી, તડકે તડફડતી ખિસકોલી, બાજથી ગભરાયલું કબૂતર કે બિલાડીની તરાપમાંથી બચેલા પોપટને સંભાળતી અને શણગારતી. પોપટ તો અમારા ઘરનું એક કાયમી અંગ બની ગયો. બિલાડીની તરાપથી થરથરી ઊઠેલો, સંકોચાઈ શૂન્ય બની ગયેલો પોપટ કુસુમે પકડી લીધો, તેને માટે પાંજરું મંગાવ્યું અને તેને મીંજ તથા મરચાંનો ખોરાક પણ આપ્યો. અમારા પ્રિય સૂવાના ખંડમાં એ પાંજરું લટકાવવામાં આવ્યું અને કુસુમે પક્ષીસૃષ્ટિમાં માનવવાણીનો પ્રવેશ કરાવવા પોપટને બોલતાં શીખવવા માંડ્યું. પોપટની મગજશક્તિ ઊંચા પ્રકારની હોય એમ લાગ્યું નહીં. સહેલા સહેલા શબ્દો શીખવવાનો કુસુમનો પ્રયોગ સફળ થયો લાગ્યો નહીં એટલે મેં કુસુમને કહ્યું :

'આ તારો શિષ્ય તને કાંઈ યશ અપાવે એમ લાગતું નથી.'

'એ જ સારું છે. એક પાસ તું બોલબોલ કર્યા કરે અને બીજી પાસ આ પક્ષી....'

'તો—'

'તો પછી મારી સ્થિતિ શી થાય ?' કુસુમે મને જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તું કાંઈ બોલતી જ નહીં હોય જાણે !' મેં કહ્યું.

કુસુમ જરાય ઓછું બોલતી નહીં, અને એ ઓછું બોલે તો મને ગમે પણ નહીં. એનો શબ્દટહૂકો મારી ભણકાર-મૂર્તિ બની ગયો હતો,—જેમ એનો દેહ મારી સ્મરણમૂર્તિ બની ગયો હતો તેમ. ઘણી વાર મને વિચાર આવ્યો હતો કે હું જીવું છું જ કુસુમમાં ! એ મારી પાસે ન હોય ત્યારે આખું વિશ્વ મને ખાલી ખાલી લાગતું. એ હોય ત્યારે મારા વિશ્વમાં મારે બીજું કશું મેળવવાનું જાણે કાંઈ રહેતું જ નહીં. મારી ઘેલછા પણ દિવસે દિવસે વધતી જતી હતી. કદી રાત્રે વાતોએ ચઢ્યાં હોઈએ અને પ્રભાત વીતી ગયા છતાં કુસુમ જાગ્રત થઈ ન હોય તો પણ મને ફાવે નહીં. એના વગર હું રહી પણ કેમ શકું ? મન પાછું પડે છતાં હું સૂતેલી કુસુમ પાસે જઈ તેને જગાડતો. સૌન્દર્ય સૂતું હોય એને કર્કશતાથી કેમ જગાડાય ? સાક્ષાત્ કોમળતા પોઢી હોય તેને કઠિન સ્પર્શથી કેમ જગાડી શકાય ? મૃદુમાં મૃદુ સ્પર્શ કરી, મૃદુમાં મૃદુ વાણીઉચ્ચાર શોધી કાઢી હું તેને કહેતો :

'કુસુમ ! સવાર થયું, જાગવું નથી ?'

તેના રેશમી વાળને, કુસુમિત લલાટને નહીં જેવો સ્પર્શ કરતો, જગાડતાં બીતો અને છતાં એ જાગી જાય એમ ઇચ્છતો હું, જ્યારે તેની હીરા સરખી આંખ ખૂલતી ત્યારે મારો રિદ્ધિસિદ્ધિનો ભંડાર ખૂલી ગયો હોય એમ રાજી થતો. એની આંખ ખૂલતી, મારું મુખ સ્મિત કરતું અને કુસુમ પણ હસીને બોલતી :

'કોઈક દિવસ તો જંપીને સૂવા દે ?'

'તો પછી હું ચા ક્યારે પીઉં ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પી લેવી હતી !'

'તને મૂકીને ? એ કેમ બને ?'

કોઈ વાર પ્રભાતની ઠંડીમાં હું પણ સૂર્યોદયને ન ગણકારતાં સૂઈ રહેતો. કુસુમ વહેલી ઊઠતી ત્યારે એ પણ મને આમ જ જાગૃત કરતી. એનો સ્પર્શ તો કુમળો હોય જ. કુમળાશમાં વિદ્યુત હોય એ હું કુસુમના કુમળા સ્પર્શથી જ સમજી શક્યો હતો. એ પણ મને જગાડતાં કહેતી :

'અરુણ ! સવાર થયું. જાગવું નથી ?'

હું તેની સાથે જરાય દલીલ કર્યા વગર જાગી જતો.

એક પ્રભાતે કુસુમ જાગી નહીં અને હું તેને જગાડવા માટે ગયો. ખંડમાં હું પગ મૂકું છું અને વગર બોલ્યે મારા જ સરખો ઉદ્ગાર થતો મેં સાંભળ્યો—

'કુસુમ ! કુસુમ !'

મેં ચમકીને જોયું તો પિંજરામાં રહ્યો રહ્યો પોપટ મારા ઉચ્ચારણના ચાળા પાડી રહ્યો હતો :

'કુસુમ ! કુસુમ ! સવાર થયું....'

હું પોપટની સામે જોઈ રહ્યો. મને આ બુદ્ધિહીન પક્ષીની અનુકરણશક્તિ માટે માન ઉત્પન્ન થયું. આવા પક્ષીની પાસે ગુનાની કે પ્રેમની વાત કરવામાં જોખમ રહેલું મને દેખાયું, એની હાજરીમાં પ્રેમબોલ બોલવા એ આપણી મશ્કરી નોતરવા સરખું લાગ્યું.

'કુસુમ ! જાગવું નથી ?' પોપટ બોલ્યો.

'હું કેમ જાગું ? તું મને અડકીને તો જગાડતો નથી....' કુસુમે મીંચેલી આંખ અર્ધી ખુલ્લી કરી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ હું તને જગાડતો જ નથી. તારો પોપટ ક્યારનો તને જગાડી રહ્યો છે.' મેં સહજ હસતાં કહ્યું.

હસતે હસતે કુસુમ પણ બેઠી થઈ, અને તેણે કહ્યું :

'જો, આ મારો શિષ્ય કેટલું બધું ભણ્યો ?... તને ખબર નથી, પણ કેટલાયે દિવસથી એ તારું નામ ઉચ્ચારે છે...બોલો શુકદેવ !...અરુણ ! સવાર થયું. જાગવું નથી ?'

'અરુણ ! અરુણ !...જાગવું નથી ? સવાર થયું !' પોપટ બોલી ઊઠ્યો અને મને ખૂબ હસવું આવ્યું.

[૩]

કેટલાંક વર્ષો વીત્યાં. દુઃખનું મને જરાય ભાન થતું નહીં. દુઃખ માનવીને ન જ હોય એમ તો બને નહીં. પરંતુ જે નાનાં-મોટાં દુઃખ આર્થિક અનાર્થિક માથે પડ્યાં એ સઘળાં કુસુમના મુખ સામે નિહાળતાં અલોપ થઈ જતાં અને હું સુખી જીવન અનુભવી રહ્યો. મને જીવવું બહુ ગમતું. આ રીતે જીવન વહ્યું જતું હોય તો જીવનને દુઃખમય ગણતી ગણાવતી ફિલસૂફી અધૂરી જ ગણાય.

પરંતુ અધૂરા માનવીનું જીવન, એની ફિલસૂફી અને એનું સુખ અધૂરાં જ છે એમાં સંશય પણ ન ઊપજે એવું વજ્રપાત સરખું દુઃખ મારે માથે આવી પડ્યું. વિધાતા કોઈ પણ માનવીના લલાટે પૂર્ણ સુખ ક્યારે લખે છે ? માનવદુઃખમાં આનંદના અગમ્યે કુસુમને મારી પાસેથી છીનવી લીધી અને તે સાથે મારું સુખ સમેટાઈ ગયું. કુસુમનો કદી સ્વર્ગવાસ થાય એવી કલ્પના પણ મેં કરેલી નહીં. પરંતુ મને એકલો છોડી એ સ્વર્ગે ગઈ. સ્વર્ગ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ વધારે મીઠા, વધારે કુમળા, વધારે સૌન્દર્યભર્યા જગતમાં એ જવી જોઈએ. જ્યાં ગઈ હોય ત્યાં, મારી પાસેથી તો એ ગઈ જ. મેં માથું ફૂટ્યું કે હૈયું ફૂટ્યું એની વિગતમાં હું આજ નહીં ઊતરું. એ પાછી આ જગતમાં આવે તો સામે પલ્લે હું મારો પ્રાણ પણ મૂકવા સતત તત્પર હતો. પરંતુ આત્મઘાત કરવાથી કુસુમ પાછી મળે એવો સંભવ હતો નહીં એમ મારું ગણતરીબાજ હૃદય કહી રહ્યું, અને કુસુમને જતી કરી હું જીવતો રહ્યો. મારાં આંસુ અને રુદન પણ ઘટી ગયાં. દિવસો વીતે છે તેમ દુઃખના ઘાવ પણ જડ અને સહ્ય બનતા જાય છે. નહીં તો કુસુમ વગર હું જીવતો પણ કેમ રહું ? મિત્રો, સગાંસંબંધીઓ, શુભેચ્છકો સહુએ મારું દુઃખ હળવું કરવા બનતા પ્રયાસો કર્યા અને એક મિત્રે તો ઉષા નામની એક સૌન્દર્યભરી યુવતી સાથે મારો પરિચય પણ કરાવ્યો અને એ પરિચય વધારવાના પ્રસંગો પણ ઊભા કર્યા. ઉષા મને ગમે એવી યુવતી હતી. પરંતુ એના પરિચયમાં, મિત્રો એને કુસુમના સ્થાને લાવવા પ્રયત્ન કરતા હશે એવી મને કલ્પના પણ આવી નહોતી. ત્યારે પણ સુંદર સ્ત્રીઓ મને ગમતી. એ ન હતી ત્યારે પણ સુંદર સ્ત્રીઓ પ્રત્યે મને અણગમો લાગવાનું કારણ ન હતું.

એક દિવસે પ્રભાતમાં હું ઊઠ્યો. કુસુમ વગરનું જીવન ખાલી તો હતું જ. પરંતુ કુસુમના સ્વર્ગવાસ પછી કુસુમના જ શબ્દોમાં મને જાગૃત કરતો પોપટ પણ આજ બોલતો સંભળાયો નહીં. પોપટ રોજ સવારમાં બોલતો :

'કુસુમ....કુસુમ....બોલો શુકદેવ ?....અરુણ ! જાગવું નથી !.... સવાર થયું !' કુસુમનું નામ સાંભળી અને એના જ સંબોધન–ઉદ્‌ગાર સાંભળી હું નિત્ય જાગતો. આખી દુનિયા હવે પ્રયત્ન કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી હતી કે હું કુસુમને—કુસુમના નામને વિસરી જાઉં. કુસુમની વાત પણ હવે કોઈ ભાગ્યે જ કરતું. એમાં મારું દુઃખ હળવું કરવાની સહુની પરોપકારી ભાવના હું ન સમજું એમ તો કેમ કહેવાય ? પરંતુ કુસુમને ભૂલવી એ મારાથી કેમ બને ? જેના સહવાસમાં મેં પૂર્ણ સુખનો અનુભવ લીધો એની ગેરહાજરીમાં એને મારે યાદ પણ ન કરવી એ કેટલી ક્રૂરતા કહેવાય ? અને પોપટ તો રોજ મને કુસુમની યાદ પ્રભાતમાં જ આપ્યે જતો હતો. એની યાદમાં જાગૃત થવું એ પણ મને હવે ગમતું. મને એ સાંભળી, ઊઠવાની ટેવ પડી ગઈ.

પરંતુ એ પ્રભાતે પોપટે મને ઉઠાડ્યો નહીં અને હું એમ ને એમ જાગી ગયો. બિચારો પોપટ માંદો તો નહીં પડ્યો હોય ? મેં ઊઠી પાંજરા તરફ નજર કરી. પાંજરાનું બારણું ઊઘડી ગયું હતું અને પાંજરામાં પોપટ પણ ન હતો !

મેં આખા ઘરમાં તપાસ કરી. માણસોને ધમકાવ્યા. પણ કોઈએ કહ્યું નહીં કે પાંજરાનું બારણું ઊઘડી કેમ ગયું અને પોપટ ઊડી શી રીતે ગયો ? પાસેના ઘરમાં ઊડીને એ ભરાઈ ગયો હોય કે કોઈ ઝાડની ડાળ ઉપર તે હજી બેઠો હોય તો તેને પાછો બોલાવવાનો પ્રયત્ન કરવા હું ઘરની અગાશીએ ચઢ્યો. અગાશીમાં પોપટનાં બે ત્રણ પીંછાં પડેલાં મેં જોયાં અને મારા હૃદયે ધબકારા સાથે મને કહ્યું કે જે બિલાડીથી કુસુમે તેને બચાવ્યો હતો તે જ બિલાડી તેને ઉપાડી ગઈ. કુસુમ સાથે મને જોડી રાખતો એ તાર હવે તૂટી ગયો. મારા કરતાં એ પોપટ કુસુમને વધારે ચાહતો હશે ! મારા કરતાં કુસુમ પાસે એ વધારે વહેલો પહોંચી ગયો ! માનવીની માફક પશુપક્ષીના પણ આત્મા હોય તો....આ અમારો શુકદેવ કુસુમના આત્માને આજ નીરખી રહ્યો હોય ! અને હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હવે માત્ર કુસુમની છબી જોતો બની ગયો....અને છબી ન જોતો હોઉં ત્યારે કુસુમની યાદ કુસુમને ઝાંખી અને ઝાંખી બનાવતી ચાલી!

માનવહૃદય સરખું ક્રૂર યન્ત્ર બીજું એકે નથી. માનવદેહ સરખો કૃતઘ્ની બીજો દેહ નથી. હું નિત્યવ્યવહારમાં પડતો, મારું કામકાજ કરતો, વર્તમાનપત્રો અને પુસ્તકો વાંચતો, મિત્રોને મળતો, હસતો, આનંદ કરતો અને ઉષાનો પરિચય મેળવતો પણ ખરો. હું કુસુમને ભૂલી ગયો હતો એમ તો હું ન જ કહું. એ મને યાદ આવ્યા જ કરતી હતી. પરંતુ એ યાદ કેમ ઝાંખી અને ઝાંખી બનતી જતી હતી? અને ઉષાને મળવામાં મારો ઉત્સાહ કેમ વધારે અને વધારે તેજ બન્યે જતો હતો? ઘણીવાર તો કુસુમ યાદ આવતી ત્યારે હું ઉષાને ખોળી મારા મનના જખમને મલમ ચોપડતો હોઉં એમ મને લાગતું. સ્મશાન સરખું ખાવા ધાતું મારું ઘર મને એકલાને કોઈ અગમ્ય ભારથી કચરી નાખવા મથતું હોય એમ મને લાગતું. હું મિત્રોને બોલાવતો ત્યારે ઘરનો ભાર ઓછો થઈ જતો. તેમાં પણ જ્યારે ઉષા આવતી ત્યારે ઘર ફૂલ સરખું હળવું અને મઘમઘતું બની જતું. હું બહુ કંટાળતો ત્યારે સિનેમા–ચિત્રો જોવા જતો અને બને ત્યાંસુધી ચિત્રો જોવા ઉષાને હું ખેંચી જતો.

કદી કદી ઉષા એકલી આવીને મારી ખબર પૂછી જતી. મારા ઘરની અવ્યવસ્થા નિહાળી કદી હસતી, કદી નિઃશ્વાસ નાખતી અને અવ્યવસ્થાને પલટી નાખી પ્રમાણભરી સુંદર રચના કરતી. કુસુમની છબી ઘણુંખરું મારી સામે જ પડી હોય. પરંતુ ઉષા મારા હૃદયનું દુઃખ વિચારી કુસુમની આછી સરખી પણ વાત ઉચ્ચારતી નહીં. ઉષામાં ડહાપણ હતું, વિવેક હતો, સહાનુભૂતિ હતી, અને મને સુખી કરવાની તમન્ના પણ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનામાં ભણતર હતું, ચબરાકી હતી, સ્ફૂર્તિ હતી અને....અને રૂપ પણ હતું એની મને ક્યાંથી સમજણ પડી ? કુસુમ જેવું રૂપ તેનું નહીં હોય....પણ બધાં રૂપ કાંઈ એકસરખાં બીબાં તો ન જ હોય ને ? ઉષાના વાળ તો કુસુમ સરખા જ વાંકડિયા હતા, અને કદી કદી એના કંઠમાં કુસુમનો કંઠ જીવતો જાણે ન થતો હોય એમ મને ભણકાર લાગતો. મહિને એકવાર ઉષાને મળી શરૂઆતમાં હું મારું મન હળવું કરતો. એમાંથી અમારાં મિલન પખવાડિક, અઠવાડિક અને અંતે રોજિંદાં બની ગયાં. પછી તો કદી એ મારી છબી પાડતી, હું ઉષાની છબી પાડતો અને એક બે વાર તો અમે હસતાં, શરમાતાં નકામી સાથે સાથે જ છબી પડાવી ! કુસુમ યાદ આવ્યાં કરતી હતી. પરંતુ ઉષામાં એ જ કુસુમ આવીને ઊઘડતી ન હોય એમ વારંવાર મને ભાસ થતો. ઘણીવાર ઉષાનું સંબોધન જાણે કુસુમના સંબોધનનો પડઘો જ બની જતું અને મારા મને તો માનવા જ માંડયું કે કુસુમ ઉષાનું અંગ ધારણ કરી સ્વર્ગ-માંથી મારું દુઃખ હળવું કરવા પૃથ્વી ઉપર આવી હતી. સૃષ્ટિની આખી રચના જ મન ઉપર થાય છે ને ? મન કહેતું હોય કે ઉષા એ કુસુમનું જ સ્વરૂપ છે તો પછી એમાં વાંધો ક્યાં આવે ?

ઉષાના પરિચયમાં મને મૂકનાર મારા મિત્રે એક દિવસ મને કહ્યું:

'હવે ક્યાં સુધી આ વેશ ભજવવો છે ? સીધો સીધો પરણી જા ને !'

'મને કહે છે, તું ? હું પરણી જાઉં ? કોની સાથે ?' મેં જરા ચમકવાનો દેખાવ કરી સામે પ્રશ્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રહેવા દે તારી કાલાશ ! લોકોએ માની જ લીધું છે કે તમે બન્ને પરણી ચૂક્યાં છો. હવે જાહેર કરવામાં અડચણ શી છે?'

'પણ તું કોની વાત કરે છે ? મારે કોની સાથે પરણવું ? શા માટે ?' મેં જરા ઉગ્રતાથી કહ્યું. ફરી પરણનાર, 'પરણવાની નિર્બળતાથી પર રહેવાનો સ્વાંગ લાંબા સમય સુધી ભજવે છે, અને પોતાના પુનર્લગ્નમાં બીજાઓનો આગ્રહ અને અન્ય ઉપરના પરોપકારની ભાવનાને જ જવાબદાર ગણવા મથે છે.

'હું તારી વાત કરું છું. તારે ઉષા સાથે પરણવું....અને કુદરતે દુઃખ તારા ઉપર નાખ્યું એ હું સમજી શકું છું. પરંતુ એ દુઃખને પંપાળવાને બદલે હળવું બનાવી શકાતું હોય તો પરણવામાં હરકત શી છે ? તારી તે ઉંમર કેટલી ?'

લગ્ન માટે કોઈ પણ વય મોટી ગણાવી ન જોઈએ. ઉષાનું મને આકર્ષણ હતું એ હું કબૂલ કરું છું. પરંતુ આમ લગ્નનો મને કદી વિચાર આવેલો નહીં. પરોપકારી મિત્રો અને શુભેચ્છક સ્વજનો વગર અસ્પષ્ટ રહેતાં માનસ-સંચલનોને બીજું કોણ વધારે સ્પષ્ટ કરી આપે ?

'તું મારો અને કુસુમનો પ્રેમ....' હું મારા પ્રામાણિક પ્રેમની છાપ મિત્રના હૃદય ઉપર પાડવા ગયો. પરંતુ એણે તો મને વચમાંથી જ અટકાવીને કહ્યું:

'તારો અને કુસુમનો પરસ્પર પ્રેમ હું નહીં સમજી શકું તો બીજું કોણ સમજી શકશે ? પણ યાદ રાખ—કુસુમ પોતે જ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંજોગોમાં અકસ્માત્ હાજર થાય તો તને ઉષા સાથે પરણાવ્યા વગર ન જ રહે.'

મને શું એની વાત ગમતી હતી માટે હું એ લંબાવતો હતો ? અંતે મેં કહ્યું:

'હું વિચાર કરી જોઈશ.'

લગ્ન માટે હું હજી નિર્લેપ છું એમ ઠસાવવા હું મથતો હતો. મારા કરતાં મારો મિત્ર વધારે મજબૂત મનનો લાગ્યો. એણે તો કહ્યું જ:

'હવે વિચાર કરવા રહીશ નહીં. કાલે જ ઉષાને લઈ ફરવા જા...અને ચોખ્ખી વાત કરી લે. ઉષા તારી સાથે લગ્ન કરવાની કદી ના ન પાડે એની હું ખાતરી આપું છું.'

[૪]

એ જ રાત્રે મને એક અહ્‌લાદક સ્વપ્ન આવ્યું. આમ તો કુસુમ વારંવાર મારા સ્વપ્નમાં આવ્યા કરતી હતી...જો કે હમણાં હમણાં એણે મારી સ્વપ્નસૃષ્ટિમાં આવવું ઓછું કરી નાખ્યું હતું. પરંતુ આજની રાત્રે તો મેં સ્પષ્ટ રીતે એ જ કુસુમને મારી પાસે બેઠેલી નિહાળી. મેં સ્વપ્નમાં તેને પૂછ્યું:

'આજ બહુ દિવસે તું મારી પાસે આવી ?'

'જાણી જોઈને હું નહોતી આવતી. પરંતુ તારા જેવી પ્રેમહઠ બીજા કોની હોય ? તારા જેવો પ્રેમી ભાગ્યે જ બીજો હશે !' કુસુમે કહ્યું.

મને સાચા પ્રેમી તરીકેનું આવું ભારે પ્રમાણપત્ર મળવાથી હું બહુ રાજી થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો બોલ ! હવે તું રોજ રાત્રે મારા સ્વપ્નમાં આવીશ ને ?' મેં પૂછ્યું.

'ના, સ્વપ્નમાં નહીં. જાગ્રતિમાં હું સતત તારી પાસે રહીશ....'

'એમ ? તું ફરી સ્વદેહે....'

'સ્વદેહે નહીં, ઉષાદેહે; કેવો મૂર્ખ છે તું ? હજી એવો ને એવો જ બાળક જેવો રહ્યો ! જોતો નથી હું ક્યારની ઉષાના દેહમાં તને મળ્યા કરું છું તે ? સમજતો કેમ નથી ?' કુસુમે મને ધમકાવીને કહ્યું.

'ત્યારે....મારી ધારણા ખરી પડી એમ ? તું જ મને ઉષામાં દેખાયા કરે છે એ સાચું, નહીં ?' મેં આનંદપૂર્વક પ્રશ્ન કર્યો.

'એ જ સાચું. પકડી લે ઉષાનો હાથ....રખે વાર કરતો....' કહી કુસુમ ઊઠી ગઈ અને મારું સ્વપ્ન પણ ઊડી ગયું. જાગી ઊઠ્યો. કુસુમને નિહાળવા મેં મારી આંખને ખેંચી પણ એ સ્વપ્નસુંદરી જાગ્રતિમાં ક્યાંથી આવે ?

એ શું કહી ગઈ મને ? સ્વપ્નમાં ઘણાં સત્યો પ્રગટ થાય છે ! સ્વપ્ન એ સાચા જીવનનો પડછાયો અને પડઘો બની રહે છે ! મૃત–આત્મા એ ઘણી વાર સ્વપ્નમાં જ સાચા સંદેશ આપી જાય છે ! આત્મા હશે ? ન હોય તો સ્વપ્નમાં પણ મૃત દેહ જીવંત સરખો કેમ દેખાય ? કુસુમ સરખી પરમ પ્રેમાળ પત્નીનું કથન સ્વીકારવામાં આનાકાની કરનાર હું કોણ ?

એકાએક પલંગ ઉપરથી ઊઠી મેં ફોન હાથમાં લીધો અને ગમતા અંક સાથે જોડ્યો. થોડીવાર ઘંટડી વાગ્યા કરી, અને સામે અણદીઠ છેડેથી ટહુકો આવ્યો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હલો !'

'હલો ! હલો ! ઉષા છે ને ? એ તો હું અરુણ !' મેં કહ્યું.

'અરુણ ? અત્યારે ? આ પાછલી રાતે ફોન શો ? તબિયત તો સારી છે ને ?'

'હા, ઉષા ! મારાથી રહેવાયું નહીં. કાંઈ કહેવું છે.'

'કાલે ન કહેવાત ?'

'કહીશ તો કાલે જ. પણ જો....સવારમાં મારી સાથે ચા લેજે. પછી આપણે બન્ને બગીચામાં જઈશું....'

'જ્યાં તું મને કાંઈક કહીશ: ખરું ?'

'હા.'

'બગીચા વગર કહેવાય એમ નથી ?' ઉષા બોલી.

'ના. બગીચો પણ જોઈએ....અને બગીચામાં એકાંત પણ જોઈએ.'

'સમજી ગઈ તારે શું કહેવાનું છે તે ! હવે શાન્તિથી જરા સૂઈ જા.' કહી સહજ છણકાતું હસી ઉષાએ ફોન બંધ કર્યો. મારે વધારે લાંબી વાત કરવી હતી. પરંતુ તે મેં મુલતવી રાખી.

સવારમાં વખતસર ઉષા આવી પહોંચી. એના અને મારા બન્નેના હૃદયમાં ભારે ઉત્સાહ ભર્યો હતો એમ અમને પરસ્પર લાગ્યું પણ ખરું. ચા પીતે પીતે અમે ખૂબ વાતો કરી. બાગમાં જતી વખતે ચૂપકીથી એક સુંદર વીંટી મેં મારા ખિસ્સામાં નાખી લીધી. બાગમાં પહોંચી અમે એક શીતળ, શાન્ત, એકાન્ત શોધી કાઢ્યું, અને અમે બન્ને બહુ જ પાસે....લગભગ એકબીજાંને અડીને બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવાર સુધી અમારામાંથી કોઈ કાંઈ બોલ્યું નહીં. કેટલીક ક્ષણો એવી હોય છે જે વાણીથી કલુષિત ન કરવી જોઈએ.

'હવે કેમ બોલતો નથી, અરુણ? મને રાત્રે ઊંઘમાંથી જગાડવા જેવું શું તારે મને કહેવાનું છે?' કેટલીક વારે ઉષાએ બોલવાની પહેલ કરી.

મારું હૃદય પણ ગંભીર બની ગયું હતું. ભારે નિશ્ચયો સુખદ હોય તોય તે માનવીને ગંભીર બનાવી દે છે.

'તું વગર બોલ્યે ઘણું ઘણું સમજી શકે એમ છે....' મેં કહ્યું.

'હું તો ઘણુંયે સમજું છું. પણ તને ક્યાં સમજાવતાં આવડે છે? આવડતું હોત તો આજ સુધી આમ....' વાક્ય અધૂરું રાખી જરા શરમાઈ ઉષાએ ઊઘડી ગયેલા મસ્તક ઉપર સાડીનો છેડો ઢાંક્યો.

'વગર બોલ્યે સમજી જવાય એવી વાતને બોલમાં સમજાવવી પડશે?' મેં વાતાવરણને પ્રિય બનાવતા શબ્દો ઉચ્ચાર્યા.

'બોલ વગર સમજાવવાની ઘણીયે તક હતી...ફોન ઉપર.... રૂબરૂ નહીં તો....' ઉષા બોલી.

ફોન ઉપર ચુંબન થઈ શકે એ હું જાણતો હતો. છતાં મેં એ તક જતી કરી હતી એ વાત પણ સાચી. મેં કહ્યું:

'બોલ વગર સમજાવવાની એક સર્જનજૂની રીત છે, ઉષા!' કહી મેં વીંટી કાઢવા ખિસ્સામાં મારો હાથ નાખ્યો અને મારો હાથ, મારો દેહ અને મારું હૃદય એકાએક જડ, જાડાં પડી ગયાં! જાણે પક્ષાઘાતનો વજ્રપાત મારા દેહને ચીરી રહ્યો ન હોય! મારા મુખ ઉપર તેમ જ મારી આંખમાં પણ કશી ઓળખાઈ આવે એવી જડતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉષાને દેખાઈ હશે એટલે એણે જરા મારી સામે જોઇ મને ખભેથી સહજ હલાવી પૂછ્યું :

'અરુણ, શું થયું તને એકાએક ? કેમ આમ શૂન્ય સરખો બની રહ્યો છે ?'

'બોલ વગર મારું હૃદય તને સમજાવવા મથું છું....'

'મથીશ નહિ; સમજી ગઈ.' કહી તેણે મારે ખભે હાથ મૂક્યો.

'ઉષા, તું નથી સમજી હજી....તું જે કાંઈ સમજે છે એના કરતાં મારે તને જુદું જ સમજાવવાનું છે.'

'તો સમજાવ. વાર કેમ કરે છે ?'

મારું હૃદય ચાલતું ન હતું. મારી વાણી બંધ થઈ જતી હતી. 'મારું જીવન સુખી કરવા તું મથી રહી છે છતાં હું સુખી થવા સર્જાયલો પુરુષ જ નથી.'

'એટલે ?'

'હું અને તું પરણી નહીં શકીએ.'

'કારણ ? આટલે પહોંચ્યા પછી ?'

'કારણ એટલું જ કે....કુસુમનો આત્મા હજી મારી આસ-પાસ ....નહીં, મારા હૃદયમાં જીવંત રહ્યો છે....હું તને જીવંત સપત્નીની સ્થિતિએ ન જ મૂકું.'

'કુસુમ પ્રત્યેનો તારો ભાવ શું હું પરખી શકી નહીં હોઉં ?'

'ના. મારે મન હજી કુસુમ જીવંત છે.'

'શા ઉપરથી એમ લાગે છે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જો સાંભળ. તને તો એ પરિચય ન હોય....છતાં ધ્યાન દે.... આપણને છાયો આપતાં વૃક્ષ ઉપર એક પક્ષી શું બોલી રહ્યું છે?' મેં ઉષાને કહ્યું. ઉષાને માટે હું વીંટી કહાડવા જતો હતો તે જ ક્ષણે મેં મારા ઊડી ગયેલા પોપટના શબ્દો સાંભળ્યાઃ

'કુસુમ!....કુસુમ!....બોલો શુકદેવ!....અરુણ! જાગવું નથી?....સવાર થયું....' એ શબ્દોએ મને ચમકાવ્યો અને જડ બનાવ્યો હતો.

ફરી એના એ જ શબ્દો મેં સાંભળ્યા ...અને વધારામાં હવે ઉષાએ પણ એ શબ્દો સાંભળ્યા....અને એ શબ્દો સમજી પણ ખરી! જરા ક્રૂદ્ધ થઈ તેણે મને કહ્યું:

'કુસુમના ભૂતને હજી વળગવું હોય તો ભલે! તારી મરજી! હું જાણે!'

'પણ એ કુસુમનું ભૂત કદાચ તને જ વળગે તો?....ઘણી દ્વિતીય પત્નીઓને પ્રથમ પત્નીનાં ભૂત વળગતાં હતાં....તને આવાં જોખમમાં ન ઉતારાય.' મેં કહ્યું, અને વૃક્ષ ઉપરથી એક પક્ષી ઊડી અદ્રશ્ય થઈ ગયું. ઉષા ક્યારની મારી પાસેથી ખસી ગઈ હતી. સમજણી યુવતી મારાથી છૂટી પડી અને બહુ સારા યુવકની સાથે પરણી પણ ગઈ. કદી કદી એકલી મળે છે ત્યારે પોપટના શબ્દો યાદ કરી એ હસે છે:

'પછી એ પોપટ ફરી કાંઈ બોલ્યો કે નહીં?'

'ના. તે દિવસે બાગમાં સાંભળ્યા પછી એ દેખાયો જ નથી.' હું કહેતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નાહક જીવનને ખંડેર બનાવી દીધું ?' જરા દયા ખાઈને ઉષા બોલતી.

જીવન હજી ખંડેર જ રહ્યું છે. એ ખંડેરમાં કુસુમનો દેહ અને કુસુમનો કંઠ કદી કદી ફરકી જાય છે.

હું ફરી પરણ્યો નહીં....પછી મને ફરી પરણવાનો કોઈએ આગ્રહ પણ કર્યો નહીં....અને હવે કોઈનો કે મારો આગ્રહ હોય તોય ફરી પરણવા જેવડી મારી ઉમર રહી નથી....એમ યુવતી-ઓને તો લાગે જ ને ?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફટકો

કેતન મુનશી

કૃષ્ણજન્મ થઈ ચૂક્યો હતો.

રાતના નવ વાગ્યાના ભાવિક લોકો કથા સાંભળવા ભેગા થયા હતા. દોન દેવળમાંના રાધાકૃષ્ણના મંદિરના વૃદ્ધ પુરાણીજીએ ત્રણ કલાક સુધી એમની પુરાણી રગશિયા શૈલીમાં—અને હા, કેટલીકવાર એ રંગભરી પણ બની જતી—કથા સંભળાવી. ભાવિકો એને શ્રદ્ધાથી, અને કોઈક ઝોલાં ખાતાં, સાંભળી રહ્યા. અને એમ શ્રાવણ વદ આઠમનો દિવસ પૂરો થયો. બરાબર બાર વાગ્યે મંદિરમાં કૃષ્ણ-જન્મ થયો.

અત્યાર સુધીના શાંત વાતાવરણમાં જાણે અચાનક પલટો આવી ગયો. મંદિરમાં ડંકા બજ્યા અને આરતી થઈ. ગુલાલ ઊડયાં અને અબીલ ઊડયાં. દહીંનો તો જાણે વરસાદ વરસ્યો. લોકો આનંદમાં આવી ઘેલાની જેમ નાચવા મંડયા. કોઈને સમયનું ભાન ન રહ્યું, કશો સંકોચનું નામ ન રહ્યું.

અને ત્યારે ગિરગામની સબાજી લેનના ઘાટીઓની ટોળી નાચવા નીકળી પડી. મધરાતે નીકળેલા એ સરઘસનો દેખાવ જોવા જેવો હતો. ગંજીફરાક અને ટૂંકી ધોતી પહેરેલા એ ઘાટીઓનો પહેર-વેશ એનો એ જ રહ્યો હતો, માત્ર રંગ બદલાયો હતો. અને એ રંગ તે કેવો....બસ, દુનિયા જાય જહન્નમમેં, હમ તો નાચેંગે, ખેલેંગે, કૂદેંગે—એવો. સૌથી આગળ બબ્બેની હારમાં લેજીમ લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને ખખણાવતા, કસરત કરતા નાનકડા છોકરાઓ ચાલતા હતા. તેમની પાસે કિટ્સન લાઈટ લઈને એક માણસ ચાલતો હતો. તેની પાછળ બે જુવાનો લાઠીથી પટા ખેલી રહ્યા હતા. પછી હતા નાચનારા. ટોળીમાં સ્ત્રીઓ નહોતી પણ એક નાની વયના ઘાટીએ સ્ત્રીનો વેશ લીધો હતો એટલે ખોટ પૂરાઈ રહેતી. લેજીમ બજી રહ્યાં હતાં, લાઠીઓ વીંઝાતી હતી, નાચનારાના પગના ઘૂઘરા રણકી રહ્યા હતા.

ફટોફટ વીંઝાતી એ લાઠીઓ વચ્ચે ધોંડુનું મન ઝોલે ચડયું હતું. એના હાથ લાઠીના પટા ખેલી રહ્યા હતા. એનું મન લાઠીનો ઘા કરવાને તત્પર થઈ જતું હતું. ચાર વર્ષ પહેલાંની ગોકળ આઠમ તેને યાદ આવતી હતી. ત્યારે પોતે સુખી હતો, સંતોષી હતો, ઠીક કમાતો હતો, કાશી જોડે પરણવાનો હતો....કાશી ! રત્નાગિરીના એ રુકમાપુર ગામમાંના નાનકડા બાપીકા ખેતરમાં કામ કરવા આવતી કાશી....! વરસાદની મોસમમાં પોતે મુંબઈથી ગામ પહોંચી જતો. પહેલા વરસાદ પછી વાવણીનું કામ શરૂ થતું. ખુલ્લે વાંસે એ વરસતા વરસાદમાં તનતોડ મહેનત કરતો અને સાથે મહેનત કરતી કાશી. પવનનો એક ઝપાટો આવી જ્યારે એના સુંદર વાળને વિખેરી નાંખતો અને વરસાદનું એક ઝાપટું આવી એનાં વસ્ત્રો પલાળી જતું ત્યારે કાશી તુકારામને એની મહામૂલી પોથી પાછી આપવા તળાવમાંથી નીકળી આવેલી દેવી સરસ્વતી જેવી લાગતી. અને એમાં વધારો કરતો એનો સુંદર કંઠ,– 'ધોં....ડુ' નું એ ઉચ્ચારણ કેટલું મીઠું લાગતું ! કોણ જાણે ક્યાંથી વચ્ચે કેશવ આવી પડયો અને કાશીને ભરમાવીને ઉપાડી ગયો. નાનપણથી જેની સાથે રમ્યો હતો, જેને ઘરમાં બેસાડવાના મનોરથો ઘડયા હતા એ કાશીને કો'ક અજાણ્યો આવી આંખના પલકારામાં ભરમાવી ગયો. અને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેશવમાં એવું હતુંય શું ! નહોતો ચહેરો સુંદર કે નહોતું શરીર એવું બળવાન—અને ઘોંડુએ સામે લાઠી ખેલતા યુવાન તરફ એક નજર ફેંકી. સાચે, એનામાં કશું જ નહોતું; કાશી શું જોઈ ને એના પર મોહી હશે ? પૂરું લાઠી ફેરવતાંય નહોતું આવડતું. કેટલી ખરાબ રીતે લાઠી ફેરવતો હતો એ ! પટા ફેરવવામાં તો જો તે ધ્યાન ન રાખે તો સામા માણસની લાઠી તરત વાગી જાય અને માથામાં લાગે તો ખોપરી જ....

'માથામાં લાગે તો....' ઘોંડુ વિચારી રહ્યો. કેશવને સ્વધામ પહોંચાડવો એ કેટલી સહેલી વાત હતી ! આવી અણઘડ રીતે લાઠી ફેરવતા માણસના માથામાં એક ફટકો મારવો એ અઘરું કામ નહોતું અને એકવાર ફટકો લાગી જાય પછી કોઇ પૂછનાર પણ નહોતું. કેશવ પોતે ફરી પાછો ઊભો થવાનો નહોતો અને બીજા બધા તો સ્વાભાવિક રીતે આવું અકસ્માતથી થયું એમ જ માને. કોઈને સ્વપ્નેય ખ્યાલ ન આવે કે એણે આવું ઇરાદાપૂર્વક કર્યું હશે. આવા પ્રસંગે એવા અકસ્માતો તો કેટલાય બનતા હતા. હજી ગયે વરસે જ એક જણનો પગ ભાંગી ગયો હતો. ત્યારે કંઈ જેનો ફટકો વાગ્યો હતો તે માણસને બધાએ પકડયો નહોતો કે પોલીસને સોંપ્યો નહોતો; અરે, કોઇ બોલ્યું સરખુંય નહોતું. કેટલું સહેલું કામ હતું એ....!

ઘોંડુએ વળી પાછી એક નજર કેશવ તરફ ફેંકી અને તેની આંખમાં ખુન્નસ ઊભરાઈ આવ્યું. પણ એટલામાં તેને વિચાર આવ્યો: એમાં કેશવનો શો વાંક હતો ! એ કાંઈ થોડો જ જાણતો હતો કે પોતે કાશીને પરણવાના મનસૂબા ઘડી રહ્યો હતો ! અને ઘોંડુનું મન જરા પાછું પડયું. સાચે જ, કેશવને કશી ખબર નહોતી. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો અને કાશીનો સંબંધ જાણતો નહોતો, અને જાણતો હોત તો....

અને જાણતો હોત તો !....ઘોંડુ વિચારી રહ્યો. જાણતો હોત તોય શું એ પોતાના માર્ગમાંથી ખસી જાત ખરો ? અશક્ય. એને તો કોઈપણ હિસાબે કાશી જોઈતી હતી અને બીજો કોઈ કાશીને પરણવાનો હતો એમ જાણવાથી કાંઈ એ એને છોડી દેવાનો નહોતો. જરૂર પડે એનું ખૂન કરીનેય એ કાશીને મેળવત. એવા માણસ પર દયા બતાવવાનો કશો અર્થ નહોતો. એને તો પૂરો જ કરવો જોઈએ.

ઘોંડુના હાથ યંત્રવત લાઠી ફેરવી રહ્યા હતા. એણે સહેજ ઊંચું જોયું, અને એને કાને ઘૂઘરાનો રણકાર સંભળાયો. એણે સહેજ બાજુએ નજર કરી, એની નજર ' રાધા ' નો વેશ લીધેલ ઘાટી પર પડી. રાધા ! એની રાધા તો કાશી હતી—એ રાધા પર એ સઘળું કુરબાન કરવા તૈયાર હતો. એના સુખ માટે, એને આનંદમાં રાખવા, એ શું ન કરત ! પોતે એને સાચા પ્રેમથી ચાહતો હતો અને એ સુખી થાય માટે....પણ ઘોંડુની આ વિચારમાળા અડધેથી જ અટકી ગઈ. અચાનક તેને ખ્યાલ આવ્યો કે આ જ ઘડીએ, જેના સુખને માટે એ સર્વસ્વ કુરબાન કરી શકે એવું માનતો હતો, એ કાશીના જ પતિનું અને પ્રેમીનું કાસળ કાઢવાના વિચારો કરી રહ્યો હતો. જેમાં કાશીનું સૌભાગ્ય હતું, જેમાં કાશીનો આનંદ સમાયો હતો એનો જ નાશ કરી રહ્યો હતો. આ એની કુરબાની ! અને ઘોંડુના ફટકો મારવાને તલપાપડ થયેલા હાથ ઢીલા પડ્યા.

પણ...કાશી એ કુરબાનીને લાયક હતી ખરી ? એણેય પોતાને દગો દીધો હતો. નાનપણથી જે પોતાની સાથે રમેલી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને પરણવાનું જેણે વચન આપ્યું હતું એ કાશી પણ મન ફેરવી બેઠી અને બેવફા થઈ કોઈ બીજાને પરણી ગઈ. એ શું પોતાની કુરબાનીને યોગ્ય હતી? છી—એવી બેવફા સ્ત્રીનો પતિ મરે કે જીવે એમાં પોતાને શું? પોતાને તો વેર લેવું હતું, પોતાને થયેલા ભયંકર અન્યાયનું વેર....અને ઘોંડુએ પાછા હાથ સખત કર્યા.

ઝમઝમ લેજીમ બોલી રહ્યાં હતાં, ફટાફટ લાઠીઓ વીંઝાઈ રહી હતી, છમછમ ઘૂઘરા રણકી રહ્યા હતા. ટોળી ધીમેધીમે આગળ વધતી જતી હતી. હવે બધાંનો ઉત્સાહ જરા મોળો પડવા માંડ્યો હતો. કિટ્સન લાઈટમાં પણ ઘાસતેલ ખૂટવા આવ્યું હતું અને એનો પ્રકાશ જરા ફિક્કો પડવા માંડ્યો હતો.

એટલામાં ટોળીની આગળ લેજીમ લઈને ચાલતા નાની ઉંમરના છોકરાઓમાંથી એકનો પગ કચરાઈ ગયો, અને એણે મોટે ઘાંટે રડવા માંડ્યું. એનો રુદનનો અવાજ લેજીમના, લાઠીના અને ઘૂઘરાના અવાજ ભેદી ટોળીના બીજા છેડા સુધી પહોંચી ગયો અને એ અવાજે ઘોંડુની વિચારમાળા ફરી શરૂ કરી દીધી. ઘોંડુને કાશીની નાનકડી પુત્રીનો વિચાર આવ્યો. બે વર્ષનું કૂમળું બાળક! એનો શો વાંક, કે નાની વયમાં બાપ ગુમાવવા પડે! પોતાની નાની ઉંમરમાં બાપ ગુજરી ગયા હતા એટલે બાપ વગરનું જીવન કેટલું મુશ્કેલ હોય એનો પોતાને પૂરતો ખ્યાલ હતો. અને પોતે તો, ગમે તેટલી નાની ઉંમરનો તોય, છોકરો હતો. આ તો નાનકડી, બે વર્ષની છોકરી...કેટલી સરસ હતી એ! નામ શું એનું? સોનબાઈ...કેટલું સરસ નામ હતું! અને હજી તો કાશી હમણાં બેજીવી હતી એટલે મહિના બે મહિનામાં બીજું બાળક...એ બાળકોનો શો દોષ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની, કૂમળી વયમાં એમને...માબાપના દોષને ખાતર શું એમને...! ઘોંડુએ વળી પાછું પોતાનું મન ખાળ્યું.

ટોળીને નીકળ્યાને સારો એવો વખત થઈ ગયો હતો. રાત ઘણી વીતી ગઈ હતી. શરૂઆતનો ઉત્સાહ ઓસરી ગયો હતો. બધા જરા થાકવા આવ્યા હતા. ઘોંડુએ બીજા કોઈને લાઠી સોંપી પોતે જરા પાછળ નાચ જોવા જવાનો વિચાર કર્યો.

પણ—એટલામાં એના માથા પર લાઠીનો એક જબરદસ્ત ફટકો પડ્યો. એની ખોપરી ફાટી ગઈ. એણે એક લથડિયું ખાધું અને એ જમીન પર ગબડી પડ્યો. શહેરની ફૂટપાથ પર એના માથાનું લોહી વહી રહ્યું.

ટોળીના રંગમાં ભંગ પડ્યો. લેજીમ ફેરવનારા છોકરાઓ લેજીમ છોડી દોડી આવ્યા, નાચનારા નાચવાનું છોડી આગળ ધસી આવ્યા. ઘોંડુના દેહની આજુબાજુ ટોળું વળી ગયું, કોઇ પાણી લાવવા દોડ્યું તો કોઈક વળી ડૉક્ટરને બોલાવવા દોડ્યું. કિટ્સન લાઈટની ઝાંખી પડતી વાટને કોઇએ મોટી કરી એટલે બધે પ્રકાશ પથરાઈ રહ્યો. રસ્તા પર થતી ધમાલને લીધે આજુબાજુનાં ઘરોનાં બારીબારણાં પણ ખૂલી ગયાં અને લોકો ભેગા થવા માંડ્યા.

ત્યારે ટોળાથી જરાક દૂર, સહેજ અંધારામાં ઊભેલો કેશવ વિચારી રહ્યો હતો, કે આ ગણાવાનો તો અકસ્માત જ, એમાં કશો શક નહોતો અને પોતાને બીવાનું કોઈ કારણ નહોતું. પણ પોતાના એક વખતના હરીફનું—જેને હજીય પોતાની પત્ની કેટલીયે વાર અદેખાઈ ઉપજાવે એવી રીતે યાદ કર્યા કરતી હતી,—આ રીતે કાસળ કાઢવા બદલ એને હવે જરા પસ્તાવો થતો હતો ખરો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશનું સ્મિત

ગુલાબદાસ બ્રોકર

છેલ્લા થોડા સમયથી પ્રકાશના હૃદયને એક જ વિચાર કોરી ખાતો હતો. પોતે આ લેખનના વ્યવસાયને વધુ પડતું મહત્ત્વ આપી અર્થપ્રાપ્તિનાં અને સુખપ્રાપ્તિનાં બીજાં સાધનો તરફ જે બેદરકારી બતાવી હતી અને વર્ષો વેડફી નાખ્યાં હતાં તેમાં ભૂલ નહોતી કરી ? બનાવો પણ એવા બન્યા હતા કે એને સહેજે આવા વિચારો આવે. જેમ જેમ લેખનકલામાં એ વધુ નિપુણ થતો ગયો અને એને અંગે એની પ્રતિષ્ઠા પણ ઠીક ઠીક વધતી ચાલી તેમતેમ વધારે ને વધારે વિશાળ લેખકસમુદાયના પરિચયમાં એ આવતો ગયો, અને એમાં તેને હંમેશાં પ્રસન્નતાભર્યા જ અનુભવો ન થયા. જે સમુદાયમાં બીજા કોઈ પણ સમુદાય કરતાં વધારે ઉદારતા, વધારે માનવતા, વધારે ઝિંદાદિલીની અપેક્ષા રાખી શકાય—અને તેણે રાખી જ હતી—તે સમુદાયમાં સાંકડાં મન, માનપ્રાપ્તિ માટેની ક્ષુદ્ર લાલસા, તે મેળવવા માટેની નાની નાની ખટપટો, આપસ-આપસની ઈર્ષ્યા અને કટુતા વગેરે જોઈને તે તંગ આવી ગયો હતો. અપવાદરૂપ વ્યક્તિઓ તેમાં હતી—અલબત્ત, હોય જ—જેમને મળવું એ જીવનની એક ધન્યતા હતી અને જેમનો પ્રેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામવો એ એક અપૂર્વ લહાવો હતો, પણ એ તો અપવાદરૂપ જ હતું. બાકી તો......

પ્રકાશને એક તાજો જ પ્રસંગ યાદ આવ્યો. તેના એક મિત્રે એક પુસ્તકનું સંપાદન કર્યું હતું. તેમાં, દેખીતી રીતે જ, અમુક કૃતિઓ જ લઈ શકાય, અનેક છોડી દેવી પડે. જેની કૃતિ એ સંપાદનમાં નહોતી લઈ શકાઈ પણ છોડી દેવી પડી હતી એવા એક ભાઈએ એ સંપાદનમાં પોતાની કૃતિ સમાવવા માટે જે ધમપછાડા કર્યા હતા, અને તેમાં સફળ ન થતાં પ્રચાર અને પ્રહારના જે વિચિત્ર માર્ગનું અનુસરણ કર્યું હતું તે જોતાં પ્રકાશના ઓષ્ઠને હસવું આવતું હતું અને તેના હૃદયને રડવું આવતું હતું. તેમાંયે જ્યારે પેલા મિત્રે એ ભાઈના પ્રચાર અને પ્રહારથી નહિ એટલું પોતાના સંપાદનમાં એમની કૃતિ સમાવવાના એમના દયા ઊપજે એવા ધમપછાડથી વ્યથિત થઈ એમને કહ્યું:

‘ તમે મારી વિરુદ્ધ હો એનું મને દુઃખ નથી, પણ આવા પ્રયત્નોમાં લેખક તરીકેનું ગૌરવ અને સ્વત્વ તમે ગુમાવો છો એનું એક સહધર્મચારી તરીકે મને ખરેખર દુઃખ થાય છે.’ અને એના જવાબમાં એ લેખકબંધુએ કહ્યું કે ‘ મને એવા ગૌરવ કે સ્વત્વની કશી પડી નથી, ’ ત્યારે તો પ્રકાશને હૃદયમાં એક ઊંડો જખમ થાય અને જેટલી વ્યાધિ થાય તેટલી વ્યાધિ થઈ હતી. લેખકને, કે કોઈ પણ વ્યક્તિને, ગૌરવની કે સ્વત્વની ન પડી હોય તો બીજા શેની પડી હોય? જીવનમાં પછી કયા મૂલ્યની આરાધના કરવાની રહે?

પણ એમાંયે એ બિરાદર એકલા જ કયાં હતા? એ ગૌરવને અને સ્વત્વને અભરાઈએ ચડાવીને પોતાના પુસ્તકના ગુણદર્શી અવલોકન માટે ઝાંવાં નાખનાર લેખકબંધુઓના, તેમને મન બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈથી ન કળી શકાય એવા પરોક્ષ, પણ બાકી બધાંને મન તરત કળી જઈ શકાય એવા બાલિશ પ્રયત્નોને પણ એણે ક્યાં નહોતા જોયા ? ને તે પણ નવા નિશાળિયા જેવા સાહિત્યની દુનિયામાં પહેલાં પગલાં માંડનાર કોઈ જુવાન લેખકના જ માત્ર નહિ, પણ કીર્તિદેવીએ પ્રસન્ન બનીને જેના ઉપર ચારે હાથે પોતાના કળશ ઢોળ્યા હોય એવા વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ સાક્ષરમહાશયોના પણ એ જ જાતના પ્રયત્નો જોવાનું કમભાગ્ય એને પ્રાપ્ત થયું હતું. એટલેસ્તો પેલા બિરાદારે જ્યારે કહ્યું કે પોતાને ગૌરવની કે સ્વત્વની કશી પડી નહોતી ત્યારે પોતાને એકને માટે નહિ પણ એક આખા વર્ગના ગણનાપાત્ર વિભાગને માટે એણે એ વાક્ય ઉચ્ચાર્યું હોય—એનાથી અજાણતાંયે ઉચ્ચારાઈ ગયું હોય એમ પ્રકાશને લાગ્યું, અને તેથી તો તેના હૃદયને હમણાં હમણાં કોરી ખાતા વિચારની વેદના તીવ્રતર બની ગઈ. એ વેદનાનો બોજો સ્વજનને મળવાથી અને તેની સાથે વિચારોની આપલે કરવાથી કંઈક હળવો થશે ધારી પ્રકાશે કોટ-ટોપી પહેર્યાં અને પોતે જેમને જેટલા મોટા લેખક તેટલા જ મોટા માણસ પણ ગણતો હતો તે દવે સાહેબના ઘર ભણી જવા ઊપડયો.

રસ્તે પણ એના એ જ વિચારો એને ઘેરી રહ્યા. બીજા કોઈનું તો ગમે તેમ હોય પણ પોતે તો ભૂલ જ કરી હતી. પોતે એવો તે કયો શેક્‌સ્પિયર કે કાલિદાસ હતો કે તેણે કરેલા આ બધા ત્યાગને સહ્ય બનાવી સદીઓની સદીઓ સુધી તેના નામને અને કામને તેનાં સર્જનો સહૃદયોનાં હૃદયમાં જીવંત રાખી શકે ? પોતે તો આટલાં વર્ષો દરમિયાન બાપદાદાના ધીખતા ધંધા અને ધાપા તરફ બેદરકારી બતાવી પત્ની અને સ્વજનોનો અણગમો વહોર્યો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રવૃત્તિથી તેને જરૂર જ મળત એ દુનિયા આખી જોઈ શકે એવા લાભ, અને પોતાથી ભોગવી શકાય એવાં સુખસગવડને ગુમાવ્યાં હતાં, ને બદલામાં મેળવીનેયે જે મેળવ્યું હતું તે જે ગુમાવ્યું હતું તેનો બદલો વળી શકે એવું હતું ખરું ?... થોડી સારી ગણાતી વાર્તાઓ, કવિતાની સારી કહેવાય એવી થોડી લીટીઓ, ક્યાંક ક્યાંક વખણાઈ ગયેલ વિવેચનો, અમુક મિત્રોની ઇર્ષ્યા અને વિરોધીઓના અણગમા સમેતનો વિરોધ...! ને જે કંઈ મળ્યું હતું, જે કંઈ પોતાથી સારું લખાયું હતું તેનું, આયુષ્ય પણ કેટલું ? પોતાનાં આવાં સર્જનો પૂરી પૂરીનેયે કોના હૈયામાં હૂંફ પૂરે એમ હતાં, કોના જીવનને આશ્વાસનરૂપ થઈ પડે એમ હતાં ? પડી જ કોને હતી એ બધાની આ જમાનામાં ?

હવે સાહેબને ઘેરે પહોંચ્યો ત્યાં સુધીમાં તો પ્રકાશનો વિષાદ વળી વધારે તીવ્રતર બની ગયો. એટલે તો બીજી કશી વાતો કરવાને બદલે હવે સાહેબની સાથે તે આ ને આ વિષયની વાતમાં ઊતરી પડયો; અને હવે સાહેબનો લેખકોની દુનિયાનો અનુભવ પણ પોતાના જેવો જ છે એમ જાણતાં તો તેના બળતામાં ઘી હોમાયું. આ લેખકો ! આ ભાવનાની, આદર્શની, કલાની સૃષ્ટિના સૂત્રધારો ? એમનો સમાગમ મળે એટલા ખાતર......? ભાષણની હદ સુધી જ્યારે તેની વાત પહોંચી ગઈ ત્યારે તેની ભૂલ સુધારતા હોય તેમ હવે સાહેબે હસીને કહ્યું : 'એમાં જ તમારી ભૂલ છે, પ્રકાશ. શા માટે લેખકો બીજા કોઈ વ્યવસાયવાળાઓથી ઊંચી કક્ષાએ બેઠા છે એમ કોઈએ પણ માનવું જોઈએ ? વેપારી જેમ વેપાર કરે છે, વકીલ વકીલાત કરે છે કે વૈદ વૈદું કરે છે તેમ લેખક લખાણ કરે છે. તેથી જેમ પેલા કોઈને આપણે મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવાની ભૂલ નથી કરતા તેમ લેખકને પણ મહાન માની લેવાની ભૂલ શા માટે કરી બેસીએ ?' ને પછી હસીને ઉમેર્યું : 'મારે મન તો આખી વાત સ્પષ્ટ જ છે. લેખક એ માત્ર લેખક જ છે, બીજું કશું જ નહિ,' ને પછી ગંભીરતાથી: 'ને આપણે ક્યાં એમને માટે લખીએ છીએ ? એટલે આપણે તો આપણું કર્તવ્ય કર્યે રાખવું.'

કર્તવ્ય ખરું. પણ કોને માટે ? દસ વર્ષે એક હજાર, એટલે કે વર્ષે ચોપડીઓની સો નકલો પણ ન વસાવવા ઇચ્છનાર "સાહિત્યરસિક જનતા" માટે? પ્રકાશને મનમાં ને મનમાં હસવું આવ્યું. કશું સમાધાન મેળવ્યા સિવાય જ તે દવે સાહેબને ત્યાંથી નીચે ઊતર્યો,

નીચે ઊતરીને એ ને એ જ વિચારોની ધૂનમાં પ્રકાશ ચાલવા લાગ્યો. આ એક ને એક વાતના રટણે તેના આત્માને કદાચ તે હતો તેના કરતાંયે વધારે અસહિષ્ણુ, અનુદાર, તીખો બનાવી દીધો હતો તેમ તેને લાગ્યું; તે અનુદારતા અને તીખાશને અંગે આ બાબતમાં પણ તે એકબીજા સાથે ઘણી અસંબદ્ધ વસ્તુઓની ભેળસેળ કરતો હતો તેમ પણ તેને લાગ્યું; પણ તે વિચારની નાગચૂડમાંથી છટકી શકવાને બદલે એ જ રટણના પ્રાબલ્ય નીચે તેને વધારે ને વધારે કડવા વિચારો આવવા લાગ્યા. બેભાન જેમ એ રીતે નીચું જોઈને ચાલી જતા પ્રકાશને રસ્તામાં કોઈએ બૂમ મારી એ પણ એને ન સંભળાઈ. પેલાએ નજદીક આવીને તેને ખભેથી હલાવી હસતાં હસતાં જ્યારે પૂછ્યું: 'કેવાક મહાકાવ્યના વિચારમાં ઘૂમો છો કવિરાજ ?' ત્યારે જાણે ઓચિંતો નિદ્રામાંથી ઝબકી ઊઠ્યો હોય એમ પ્રકાશ ઊભો રહી ગયો અને આજુબાજુ કંઈક આશ્ચર્યથી જોઈ રહ્યો.

પેલો મિત્ર એ જોઈ વળી વધુ હસ્યો ને પૂછ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રસ્તામાં પણ ઊંઘો છો કે શું ?'

'જરા વિચારમાં હતો એટલે ખ્યાલ ન રહ્યો.' પ્રકાશ હસ્યો. પછી આનંદ અને ઉમળકાથી મિત્રનો હાથ હલાવતાં પૂછ્યું: 'ઓહો! જગદીશભાઈ, ક્યાં ચાલ્યા? અહીં ક્યાંથી?'

'આજે તો તમને મળવા આવવાનો વિચાર કરતો હતો ત્યાં તમે જ મળી ગયા.'

'ચાલો ને, તો હુંયે નવરો જ છું.' પ્રકાશે હર્ષથી કહ્યું. 'ને મારે સોબતની જરૂર પણ છે.'

'પણ હું તો બીજી વાર આવીશ, પ્રકાશ, તમે જ્યાં જતા હો ત્યાં ખુશીથી જાઓ.'

'હું ખરું કહું છું..હું નવરો જ છું. ક્યાં જતો હતો એ મને પણ ખબર નથી. ધૂનમાં જ બસ ચાલ્યો જતો હતો.'

'તો ચાલો.' જગદીશે કહ્યું. 'હું તો અહીં એક મિત્રને ઘેર ગયો હતો.' કહી જગદીશે જે દિશામાંથી પોતે આવ્યો હતો તે તરફ ગરદન ફેરવી. એ દિશામાં જોતાં જ એક ઘર સામે પ્રકાશની નજર ખેંચાઈ ને ઓચિંતું જ તેને યાદ આવ્યું હોય તેમ તેણે કહ્યું :

'જુઓ જગદીશભાઈ, આ મકાનમાં મારો એક મિત્ર રહે છે. ઘણા વખતથી હું એને મળ્યો નથી. વળી હમણાં સાંભળ્યું છે કે તેની પત્ની પણ બહુ બીમાર છે. જઈ આવશું પાંચ મિનિટ? પછી તદ્દન છૂટા. અહીંથી નીકળ્યા છીએ તો જઈ આવીએ, તમને વાંધો ન હોય તો.'

'ચાલો ને, મારે ક્યાં આમે બીજું કશું કામ પણ છે અત્યારે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને મિત્રો એ મકાનનો દાદરો સડસડાટ કરતા ચડી ગયા, ને પ્રકાશે મિત્રના દરવાજાની ઘંટડી દાબી.

'ખૂબ કમાયો છે હો, આ....બધું છેલ્લા પાંચ જ વર્ષમાં.' પ્રકાશે જગદીશને કહ્યું.

'કોણ નથી કમાયું આ જમાનામાં ?' જગદીશે હસીને કહ્યું.

'આપણે.' પ્રકાશના અવાજમાં જરા કડવાશ આવી ગઈ.

'આપણા તો ધંધા જ એવા! એમાં પૈસા ક્યાંથી કમાઈએ ?' જગદીશ ફરી હસ્યો ત્યાં તો બારણું ઊઘડ્યું ને કોઈ અજાણી સ્ત્રીએ તેમને ઘરમાં લઈ પૂછ્યું : 'કોનું કામ છે ?'

'નવીનભાઈનું... નથી ?' પ્રકાશે પૂછ્યું.

'છે. આવો ને,' કહી દીવાનખાનામાં લઈ જઈ તેમને બેસાડતાં એ સ્ત્રીએ કહ્યું : 'જસુબહેન બહુ બીમાર છે એટલે એમની પાસે એ છે. એમને હું મોકલું હો, કોણ આવ્યું છે એમ કહું ?'

'પ્રકાશ......પ્રકાશ ઝવેરી.'

'ઓ....હો, ઓળખ્યા. નવીનભાઈને મોકલું હો!' કહી બાઈ ગઈ.

બીજી જ પળે નવીન તેમની પાસે આવી પહોંચ્યો. તેના ચહેરા ઉપર થાક અને ચિન્તાનાં અને આંખોમાં ઉજાગરાનાં સ્પષ્ટ ચિહ્નો દેખાતાં હતાં. તેણે હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું :

'આવો પ્રકાશભાઈ.'

'જસુબહેનને કેમ છે ?' પ્રકાશે ઊભા થઈ જતાં પૂછ્યું.

'બહુ જ ખરાબ છે.' નવીનના અવાજમાં ગ્લાનિ સ્પષ્ટ દેખાઈ આવતી હતી. 'બેસો ને.'

'હમણાં તો આ બાજુ નીકળાયું જ નથી.' પ્રકાશે બેસતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસતાં કહ્યું: 'પણ સાંભળ્યું કે જસુબહેનને ઠીક નથી એટલે કહ્યું કે જઈ આવું.'

'સારું કર્યું,' નવીને કહ્યું: 'નહિતર મારે જ તમને બોલાવવા પડત.'

'કેમ?' પ્રકાશે આશ્ચર્યથી પૂછ્યું.

'જસુને જાણે ટાઈફોઈડ થયો ને તેમાંથી ન્યૂમોનિયા થઈ ગયો છે. બહુ જ ખરાબ હુમલો છે. તેને સંપૂર્ણ આરામ આપવાની ખાસ જરૂર છે. પણ છેલ્લા બે-ત્રણ દિવસથી કોણ જાણે એના મનમાં શું ભૂત ભરાયું છે કે એ તમારું જ નામ લીધાં કરે છે. 'પ્રકાશભાઈ આવતા કેમ નથી?' તમારું નામ કોઈએ વાતવાતમાં લીધું હશે, અને હમણાં તો તમે આવ્યા જ નથી એમ વાતવાતમાં મેં કહ્યું હશે એ જ એના મગજમાં ભરાઈ બેઠું છે... હમણાં જ હું તમને એની પાસે લઈ જાઉં.'

નવીન ઊભો થઈ ગયો, ત્યાં પ્રકાશે કહ્યું:

'આ મારા મિત્ર જગદીશ પટેલ. નામ તો........'

નવીનના થાકભર્યા ચહેરાનો થાક પણ પળવાર તો જાણે ઊડી ગયો.

'નામ? એમનું નામ કોણે નથી સાંભળ્યું? એમને પણ જસુ પાસે લઈ આવજો, હોં! એ રાજી થશે......હું હમણાં બોલાવું.'

ને પળવારમાં જ નવીન બન્ને મિત્રોને અંદર લઈ ગયો. અંદરનું વાતાવરણ શાંત છતાં ભયપ્રદ હતું. બધા જ ચહેરાઓ ઉપર—નર્સના સુદ્ધાં—એક જાતની ભય અને ચૂપકીદીની છાયા ફેલાઈ ગઈ હતી. નવીને પણ પડદો બંધ કરી મિત્રોને દરદીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટલા પાસે લઈ જતી વખતે એ વાતાવરણની જ અસર નીચે હોય તેમ પોતાના નાક ઉપર ચૂપ રહેવા સૂચવતી આંગળી અડાડી. પ્રકાશ અને જગદીશના ચહેરા ઉપર પણ આપોઆપ વાતાવરણની અસર પથરાઈ ગઈ, અને ધીમાં અને ગંભીર પગલે બધા દરદીના ખાટલા પાસે પહોંચ્યા.

તેને જોતાં પ્રકાશ ખરેખર ચમકી ગયો. આ જ હશે શું એ જસુ? કેટલી હસમુખી, રમતિયાળ, નમણી, જુવાન લાગતી એ? ને આ? આના ચહેરા ઉપર જુવાની તો શું જીવનના પણ કેટલા ઓછા અંશો દેખાતા હતા! તેના વાળ ઝાંખા, ભૂખરા, માંડમાંડ બાંધવાનો પ્રયત્ન કર્યો હોય છતાં બંધનમાંથી છટકી ગમે તેમ પથરાયેલા પડયા હતા. તેની આંખો ઊંડી ઊતરી ગઈ હતી, છાતી જાણે દસ માઈલ દોડીને તે આવી હોય તેમ ઉછાળા મારતી હતી. તેના શ્વાસોચ્છ્વાસે ખાટલો પણ જાણે થોડોઘણો હલી જતો હોય તેમ લાગતું હતું. ચહેરા અને હોઠ ઉપરથી લોહી તો જાણે ક્યાંનું ક્યાં અદૃશ્ય થઈ ગયું હતું! પ્રકાશ દુઃખભર્યા ચહેરે ખાટલા પાસે ઊભો રહ્યો. નવીને જસુના કાન પાસે પોતાનું મુખ લઈ જઈને કહ્યું :

'જસુ, ઓળખ્યા કે નહિ પ્રકાશભાઈને? તું બહુ યાદ કરતી હતી ના?'

જસુની આંખમાં ક્ષણએક ઓળખાણ ચમકી ઊઠી. ક્ષણએક તેના ઓષ્ઠ હસવાનો પ્રયત્ન કરી રહ્યા ને પછી તેણે પથારીમાં બન્ને બાજુ નિશ્ચેષ્ટ જેમ પડી રહેલા પોતાના બન્ને હાથોને ભેળા કરી નમસ્કાર કરવાનો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન ખૂબ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા પ્રેરે એવો હતો. જાણે મણ એક વજન ઉંચકીને એ હાથ ઊંચા થવા પ્રયત્ન ન કરી રહ્યા હોય! ધીમે ધીમે, અત્યંત શ્રમપૂર્વક ભેગા થતા એ હાથને નિહાળતાં પ્રકાશની આંખો ભીની થઈ ગઈ.

'તમે આરામ કરો, જસુબહેન, અમે તમને નાહકનું કષ્ટ આપીએ છીએ.' તેણે કહ્યું.

જવાબમાં જસુના ઓષ્ઠે કંઈક ફફડાટ કર્યો, પણ અવાજ પ્રકાશના કાન સુધી ન પહોંચ્યો. નવીન જસુના મોં પાસે નમ્યો, અને પ્રકાશને કહ્યું : 'એ કહે છે કે હું તમને ખૂબ યાદ કરતી'તી.'

ફરી પાછા જસુના હોઠ ઊઘડ્યા અને આ વખતે તો પ્રકાશે જ નમીને સાંભળ્યું. અવાજ બહુ જ ધીમો હતો, નજદીકથી પણ માંડ સાંભળી શકાય એટલો ધીમો, છતાં એની અંદર રહેલો આનંદના અનુભવનો થડકો સ્પષ્ટ હતો—

'તમારી છેલ્લી કવિતા મને ખૂબ ગમી હતી તે મારે મોંએ તમને કહેવું હતું.'

'ઓહો, જસુબહેન, આવી સ્થિતિમાં પણ એ બધું યાદ આવે છે?' પ્રકાશથી આશ્ચર્યમાં બોલી જવાયું, ને પછી આવી વાતોમાં પેલીની શક્તિ ખરચાય તે ઠીક નહિ એવા કંઈક ખ્યાલથી વાત બદલી:

'જસુબહેન, આ મારા મિત્ર જગદીશ પટેલ. નામ તો તમે સાંભળ્યું જ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યની ઊંડી સમજ ધરાવતી અને તેમાં તીવ્ર રસ લેતી, એમ. એ. સુધી ભણેલી જસુએ જગદીશનું નામ ન સાંભળ્યું હોય તે અશક્ય જ હતું.

ફરી પાછા જસુની આંખમાં આનંદે ચમકી ઊઠવા પ્રયત્ન કર્યો. ફરી પાછા તેના ઓષ્ઠ આનંદના સ્મિતમાં ફેલાઈ જવા પ્રયત્ન કરી રહ્યા, અને તેના હાથ ફરી પાછા........પણ નવીને તેને તેમ કરતાં રોકી. પ્રકાશે પણ કહ્યું :

'શ્રમ ન લેશો, જસુબહેન, એની કશી જરૂર નથી.'

ને હાથ ઊંચા કરી નમસ્કાર ન કરી શકી તેની નિરાશા જસુના આમે ઘેરાયેલા વદનને વધુ ઘેરી વળી. તેણે મોટો અવાજ કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તે યે અત્યંત મંદ નીકળ્યો. છતાં પ્રકાશ અને કંઈક નજદીક ગયેલો જગદીશ પણ તે સાંભળી શક્યા.

'તમારી વાર્તાઓએ મને ખૂબ આનંદ આપ્યો છે ?' તેણે જગદીશને કહ્યું, અને એક ક્ષણ—ક્ષણાર્ધ જ કદાચ—તેના તેજવિહીન બની ગયેલા મુખ ઉપર એ આનંદનો ભાવ કંઈક તેજ પાથરી ગયો.

આનંદનો અતિરેક પણ દરદીને ઈજા કરે એમ હતો એટલે બન્ને મિત્રોએ 'જલદી સાજા થઈ જજો, જસુબહેન, અમે ફરી આવીશું હોં !' કહી તેની વિદાય લીધી. દાદરા સુધી મૂકવા આવેલા નવીને બન્નેને વળાવતાં કહ્યું : 'તમે આવ્યા એ ઉપકાર થયો હોં, પ્રકાશભાઈ. આટલા દિવસમાં આજે જસુના મોં ઉપર આનંદ દેખાયો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાદરો ઊતરતાં ફરી વિચારમાં ડૂબી ગયેલા પ્રકાશને જગદીશે કહ્યું :

'પ્રકાશ, તમે કહેતા હતા ને કે છેલ્લાં પાંચ–સાત વર્ષમાં આ તમારો મિત્ર ખૂબ ખૂબ કમાયો છે, પણ આપણે યે શું ઓછું કમાયા છીએ? તમે ન જોયું?'

'હું યે એ જ વિચાર કરતો હતો,' પ્રકાશે કહ્યું. ને તેના ચહેરા ઉપર પણ એક ક્લેશ વિનાનું—કૃતજ્ઞતાનું—કૃતકૃત્યતાનું—ઉદાર સ્મિત પ્રકાશી ઊઠ્યું.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉજડેલો બાગ

ચુનીલાલ મડિયા

હું તો રાજીરાજી થઈ ગઈ. એક તો અજાણ્યું ગામ ને એમાં પાછી મકાનની તંગી; આવી હાડમારીમાં ઓળખીતાને ઘેર તે કેટલાક દિવસ કઢાય? એટલે જ્યારે એમણે ઑફિસેથી આવીને વાત કરી કે પરબતગિરિની જગ્યામાં એક ઓરડી ખાલી પડી છે, ત્યારે મેં તો ટપ દઈને કહી દીધું કે બ્રાહ્મણને પૂછ્યા વિના ઝટપટ નોંધાવી જ દિયો.

બીજે જ દિવસે ગુરુવાર જેવો સારો વાર આવતો હતો, એટલે અમે તો હોળીની સામી ઝાળનો ય બાધ ગણ્યા વિના સારું ચોઘડિયું જોઈને કુંભ મૂકી આવ્યાં.

અમારે એમને ઈજનેરની નોકરી, એટલે મોજણીનું કામ ફરતું જાય એમ નોકરીમાં પણ એક મહાલમાંથી બીજા મહાલમાં બદલી થાતી જાય. એ રીતે ભાડૂતી મકાનોમાં રહેવાને અમે બે ય માણસ ટેવાઈ ગયાં હતાં. આ પહેલાં અમે ઠકરાણાંના રાણીવાસથી માંડીને મગફળીની વખાર સુધીનાં જાતજાતનાં મકાનોમાં ભાડૂઆત તરીકે રહી ચૂક્યાં હતાં. એટલે આ ધાર્મિક ગણાતી અર્ધ-સાર્વજનિક જેવી જગ્યામાં રહેવાનો અનુભવ કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવો નહોતો. અનેક અઘોચરવાળા ઓરડા અમારા નસીબે આવ્યા હતા, અને એને વાળીઝૂડીને ચોખાચણક પણ અમે જ બનાવડાવ્યા હતા, પણ આ ઓરડી કોઈ જુદી જ જાતની લાગી. વર્ષોથી એ અવાવરું હતી, પણ જાણે કે એક કલાક પહેલાં જ કોઈ ઘરધણી તાળું દઈને બહાર નીકળ્યા હોય એવી એ લાગતી હતી. અંદર દાખલ થતાં જ છણુછણ છીંકો આવે એવી એની સફાઈ જોઈને મને ભારે અચંબો ઊપજ્યો.

મને પહેલવહેલું અચરજ તો અકબંધ ચૂલો જોઈને થયું. માણસ ઘર ખાલી કરી જાય ત્યારે ચૂલો તો ભાંગતો જ જાય ને! પણ અહીં તો એના કાંઠડા ને પાળ બધું ય અકબંધ જોઈ લ્યો! ક્યાંયથી એક કણી ય ખસી નહોતી. એના પેટમાંથી રાખ કોઈએ ઉથામી નહોતી. છેલવેલ્લી રસોઈ કરી હશે ત્યારનો ભરેલો ઓબાર પણ કોઈએ આઘો નહોતો કર્યો. તાવડી પણ ટકોરો મારતાં રણકી ઊઠે એવી મજાની, રીઢી ને નીવડેલી પડી હતી. હમણાં જ કાકડી મેલીને સંધરૂકું ને રોટલા ઘડી લઉં એટલી જ વાર!.... આ બધું જોઈને હું તો વિચાર કરતી થઈ ગઈ. આમ કેમ? ઘર ખાલી કરી જનારને ચૂલો ભાંગતાં જવાનું કેમ નહિ સૂઝયું હોય? યાદ નહિ આવ્યું હોય? ઓસાણ ઊતરી ગયું હશે? અમે તો આજ સુધીમાં જેટજેટલાં ઘર ખાલી કરી ગયાં હતાં, ત્યાં ત્યાં બધે ય ચૂલો તો ભાંગતાં જ આવેલાં. આ કૌતુક તો પહેલી વાર જ જોયું કે જ્યાં આગલા ભાડૂત ચૂલો ને ઓબાર સંધું ય અકબંધ મૂકીને ચાલ્યાં ગયાં હોય. હું તો મનમાં ને મનમાં ધ્રૂજી ઊઠી. બોલી: હે ભગવાન! બિચારાં જીવ જ્યાં ગયાં હોય, ત્યાં એમને સાજાંનરવાં રાખજે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે શુકનનો વાટકો લોટનો કંસાર રાંધવો હતો, એટલે મેં તો ઑફિસના પટાવાળાને ઝટઝટ કુંભારવાડે મોકલીને નવો ચૂલો મંગાવી લીધો ને શુકન વધાવી દીધા.

વાળીઝૂડીને અમે તો રાતે સૂતાં. પણ મને કેમે ય કરી ઊંઘ ન આવે. એમ જ લાગ્યા કરે કે આ ઘરમાં હજી કોઈ રહે છે. જાણે હમણાં કોઇ ઓચિંતું આવી પૂગશે, ને કહેશે કે ઊઠો, અમારા રહેણાકમાં તમે ક્યાંથી ઘૂસી ગયાં ! સવારમાં કંસાર રાંધ્યો ત્યારે તાવડી ઝગારા કરી કરીને દાંત કાઢતી હતી એ યાદ આવ્યું. તાવડી ઝગઝગે ત્યારે મહેમાન આવે, પણ અમારા અહીંના અજાણ્યા ઘરમાં, એમ કયો મહેમાન આવવા નવરો હતો ! છતાં કોણ જાણે કેમ, મને આ અવાવરું ઓરડીમાં કોઈકના કલબલાટના ભણકારા વાગ્યા કરતા હતા. ઓળખીતાને ઘેરે અઠવાડિયું રહ્યા પછી આજે માંડ પહેલવહેલું એકાંત મળ્યું હોવાથી અમે બે ય માણસ મીઠી વાતો કરતાં હતાં, ત્યારે મારા કાનમાં જાણે અહીં રહી ગયેલાં કોઈ આગલાં ભાડૂતોની ગોઠડીના પડઘા પડતા હતા. મારી આંખ ઘડીક ખપેડા ઉપર તો ઘડીક બારણાં ઉપર ચકળવકળ ફરતી હતી.

એક નીંદર કરીને મોડી રાતે એ જાગ્યા, ત્યારે પણ મારી ઊઘાડી આંખ જોઈને પૂછ્યું: 'તું હજી ઊંઘી નથી ?'

'ઊંઘ આવે તો ને !' મેં કહ્યું.

'એ તો થળ–ફેર થયો એટલે જરાક અજંપો થઈ જાય.' આટલું કહીને એ તો, દિવસ આખો ડુંગરાઓમાં મોજણી–કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને થાકેલા હોવાથી, ઝટ પડખું ફરીને પાછા ઊંઘી ગયા. પણ મારી પાંપણુ કેમેય કરી ભારે થાયજ નહિ!

ફળિયાના ચૉકમાં સમાધનું નાનકડું મંદિર હતું એમાંથી સાંજે ચોખા-સોપારી ને પાઇ-પૈસા ઉસરડવા આવેલી લાધી ડોસી ઓરડીને ઊંબરે બેસીને સારી વાર સુધી અલકમલકની વાતો કર્યા પછી, અને અમારી ત્રણ પૂર્વજ-પેઢીઓ અંગે લાંબી લચ પ્રશ્નોત્તરી કરી લીધા પછી, ઊઠતાં ઊઠતાં 'એ....ને ભોળા શંભુનું નામ લઈ ને રે'જો તમતમારે....જેને મારો શંભુ સહાય એને કોઈનો ભો નહિ,' કહીને જે સલાહ-સૂચનાઓ આપતી ગયેલી, એ અત્યારે અજંપા વચ્ચે યાદ આવી. 'શંભુ સહાય એને કોઈનો ભો નહિ' એટલે શું? આ ઓરડીમાં કોઈનો ભય હશે ખરો? આવી વિચિત્ર આશંકા અને દહેશત મારા મનમાં ઊભી થઈ, અને ભીરુ માનસના મારા વેવલાપણા અંગે હું મનમાં ને મનમાં હસી પડી.

વહેલી સવારે ભારે આંખે ને ભારે હૃદયે ઊઠીને ઓરડીની બહાર આવી તો ફળિયાના ચૉકનો વિસ્તાર આગલી સાંજે જોયો હતો એના કરતાં પણ જાણે કે વધારે મોટો ને ખાલી ખાલી લાગ્યો. આવી ઉજ્જડ જગ્યામાં મને એકલીને કેમ કરીને સોરવશે એની ચિંતા થવા લાગી. જોતાં જ ખાવા ધાય એવી પાધડી-પને લાંબી ઓશરી હતી. ઓશરી કરતાં ય ફળિયું વધારે ઊડઊડ લાગતું હતું. ફળિયામાં એક વેળા સરસ બગીચો અને ફૂલવાડી હશે એમ અહીંતહીં દેખાતા ક્યારાઓના ખાડાખબડા ઉપરથી લાગતું હતું. પણ અત્યારે તો આડીઅવળી ને ઊંચીનીચી મેંદીની વાડ અને કરેણનાં ફૂલના એક ક્યારા સિવાય બીજું કાંઈ રહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતું. જે સ્થળે પરબતગિરિએ સમાધિ લીધેલી ત્યાં એક નાનુંસરખું મંદિર હતું. એની લૂણ લાગેલી ભીંતો કોઈ જર્જરિત જૂના ઐતિહાસિક અવશેષની યાદ આપતી હતી. ડેલીની ડાબી બાજુએ એક ઘસાયેલા કઠેરાવાળો કૂવો હતો. આ કૂવો જ કદાચ આ સ્થળનું એક માત્ર આકર્ષણ હશે એમ મને રહેતેરહેતે સમજાયું; કેમ કે થોડા જ દિવસમાં હું જોઈ શકી કે ખરે બપોરે તરસ્યાં થયેલાં, ઘરબાર–વિનાનાં માણસો આ કૂવે પાણી પીવા આવતાં. કોઈ સખી ગૃહસ્થે સખાવતમાં આપેલી બાલદી લોઢાની સાંકળ વડે કઠેરા જોડે બાંધી રખાતી એટલે સલામત હતી. બહારગામથી હટાણું કરવા આવેલાં માણસો, ગાડાખેડુઓ વગેરે લોકો પોતાની સાથે આણેલું ટીમણ લઈને રોંઢાટાણે અહીં આવીને ખાતાં અને ખાધા પછી કેટલાંક થાકયાંપાકયાં લોકો ઓશરીમાં બેઘડી લાંબો વાંસો પણ કરી જતાં. એ સિવાય આ સ્થળે માણસોનો અવરજવર બહુ ઓછો રહેતો. કોઈવાર ગામમાં મરણુ થયું હોય ને અમુક કોમનાં માણસો ઊઠમણું ઉઠાડવા અહીં આવી ચડતાં, ત્યારે બેપાંચ મિનિટ માટે આખું ઉજ્જડ ચોગાન ઠાંસોઠાંસ ભરાઈ જતું. બાકી તો ગામમાં કોઈને ઘેર મરણોત્તર ક્રિયા પ્રસંગે બહારગામથી કાણે આવનારાઓ કાણના નિયત સમયથી વહેલા આવ્યા હોય તો આ ઓશરીમાં આવીને ધામા નાખતા, અને જીવન, મૃત્યુ, સંસારની અસારતા વગેરે વિષયો ઉપર અધકચરી ને ઉપરછલ્લી ફિલસૂફીઓ ડહોળી જતા. માત્ર એક લાધી ડોસી મંદિરના ચોખા–સોપારી ઉસરડવા ઉપરાંત ફળિયાની મોકળાશનો લાભ લઈને ખાલી જગ્યાનો સદુપયોગ છાણાં થાપવામાં કરતી, તેથી એ કારણે રોજ કલાક–બે કલાક તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કમ્પની' મને અનાયાસે મળ્યા કરતી, અને પરિણામે એ પંડ્યે જ્યારે ફરબીન-ઘોડી ને નકશાઓ સાથે ફરફર ડિસ્ટ્રીકટમાં ગયા હોય, ત્યારે મને એકલપણું બહુ અસહ્ય ન લાગતું.

આ અણગમતી જગ્યામાં પણ ધીમે ધીમે મને ગોઠી ગયું. પણ ગામલોકોનો કાંઈક જુદો જ વિચાર હશે. કાંઇ કામ-કાજ પ્રસંગે કે દેવદર્શનને મિષે ગામમાં જતી-આવતી થઈ, ત્યારે આંખની ઓળખાણ ધરાવતાં થયેલાં હિતૈષીઓ સલાહ-સૂચન આપવા લાગ્યાં :

'ભગવાનનું નામ. લઈને રહેવું, હો બહેન!'

'ઈ તો શંકા ભૂત ને મંછા ડાકણ. છાતી કઠણ રાખીએ તો કાંઈ ન થાય.'

'મનમાં વે'મ હોય તો ફૂલા ગોર પાસે ચંડીપાઠ કરાવી લેજો, એટલે નિરાંત. ફૂલો ગોર બારસાખે મંતરેલ દોરો બાંધી જાય પછી એ....ઈ....ને સવા મણની તળાઈમાં સૂઈ રિયો તમ-તમારે. કોઇ નામ ન લ્યે તમારું.'

'સવાર-સાંજ ધૂપ ને ઘીનો દીવો કરતાં રે'વું. આંગળી ઘી પેટમાં ઓછું નાખ્યું એમ સમજવું.'

'અવાવરું ઘરમાં રે'વાનું મન ન માને તો ડાકલાં વગડા-વીને ભૂવો ધુણાવી જોવો. ઈ માગે ઈ પાંચ-પચી ખરચવામાં લોભ ન કરવો.'

સહુ આવી આવી શાણી સલાહ મુરબ્બીવટથી પણ મોઘમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણે આપતાં હતાં. પણ શા માટે આ બધી જંતરમંતરની વિધિઓ કરવી એનું કારણ કોઈ સ્પષ્ટપણે કહેતાં નહોતાં.

લાધી ડોસી પણ રોજ મંદિરમાંનાં નવેદ્યોનો કબજો લેવા તેમ જ છાણાં થાપવાં આવતી ત્યારે અવારનવાર આ જ પ્રકારનાં સૂચનો, સીધી સ્પષ્ટ રીતે નહિ પણ ધ્વન્યાત્મક શૈલીમાં, આપ્યા કરતી; પણ સાચો ભય શો છે એ કદી કહેતી નહિ. એક દિવસ એણે મંદિરમાંથી આડો ખોબો ચોખા, પાંચીકા જેવડી ઝીણી-ઝીણી બેત્રણ ખોખલી સોપારીઓ અને ત્રાજવાં છાપ અર્ધા–પૈસાના સિક્કાનો ઉસરડો કરી, સાડલાના છેડે પોટલી બનાવીને સાથે મજબૂત ગાંઠ વાળ્યા પછી વગડામાંથી મેળવેલ સૂંડલોએક છાણનાં છાણાં થાપવાં શરૂ કર્યાં, ત્યારે હું એની પડખેના કબૂતરની ચણના ઓટલે એક નવલકથા વાંચતી બેઠી હતી. ડોસીને આડીઅવળી વાતોએ ચડાવ્યા પછી મેં પૂછી નાખ્યું : 'હેં લાધીમા, આ ઓરડીને સહુ વહેમવાળી કેમ કહે છે ભલા? કાંઈ ચળીતર–બળીતર થાય છે કે શું? કાંઈ બીક જેવું હોય તો કહી દેજો, તો ખાલી કરીને બીજું ઘર ગોતીએ.'

'બીક તો બીજી શેની હોય?' ડોસીએ આ પ્રશ્નનો ઉત્તર ટાળવા મથતાં કહ્યું, 'મન મનના વે'મ છે બધા.'

'પણ વે'મ શેનો છે એ વાત તો કરો.' મેં પૂછ્યું.

'આ દેવળિયું ગામ એવું છે કે વે'મ ન હોય ત્યાંથી ઊભો કરી દિયે. આ જેઠસૂર ખાચરનો દરબારગઢ કેવો ઈન્દર રાજાના મહેલ જેવો ઊભો છે! એમાં એક ઠકરાણા અફીણ ઘોળીને મરી ગ્યાં તે દિ'થી માણસું કિયે છે કે દરબારગઢમાં રાત્યે ચૂડેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાહડા લિયે છે. બજારને નાકે ઓલી ચાર–ભોંયાળી મેમણુની મેડી અંદરથી જુઓ તો રજવાડી મેલાતુંને ય આંટે એવી છે, પણ ઘરધણી રંગૂન ખેડે છે એટલે અવાવરું પડી છે. મેડીની પડખે રહેનારાં કિયે છે કે એમાં જીનાત આંટા મારે છે. ફલાણી આંબલીમાં મામો થાય છે ને ઢીંકણા ખીજડામાં ખવીહ થાય છે એવા ગામગપાટા હાલ્યા જ કરતા હોય છે. શંકા ભૂત ને મંછા ડાકણ, ઈ તો બીયે એને બીક મારી બૈ, બીજાને કાંઈ નહિ !'

બીક અંગેના પ્રશ્નના નકારાત્મક પ્રત્યુત્તરમાં પણ લાધી-માએ મને પૂરતા પ્રમાણમાં બિવડાવી મૂકી હતી. હવે તો પૂછ્યા વિના રહેવાય એમ જ નહોતું:

'આ આપણી વાડીમાં શું થાય છે એ કહો. મામો કે ખવીસ? ચૂડેલ કે જીનાત?'

'કાંઈ નથી મારી બૈ. આ દેવળિયું ગામ જ અધું ગાલાવેલું છે. માણસ મરી જાય એટલે કાંઈક 'ને કાંઈક જોડી કાઢવાનો જ એને ધંધો. કાળા માથાનું માણસ કોક વાર કોક ઠેકાણે તો મરે જ ને? ઈ કાંઈ અમરપટો થોડું લખાવી લાવ્યું છે? ને મરવા સાટુ માણસ મસા-ણમાં જાય? ઘરમાં ન મરે તો ક્યાં મરે? આ ઓરડીમાં ય એક ધણીધણીઆણી બે જણાં મરી ગ્યાં, તે દિ'થી ગામ લઈ હાલ્યું છે કોઇ બે ય માણસ રાત્ય પડ્યે આંહ્યાં આંટા મારે છે. ગામને પણ કાંઈક ધંધો જોઈએ, મારી બૈ !'

'ધણી–ધણીઆણી બે ય મરી ગ્યાં?' મેં અદ્ધર શ્વાસે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બિચારાં જીવનાં અંજળપાણી ખૂટી ગ્યાં હશે. આપણા સહુના નસીબમાં મોત તો માંડયું જ છે ને! કોઈને બે દી વેલું તો કોઈને બે દી મોડું.'

'પણ વરવહુ એક સાથે જ મરી ગ્યાં? એ તો કૌતક કહેવાય.'

'કૌતક કિયો કે ગમે ઈ કિયો, મનખાદેઈનો ભરોહો થોડો છે? જંદગાની તો કાચો તાંતણો છે. તૂટતાં વાર નો લાગે, મારી બે!' લાધીમા છાણનાં થાપોલિયાં કરતાં કરતાં જીવનની ક્ષણભંગુરતા અંગે જથ્થાબંધ સુભાષિતો ટાંકતાં જતાં હતાં, ને મૂળ પ્રશ્નનો ઉત્તર ટાળતાં જતાં હતાં.

'પણ એ હતાં કોણ? એનાં નામ શું? ક્યાંથી આવેલાં? કેમ કરીને મરી ગયાં?' મેં કુતૂહલથી સામટા પ્રશ્નો પૂછી નાખ્યા.

'એનું નામ તો સુરેન્દરભાઇ કે એવું કાંઈક—'

'સુરેન્દ્રભાઈ હશે.' મેં ઉચ્ચારમાં મદદ કરી.

'હા. પણ ગામ આખું તો ઇને સુરુભાઈ કહીને જ ઓરખે.'

'ને એની વહુનું નામ શું હતું?' મેં અધીરાઈથી પૂછી નાખ્યું.

'અમે તો શચિબેન કહીને જ બોલાવતાં,' લાધીમાએ કહ્યું ફરી કોઈક ગુનાહિત કૃત્યની મને જાણ કરતાં હોય એવી અદાથી અવાજ ધીમો કરીને ઉમેર્યું: 'સુરુભાઈ પંડ્યે પણ એને શચિ કહીને બોલાવે!—શચિ, તું આમ કર્ય, ને શચિ, તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કર્યું. ભણેલાંવને બાયડીનું નામ લેવામાં કાંઈ બાધ નંઈ આવતો હોય, હેં બૈ ? આવતે ભવે એને ભગવાન—'

'સુરુભાઈ ને શચિબેન શું કામ કરતાં ઈ વાત કરો, લાધીમા !' પત્નીનું નામ લેવાથી આવતે ભવે મળનાર શિક્ષાની સુનાવણી સાંભળવાની પણ મને ધીરજ નહોતી. હું તો ઈન્દ્ર અને ઈન્દ્રાણીનાં નામાભિધાન ધરાવનાર આ સુરેન્દ્ર–શચિની જોડલીની કથની સાંભળવા ઉત્કંઠ બનીને—સાચે જ ઊંચી ડોકે—લાધીમાને પ્રશ્નો ઉપર પ્રશ્નો પૂછી રહી હતી.

'બે ય જણ બચાડાં નાનાં બાળ હતાં. સુરુભાઈને તો મૂછનો દોરો ય માંડ ફૂટ્યો હશે. દેખાવે જુઓ તો કોઈ રાજાનો કુંવર દેશવટે નીકળ્યો હોય એવો લાગે. શચિબેન પણ રૂપરૂપના અંબાર જેવી. કુંજનું બચ્ચું જોઈ લ્યો બે ઘડી ! બોલે તંયે જાણે મોઢા-માંથી ફૂલ ઝરે. ભગવાને બે ય જણાંની જુગતે જોડી ગોઠવી દીધી લાગે....'

લાધીમાને મોંએ ઉચ્ચારાતું યુગલનું વર્ણન સાંભળીને ફરી મારા મનમાં સુરેન્દ્ર–શચિના અન્યાર્થો—ઈન્દ્ર–ઈન્દ્રાણી—તાજા થયા. વર્ષો પહેલાં હું પરણી ત્યારના, લગ્નમંડપમાં ગોર મહારાજના કર્કશ અવાજે ઉચ્ચારાયેલા બરાડાઓ પણ તાજા થયા: ઈન્દ્ર–-ઈન્દ્રાણીનું સોભાગ, શંકર–પારવતીનું સોભાગ—

'પણ આવી જુગતે–જોડી જ માણસની આંખ્યમાં નથી સમાતી, મારી બૈ ! ઘેરઘેરે પાણકોરાંને મલમલના જ ફાળ ભેગાં ખિલાય છે. બે ય માણહ સરખાં સમોવડિયાં જડવાં કઠણ. ઉપ-રવાળો ય કોણ જાણે કેવો અદેખો છે કે સરખી–સમોવડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇય સાંખી જ નથી શકતો. બચારાં સુરુભાઈ ને શચિબેન પણ કોકની આંખ્યે નજરાઈ જ ગયાં—' છાણનાં ગોળિયાં ઉપર છટાપૂર્વક થાપી મારતાં લાધીમાએ કહ્યું.

'પણ કેમ કરતાં નજરાઈ ગયાં એ તો કહો, તો અમે બે ય જણાં ચેતતાં રહીએ.' મેં કહ્યું : 'ક્યાંક અમે ય નજરાઈ જઈશું તો—'

'તમે ક્રોડ વરહના થાવ ને ઝાઝા દીકરા જણો.' લાધીમાએ આશીર્વાદ આપીને કહ્યું: 'આવું અવળું ન બોલીએ, મારી બૈ! સુરુભાઈ ને શચિબેન જેવું મોત તો બાપના વેરીનું ય ન વાંચીએ. મરી ગ્યાં તંયે ગામ આખામાં કાળો કકળાટ થઈ ગ્યો'તો.'

બોલતાં બોલતાં લાધીમાને ગળે ડૂમો આવ્યો હોય એમ અવાજ થોડી વાર રૂંધાઈ જતો લાગ્યો. પછી જાણે સ્વગત જ બોલતાં હોય એમ શરૂ કર્યું : 'કકળાટ તો થઈ જ જાય ને! બે ય માણહની સુવાસ પણ એવી જ હતી. બચારાં જીવ આંબા જ વાવતાં ગ્યા'તાં. ક્યાંય બાવળ નો'તો વાવ્યો.'

આટલું કહીને, જાણે કે કશુંક યાદ આવ્યું હોય એમ લાધીમાએ પોતાની આસપાસ વાડીના ચારે ય ખૂણે એક નજર ફેરવી લીધી અને પછી ઊંડા નિસાસા સાથે ઉમેર્યું : 'બગીચો તો કેવો સરસ ઉગાડ્યો'તો બે ય માણહે! જાણે સરગાપુરી જોઈ લ્યો!'

'અહીં બગીચો હતો?' મેં પૂછ્યું.

'બગીચો પણ કેવો! બે ઘડી નજર ઠરી જાય એવો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાધીમાએ વર્ણન કર્યું. 'રાજબાની વાડીમાં બગીચા છે પણ આની તોલે ન આવે.'

ફરી છાણનાં ગોળિયાંઓ ઉપર થાપી પડવા માંડી. ફરી લાધીમા પોતાનાં અંતરચક્ષુ વડે કશુંક દર્શન કરવા લાગ્યાં અને ફરી એ બગીચાનું વર્ણન શરૂ કર્યું: 'મોગરાનાં ફૂલ ઊતરે, ચમેલી ઊતરે ને રાત્ય પડે ને રાત્યરાણી મહેકે. આજ તો બધું ય ઉજ્જડ થઈ ગયું એટલે શેનું ય નામનિશાન નથી રિયું. પણ પણે ઓલ્યા થાંભલા ઊભા'ને, ન્યાં કણે ગાંડી વેલ્યનો માંડવો હતો ને વચમાં હતો હીંચકો. સવાર-સાંજ બેય માણહે પાણી પાઈપાઈ ને બાગને તો પેટના જણ્યાની જેમ ઉછેર્યો'તો. જાત્યેજાત્યનાં ને ભાત્યેભાત્યનાં ફૂલ ઊતરે ને વેલ્યુનો તો કોઈ પાર નહિ....'

આટલું કહીને લાધીમાએ જરા થાક ખાધો અને વાડીમાં ચારે તરફ નજર ફેરવીને પછી ઊઘાડી ઓરડી પર આંખ ઠેર-વતાં મનશું ગણગણ્યાં: 'બધી ય વેલ્યું વીંખાઈ ગઈ.'

નવલકથા વાંચવાનું પડતું મૂકીને—નવલકથાકારની કલ્પના-સૃષ્ટિ છોડીને હું તો નજર સામેની ઉજ્જડ બચીચાની સૃષ્ટિમાં રમમાણ થઈ ગઈ. નવલકથાનાં નાયક–નાયિકાને બદલે આ અવાવરું ઓરડીમાં વસી ગયેલાં નાયક–નાયિકામાં મને વધારે રસ જાગૃત થયો.

'સુરુભાઈ કામકાજ શું કરતા એ તો હજી તમે બરોબર કહ્યું નહિ.' મેં વધારે માહિતી માગી.

'ઈ કાંઈ આપણી ઘોડયે ધંધાપાણી કરવા થોડા આવ્યા'તા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને તો બોલ્યા ગાંધી માત્માએ આંઈ મોકલ્યા'તા, એમ કે'વાતું. બિચારાં બે ય માણસ ઊભે પગે ગામની સેવા કરતાં. ઢેઢનાં છોકરાંવને ભણાવે, રેંટિયા ફેરવતાં શીખવે, ગામની શેરિયુંના કચરા–ઉકરડા પણ વાળવામાં એને જરા ય નાનમ નહિ. ઘાંતહોરામાં તાજિયા નીકળે તંયે રામમંદિર આગળ હિંદુ–મુસલમાનને કજિયા થાય ને એકબીજાનાં માથાં ફૂટે એવે ટાણે આડા ઊભીને સહુને ટાઢા પાડે....ઈ બે ય માણહના ગણ તો આ ગામ કોઈ દિ નહિ ભૂલે.......'

'રચનાત્મક કાર્યકર હશે.' લાધીમાને ન સમજાય એવા શબ્દો હું બોલી ગઈ. સારું થયું કે કાનને અપરિચિત એવા એ શબ્દો જાણે સાંભળ્યા જ ન હોય એમ લાધીમાએ પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું :

'બે ય માણસની ઉંમર નાની પણ ગાંઠયે વૈદ્યા ઝાઝી.'

'વિદ્વાન પણ હતા, એમ કે ?' મેં પૂછ્યું.

'વેદવાન તો એવાં કે આપણો જેઠો પંડયો ય એની પાસે પાણી ભરે.' લાધીમાએ કહ્યું. જયેષ્ઠારામ પંડયા ગામના એક પ્રતિષ્ઠિત વેદપાઠી શાસ્ત્રી ગણાતા. લાધીમાએ સરખામણી કરીને આગળ ચલાવ્યું :

'જેઠાની જીભને ય આંટે એવી સુરુભાઈની જીભ. રાત પડે ને વાડીમાં કથા–વારતા કરે તંયે તો એની જીભ ઉપર જાણે સરસતીમા બેઠાં એમ લાગે. કે'તાં નથી, ગરથ ગાંઠે ને વૈદ્યા પાઠે. સુરુભાઈને સંધાંય સાસ્તર જીભને ટેરવે. ઓરડીમાં તો જ્યાં નજર કરો ત્યાં ચોપડિયું જ ચોપડિયું ! ખડુકલાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખડકલા પડ્યા હોય. જરાક નવરા પડે કે વાંચવા બેસી જાય. શચિબેન પાસેથી મેં તો જાણ્યું કે બેય માણસ પંડ્યે પણ નવીનવી ચોપડિયું લખતાં—'

કૉલેજમાં થોડા મહિના ગયેલી તે દિવસોમાં મેં પણ વાર્તાઓ અને કાવ્યો લખવાના કાલાઘેલા પ્રયત્નો કરી જોયેલા તેથી સુરુભાઈની જીવનકથામાં મને વિશેષ રસ પડ્યો.

'એમ કે? ત્યારે તો એ લેખક પણ હતાં એમ?' મેં પૂછ્યું.

'મારા જેવીને થોડું કાંઈ ઉકેલતાં આવડે? મેં તો કાળા અકશરને કુવાડે માર્યા છે.' લાધીમાએ પોતાની નિરક્ષર-તાની કબૂલાત કરતાં કહ્યું: 'પણ કોકકોક વાર અંજવાળી રાતે ચોરે બેસીને કથા—વારતા કરતા હોય તંયે ગીત ગવરાવતા ખરા. ભણેલા ભાયડા ય વાત કરતા કે આ ગીત સુરુભાઈએ પંડ્યે જોડ્યાં છે........આવાં ગરવાં ધણી—ધણીઆણી ગામના નસીબમાં ન સમાણાં—'

'શું થયું? કેમ કરતાં મરી ગયાં?'

'ભગવાન જાણે બૈ!' લાધીમાએ ફરી છાણા પર થાપી મારી કહ્યું: 'એક દી હું મંદિરમાંથી ચોખા—સોપારી ભેળાં કરવા આવી તંયે ઓરડીનાં બારણાં ઊઘાડાં ફટાશ જોઈને મેં અમથું ડોકું કાઢ્યું. નજર કરું ત્યાં તો બેય માણહ ઊંઘે છે. મને તો અચરજ થયું. રોજ સવારમાં મસીદના મલ્લા કરતાં ય વહેલાં ઊઠીને રામધૂન—કરનારાં આ ધણી—ધણીઆણી સમળ આજ બપોર ટાણા લગણ ઘોર્યા કરે છે! ભેળાં સૂતેલાં વરવહુને તો આપણાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવાય નહિ એટલે હું તો જરાક આઘી ખસી ને બારણાં આગળ-થી રાડય પાડી : ‘ શચિબેન ! શચિબેન ! ’ પણ હોંકારો ન દીધો એટલે સુરુભાઈને ઉપરાઉપર રાડ્યું પાડી. પણ કોઈ કરતાં કોઈ સળવળે નહિ ! મને તો વેમ આવ્યો. આમ કેમ ? આટલા તડકા ચડી ગયા તોય ઊંઘ કેમ નથી ઊડતી ? આવાં ઘારણ કેમ વળી ગયાં ? મારાથી ન રહેવાણું એટલે, પડખાની હાતીમાં કડિયાકામ હાલતું'તું ન્યાંકણે જઈને બેત્રણ દાડિયાંને હું બરકી આવી. મેં કીધું, ‘ જુઓ તો ખરાં, મારાં સુરુભાઈ ને શચિબેનને થયું છે શું ? હોંકારો કેમ નથી દેતાં ? એરુ-બેરુ તો નથી આભડ્યોને ? ’ દાડિયાંએ આવીને બેય માણહને હોંકારો ભણાવવા હલબલાવી જોયાં પણ પંડયમાં પ્રાણ હોય તો હોંકારો દિયેને ? જોયું તો બેય માણહનાં હાથપગ લાકડાં જેવાં. ન હાલે કે ન ચાલે. સહુનાં પેટમાં ફાળ પડી. સરકારી દવાખાનાથી ડાગતરને તેડાવ્યો, ચૉકી ઉપરથી પસાયતાને બરકયો, ને માણહ થઈ ગ્યું ભેગું. વાડીમાં તો માણહ સમ્યું સામે નહિ. ગાડે ઘાલીને બેય જણાંને ઈસ્પિતાલે લઈ ગયા તંયે ખબર પડી કે બેય માણહનાં પેટમાં અફીણ—’

‘હાથે કરીને પીધું હશે ? કે કોઈએ—’

‘ભગવાન જાણે મારી બે !’ લાધીમાએ આંસુભરી આંખે કહ્યું. ‘હાથે કરીને તો શું કામ ઘોળે? એવું તી કયું દુઃખ હતું કે જીવતર કડવું લાગે ? પણ દુનિયા કેવી છે, તું જાણુ છ? પોતે દુઃખી હોય એટલે પારકાંને ય સુખી ન જોઈ શકે. આવાં સુખી ધણી–ધણીઆણી કોકની આંખ્યે નજરાઈ ગયાં હશે.’

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાધીમાના મોંથી આ વાત સાંભળ્યાને મહિનાઓ વીતી ગયા. દિવાળીના દિવસો આવી પહોંચ્યા. હું ઘરમાં સાફસૂફી કરી રહી હતી. ખૂણેખાંચરેથી કચરા કાઢતી હતી. આડસર ને મોભારા ઉપરથી જાળાં પાડતી હતી.

અમે રહેવા આવ્યા ત્યારથી આ ઓરડીમાં એક આરિયો નહોતો ઊઘડી શકતો. ત્યારે ચોમાસું હોવાથી એનાં બારણાં ચડી ગયાં હતાં. હવે ચોમાસું ઊતરતું હોવાથી એ બારણાં ખૂલી શકશે એમ સમજીને મેં એ ઉઘાડવા પ્રયત્ન કર્યો પણ ઊઘડયાં નહિ. મારે ઝીણીમોટી ચીજવસ્તુઓની મેલમૂક માટે બહુ મુંઝાવું પડતું, એ જોતાં આ આરિયો ઊઘડી જાય તો સારું એમ સમજીને લાધીમા એક બપોરે છાણાં થાપવા આવ્યાં, ત્યારે એમને અંદર બોલાવ્યાં ને આરિયો ઉઘાડવામાં એમની મદદ માગી. તાવિથો, દસ્તો, એમનાં મોજણીકામનાં કેટલાંક અણીઆળાં ઓજારો વગેરેની સહાય લીધી ત્યારે માંડ માંડ બારણું ચસકયું.

'જૂનાંપુરાણાં ઘર !' લાંબી મથામણને અંતે થાક ખાતાં લાધીમાએ શ્વાસ હેઠો મૂકીને કહ્યુ: 'એનું બધું ય કામ આવું જાડુંમોટું જ હોય. કોણ જાણે કયા કાળમાં આ ઓરડી બંધાણી હશે !'

બારણું ચસકયા પછી મેં એક જોરદાર આંચકો માર્યો કે તરત ઊઘડી ગયું અને હું પડતાં પડતાં બચી.

'લ્યો ! આમાં ય સુરુભાઈની ચોપડિયું !' આરિયાની અંદર નજર પડતાં લાધીમા બોલી ઊઠયાં. 'બે ય માણસનો જીવ જ ચોપડિયુંમાં હતો. દી ને રાત વાંચતાં-લખતાં જ હોય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને તો એમ હતું કે આરિયામાંથી કાંઈક ગુપ્ત ભંડાર નીકળશે !' મેં કહ્યું.

'સુરુભાઈ જેવા ભગવાનના માણહ પાસે ભંડાર–બંડાર કેવા મારી બૈ !' લાધીમાએ સ્ફોટ કર્યો : 'બિચારાં જીવ રાતું કાવડિયું ય સંઘરવામાં કોઈ દી સમજ્યાં નો'તાં.'

ધનભંડારને બદલે પુસ્તકોનો ભંડાર નીકળતાં પણ મને તો આનંદ જ થયો. ભણવાનું છોડચા પછી આટલાં બધાં પુસ્તકો પહેલી જ વાર જોવા મળ્યાં હતાં. એ પંડચે તો રોજ આખો દી મોજણીકામ કરવા વગડામાં આથડે, ત્યારે આવી ઉજ્જડ જગ્યામાં મારો દિવસ કેમે કરીને ખૂટતો નહિ એટલે આ વાચનમાં જીવ પરોવાશે એમ મને લાગ્યું.

જાતજાતનાં ને ભાતભાતનાં પુસ્તકો આમાં ભર્યાં હતાં. જેટલાં સાહિત્યનાં હતાં એટલાં જ રાજકારણનાં. ધર્મ, નીતિ અને અર્થ-શાસ્ત્ર સુધીનું એમ i વિષયવૈવિધ્ય હતું. ગાંધીજી, ટોલ્સ્ટોય, રસ્કિન, લિંકન, ગેરીબાલ્ડી, રૂસો અને મેઝિની સુધીના વિચારકોની કૃતિઓ મળી આવી. આમાં કૌટિલ્યનું અર્થશાસ્ત્ર હતું અને કાર્લ માર્ક્સનું 'કેપિટલ' પણ હતું. રામાયણ સાથે બાઈબલ હતું. કાલિદાસનાં નાટકો સાથે દાન્તે, શેક્સપીઅર અને હોમરનાં પુસ્તકો હતાં. નવલકથાઓ પણ 'જ્યાં ક્રિસ્ટોફ'થી માંડીને 'સરસ્વતીચંદ્ર' સુધીની હતી. સ્ટીફન ઝ્વાએગ અને રાઈનર મેરીઆ રિલ્કે જેવા યુરોપી સાહિત્યકારોની કૃતિઓ પણ હતી.

હું તો આ બધું ઉથામવામાં અને એમાંથી પસંદ પડે એ વાંચવામાં ગુલતાન થઈ ગઈ હતી, ત્યાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ થોથાંઓમાંથી ઉધઈ ખાધેલ ને સડેલદળેલ કાગળિયાંવાળી એક હસ્તલિખિત પોથી હાથ ચડી આવી. જોયું તો રોજિંદી ઘટનાઓ અને વિચારનોંધો લખવાની રોજનીશી લાગી, પણ ઉધઈ અને ગ્રંથકીટોએ એને એવી તો આરપાર કોરી ખાધેલી કે એમાંથી કશું સળંગ લખાણ સ્પષ્ટપણે વાંચી શકાય એવું રહ્યું નહોતું. છતાં મને એમાં રસ પડતાં નિરાંતે બેસીને આડાંઅવળાં પાનાંમાંથી અને અરધાંપરધાં વાક્યોમાંથી સાર બેસાડવા કરી જોયું તો સમજાયું કે સુરુભાઈ એક ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા હતા, પણ કૉલેજ–જીવન દરમિયાન, સ્વાભાવિક રીતે જ અત્યંત આદર્શવાદી હોવાને કારણે રૂઢિચુસ્ત માબાપ સાથે એમને મોટા મતભેદો ઊભા થયા કરતા.

એમાં એક દિવસ એમણે ઘરબારનો ત્યાગ કર્યો અને અભ્યાસ પણ અધૂરો જ મૂકીને ગાંધીજીના આશ્રમમાં જઈ વસ્યા....શા કારણે આમ કરવું પડ્યું, ગૃહત્યાગ માટે કયો પ્રસંગ જવાબદાર હતો એ તો ડાયરીમાંનું લખાણ અહીંતહીંથી ખવાઈ ગયું હોવાને કારણે હું સમજી શકી નહિ....પછી તો આ આદર્શઘેલા અને એકનિષ્ઠ યુવાને ઉપરાઉપરી રાષ્ટ્રીય લડતોમાં ઝંપલાવ્યું. લડતનાં પૂર ઓસરતાં તેઓ રચનાત્મક કાર્યમાં પડ્યા અને પછી પોતાના આદર્શો અને જીવનપંથને અનુકૂળ આવે એવી યુવતી સાથે લગ્ન કરવા તૈયાર થયા. પણ સુરુભાઈનાં માબાપને શચિબહેન પસંદ નહોતાં. (શા કારણે પસંદ નહોતાં એની વિગતો રોજનીશીમાં લખી નહોતી.) છતાં સુરુભાઈ એ તો મક્કમ રહીને શચિબહેન સાથે આશ્રમની વિધિ પ્રમાણે લગ્ન કર્યાં જ. તુરત પિતાએ પોતાના વારસામાંથી સુરુભાઈ નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હક્ક નાબૂદ કર્યો, પણ પુત્રને એ બાબતનો લગીરે રંજ નહોતો. એણે તો પોતાની પ્રિય પ્રવૃત્તિને આગળ ધપાવવા આ ગામડું ગોતી કાઢયું અને તરુણ દંપતી રચનાત્મક કાર્યમાં લાગી ગયાં. બંને, જાણે એક જ નાકે શ્વાસ લેતાં હોય એટલાં બધાં આ ક્ષેત્રમાં સાથે મળીને કાર્ય કરતાં હતાં. સસરાજીએ લાખોની મિલકતનો વારસાહક્ક ઝૂંટવી લીધો એ બાબતનો શચિબહેનને જરા પણ વસવસો નહોતો. પોતે જે આદર્શોને વર્યાં હતાં અને જેને પોતાના જીવનકાર્ય તરીકે સ્વીકાર્યું હતું એની સાધનામાં બંને એટલાં તો ગળાબૂડ હતાં કે આ અકિંચન જીવન પણ એમને અમીરસ સમું આસ્વાદ્ય લાગતું હતું....

ડાયરીમાંથી આટલા બનાવોની કડી તો મેં જેમતેમ કરીને મેળવી, પણ પછીનાં કેટલાંક પાનાં તો તદ્દન જર્જરિત થઈ ગયાં હોવાને લીધે બહુ ઓછું વાંચી શકાય એમ જ નહોતું. એમાં રાષ્ટ્રને સ્વાતંત્ર્યપ્રાપ્તિ થયાની અને એ પછીની ઘટનાઓ વિશે લખાણ હતું. એમાં સુરુભાઈની કવિત્વશક્તિની છાંટ પણ વરતાતી હતી. 'ચિરકાલના સ્વપ્નની સિદ્ધિ........' 'ગતયૌવના સૌભાગ્યનષ્ટા પ્રાચીન ભૂમિના યૌવન અને સૌભાગ્યની પુનર્પ્રાપ્તિ....' 'યુગોજૂની તૃષાની પરિતૃપ્તિ....' વગેરે વાક્યાવલિઓ સ્પષ્ટ વંચાતી હતી. વચ્ચે વચ્ચે શહીદોની સરફરોશીને અને સ્વાધીનતાની સિદ્ધિને બિરદાવતાં કાવ્યો પણ હતાં. પણ જીવાતોએ લખાણ કોરી ખાધું હોવાને કારણે એ પંક્તિઓ બેસાડવી મુશ્કેલ હતી.

પણ પછીનાં પાનાંઓમાં રોજનીશી લખનારનો સૂર જાણે કે બદલાયો હતો. એમાં ઉલ્લાસને સ્થાને ઉદ્વેગનું ગાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાતું હતું. ભરીભરી આશાઓ અને અભિલાષાઓને સ્થાને હતાશા આવી લાગતી હતી. ઠેકઠેકાણે 'સ્વપ્નોનો ભંગાર........' 'જમીનદોસ્ત થયેલા આશા–મિનારા........' 'ઉજડેલો બાગ,' 'ઊતરેલાં અરમાન,' 'જનતાનો દ્રોહ,' 'બાપુના આદર્શો પ્રત્યેની બેવફાઈ' 'એળે ગયેલી શહાદત........' 'સર્વનાશ' વગેરે શબ્દાવલિઓ ચમકતી હતી.

છેલ્લે પાને પણ એવી જ હાયવરાળ હતી. રોજનીશીનું આ છેલ્લું પાનું હતું અને મરનાર દંપતીએ છેલ્લે દિવસે જ લખ્યું હોય એમ લાગતું હતું. કેટલાંક વાકયો વંચાતાં હતાં:

'જીવન–નૌકાએ સુકાન તેમ જ લંગર બંને ગુમાવ્યાં છે.' 'રાષ્ટ્રપિતાની વિભૂતિ–પૂજાને નામે વિડંબના થઈ રહી છે.' 'શ્રદ્ધાદીપ ઓલવાતાં ચોગમ ગાઢ અંધકાર છવાઈ ગયો છે.' 'માનવજીવનનો આવો ક્રૂર હ્રાસ હવે વધુ સમય જીરવી શકાય એમ નથી લાગતું.'

છેલ્લું વાકય હતું:

'જાણીએ છીએ કે આત્મહત્યા એક ભીરુતા છે, કાયદાની દૃષ્ટિએ ગુનો છે, નૈતિક દૃષ્ટિએ પાપ છે, છતાં જાણીબૂઝીને અમે એ ભયંકર પાતક વહોરી રહ્યાં છીએ.'

છેલ્લું પાનું અને છેલ્લું વાકય વાંચીને હું સૂનમૂન બની ગઈ. આખો દિવસ કાંઈ કામકાજમાં પણ જીવ ચોંટી શકયો નહિ. મોડી સાંજે એ નવા ખોદાનાર તળાવની મોજણી કરીને પાછા ફર્યા, ત્યારે એમને ડાયરીનું આ છેલ્લું પાનું વંચાવ્યું અને એ પણ....ગમગીન બની ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંજે અમને જમવાનું પણ ન ભાવ્યું, તેથી સૌ ભૂખ્યાં સૂઈ ગયાં.

સૂતી વખતે મારી આંખ સામે સુરુભાઈ અને શચિબહેનની મૂર્તિઓ તરવરતી હતી. મોડે-મોડે આંખ મિચાઈ ત્યારે તંદ્રાવસ્થામાં પણ એ જ જુગલ-જોડલીનું કલ્પનાચિત્ર રમતું હતું.

વહેલી પરોઢે એમણે મને ઢંઢોળીને જગાડી ત્યારે મારા મોંમાં શબ્દ હતા :

'ઇંદ્ર-ઇંદ્રાણીનું સૌભાગ્ય !'

એક સરસ માદક સ્વપ્નમાંથી હું ઝબકીને જાગી હતી. જાણે કે અમારા ફળિયામાં ફૂલવેલથી લચી પડતા મંડપને હીંચકે સુરુભાઈ અને શચિબહેન હીંચકતાં હતાં....પણ આંખો ચોળીને જોયું તો એ ઉજ્જડ લતામંડપમાં ભમરાળાં છાણાં થપાયેલાં હતાં અને ઊઠમણાં ઉઠાડવા આવેલા લોકોએ મૂકેલાં ઠીકરાનાં કોડિયાં રઝળતાં હતાં.

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફલાતૂન

કિશનસિંહ ચાવડા

ફાગણ સુદ પૂનમની રાત હતી. હોળીના ભડકા શમી ગયા હતા. અમારા ફળિયાના મોટા માણસો સૌ હોળી–ચકલે એકઠા મળીને હોળીને સાચવતા હતા. ફળિયાના મુખ્ય ચોગાનમાં અમારી ખો–ખોની રમત જામી હતી. અમારો પક્ષ પ્રમાણમાં નબળો હતો. અમે બે જણ જ છોકરાઓમાં એવા હતા કે જેઓ દોડમાં સામા પક્ષને કંઈક પહોંચી વળે. અમે રમી રહ્યા હતા. હવે અમારે પકડવાનો વારો આવ્યો. નવ ખોમાં ત્રણ જ ખોના છોકરા કંઈક તેજસ્વી હતા. એટલે સામા પક્ષના છોકરાઓ પકડાતા જ નહોતા. આઠદસ મિનિટ વીતી ગઈ. અમે અધીરા બન્યા, ઉતાવળા થયા પરંતુ અમારો જોગ ખાતો નહોતો. ત્યાં મંછુએ આવીને મને ખો આપી અને તરત જ પહેલી દોડમાં ઉસ્માન પકડાયો. ઉસ્માન સામા પક્ષનો નેતા. એ પકડાયો એટલે એ લોકોની હિંમત તૂટી. ઝપોઝપ છોકરાઓ પકડાવા માંડયા અને ખો–ખોની રમત પૂરી થઈ. આટાપાટાની રમત શરૂ કરી. પક્ષો તો એ જ કાયમ રહ્યા. પહેલી રમતમાં સામા પક્ષે પાટા સંભાળ્યા અને અમે હલ્લો શરૂ કર્યો. મૃદંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ઉસ્માન હરણની ચપળતાથી અમને સંભાળતો હતો. પાંચેક મિનિટમાં હું એની નજર ચુકાવીને પાટો ઓળંગી ગયો. એક વખત સરહદ તૂટી કે ગરબડ થઈ ગઈ અને ત્રણ મિનિટમાં દાવ પૂરો થયો. બીજા દાવમાં અમે ઉસ્માનના પક્ષને અડધો કલાક હંફાવ્યો ત્યારે રમત પૂરી થવા દીધી. ત્યાર પછી સૌએ સાથે મળીને ગોળધાણી ને ચણાનો સપાટો લગાવ્યો. ઉસ્માન કશું લાવ્યો નહોતો. મેં એને મારામાંથી અડધો ભાગ આપી દીધો ને એ ખૂબ ખુશ થઈ ગયો. બસ વહાલની આ મૂગી આપલે અમારી દોસ્તીનો પાયો બની ગઈ. થોડા દિવસ પછી મને ઉસ્માને કહ્યું કે હોળીની રાતે ખો-ખોમાં મને વિજય મળે એટલા માટે એ પકડાઈ ગયો હતો અને આટાપાટા ઓળંગવા દેવામાં પણ એનું મારા તરફનું વહાલ જ કારણભૂત હતું. બસ ત્યારથી અમારી દોસ્તી બંધાઈ. હું અને ઉસ્માન બિરાદરો બની ગયા.

ઉસ્માનની અમ્માને અમે મરિયમ ખાલા કહેતા. મારાં બાનાં એ બહેનપણી એટલે હું એમને માસી માનતો. મરિયમ ખાલાનું ઘર બહુ જ ગરીબ. ઉસ્માનના પિતા શુક્રવારના બજારમાં ઘેટાંબકરાં વેચવાની દલાલી કરતા અને એમાંથી માંડ ખાવા પૂરતું મળી રહેતું. પણ પતંગોની ઋતુમાં થોડી કમાણી થતી. રહેમાન ચાચાના પતંગો અમારા એ આખાય લત્તામાં બહુ જ પ્રખ્યાત. પણ એક વખત શુક્રવારના બજારમાં બીજા દલાલ સાથે એમને મારામારી થઈ અને પેલા દલાલે એમના પેટમાં ચપ્પુ હુલાવી દીધું. રહેમાન ચાચા બીજે દિવસે જ મૃત્યુ પામ્યા. ત્યારથી ગરીબીએ ઉસ્માનના ઘર ઉપર ઘેરા ઓળા ઉતાર્યા. મરિયમ ખાલા કપડાં શીવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરનું પૂરું કરતી. એટલે ઉસ્માનનું નિશાળનું ખર્ચ હું મારી સાથે સાથે બા પાસેથી અપાવતો. અમે એ વખતે ગુજરાતી પાંચમી ચોપડી ભણતા હતા. બાને પણ ઉસ્માન ગમતો. એટલે ક્યારેક મારાં જૂનાં કપડાં પણ બા એને આપતાં. એક વખત બાની તબિયત સારી નહોતી. સાંજે અમારે ઘેર બેત્રણ મહેમાન જમવા આવવાના હતા. ઘરમાં ઘઉંનો લોટ નહોતો. બાથી તાત્કાલિક દળી શકાય એમ હતું નહીં. એટલે મેં પાંચ શેર ઘઉં દળવાનું બીડું ઝડપ્યું. મેં તો ઘંટી માંડી જ હતી ને ઉસ્માન આવી પહોંચ્યો. એણે મને ઉઠાડી મૂક્યો અને બધા ઘઉં દળી આપ્યા. પછી તો એવો શિરસ્તો જ પડ્યો કે બાનું ઘણુંખરું ઘરકામ કરવામાં ઉસ્માન ખૂબ મદદ કરતો. મારી અને ઉસ્માનની દોસ્તી પણ દિવસે દિવસે ગાઢ તી જતી હતી. બાપુજી અવારનવાર મરિયમ ખાલાને ઓછું ના આવે એ રીતે મદદ પહોંચાડતા. એમને ઉસ્માન એકનો એક દીકરો હતો એટલું જ નહીં; ઉસ્માન જ એમની આશા અને અરમાનનો દીવો હતો. તાબૂતના દિવસોમાં એ ફકીરી પહેરતો, પરબો પર પાણી પાતો, દુલામાં ઝુકાવતો અને કતલની રાતે આખી રાત અમારા ફળિયાના તાજીઆ આગળ એ નગારાનો અધિપતિ બની રહેતો. તાલની ચોક્કસતા તો ઉસ્માનના બાપની.

ઉસ્માન દેખાવડો, કદાવર અને મીઠડો છોકરો હતો. એની ચાલમાં પુરુષની સ્થિરતાને બદલે સ્ત્રીની હલક હતી. એની આંખોમાં નરની તેજસ્વિતાને બદલે નારીની કુમાશ હતી. એના અવાજમાં મુગ્ધાની મોહકતા હતી, કુમારની કર્કશતા નહોતી. અમે ગુજરાતી છઠ્ઠા ધોરણમાં આવ્યા ત્યારે એની ચાલમાં વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેર પડ્યો. ચાલમાં લચક વધી, આંખોમાં લજ્જા ઊપસી આવી અને ચહેરા ઉપર નખરાંની રમત શરૂ થઈ. આ ફેરફાર મને સાવ અતડો અને આશ્ચર્યજનક લાગ્યો; પરંતુ મારું અણસમજુ મન કશું સમજી શક્યું નહીં.

તે દિવસે વટસાવિત્રીના વ્રતનો દિવસ હતો. ફળિયામાંથી સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાનું એ સોહગવ્રત કરવા વડની પૂજા માટે જતી હતી. બા પણ પૂજાની થાળી લઈને નીકળ્યાં. બાના હાથમાંથી પાણીનો ભરેલો તાંબાનો લોટો લઈને ઉસ્માન પણ સાથે ગયો અને છેક અગિયાર વાગે બા પૂજા કરીને પાછાં આવ્યા ત્યારે બધાં વાસણો લઈને ઉસ્માન પણ પાછો આવ્યો. તે દિવસે આગ્રહ કરીને બાએ ઉસ્માનને સવારે ત્યાં જ જમાડ્યો. એ જ રાતે મેં એક કૌતુક જોયું. રાતે આઠેક વાગે હું મોટી માસીને ત્યાંથી પાછો ઘેર આવતો હતો. અમારા ફળિયાની દક્ષિણ દિશાએ છેક અંતમાં એક પીપળાનું મોટું ઝાડ હતું ત્યાં અંધારામાં એક છોકરાની આકૃતિ ગોળગોળ ફેરા ફરતી જોઈ. પહેલાં તો હું જરા ચોંક્યો. પણ જરા ધીરજ રાખીને પાસે ગયો ને જોયું તો ઉસ્માન હાથમાં દોરો લઇને પીપળાના ફેરા ફરતો હતો. મેં આશ્ચર્ય પામીને પૂછ્યું: 'ઉસ્માન આ શું કરે છે?' મને જોઈને એ પણ ચોંકી ઊઠ્યો અને કૂદીને મારે ગળે બાઝી પડ્યો. એની આંખમાંથી વહેતાં આંસુ મારા ખભા ઉપર પડતાં હતાં. રડતે અવાજે એણે પહેલાં તો ડૂસકાં જ ખાધાં કર્યાં. મેં જ્યારે એની પીઠ થાબડીને સાંત્વનાભર્યા અવાજે પૂછ્યું ત્યારે એણે ગદ્ગદ્ કંઠે જવાબ આપ્યો: 'ભાઈ, મારે આવતા જનમમાં ઓરત થવું છે. અને મારે તારા જેવો ધણી જોઈએ છે માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઝાડની પૂજા કરીને એને એકસો ને આઠ સૂતરના આંટા પહેરાવું છું.'

'પણ ઉસ્માન આ તો વડનું ઝાડ નથી, પીપળાનું ઝાડ છે.' બીજું શું બોલવું તેની સૂઝ મને ન પડી એટલે મારાથી બોલાઈ જવાયું.

'પીપળો વડથી વધારે પાક છે. કોઈ પણ પાક ઝાડને સૂતરના એકસો આઠ આંટા મારવા એવું હું આજે સવારે બાની વાત પરથી સમજ્યો હતો. બોલને, આવતા જનમમાં તું મારો ધણી થઈશ ને?' ઉસ્માન મને ફરીથી બાઝી પડ્યો.

મેં જરા ધીરજ મેળવી લીધી હતી. કહ્યું: 'ચાલ ઉસ્માન, ચાલ ઘેર. તું તો પાગલ થયો છે. આ તો સ્ત્રીઓનું વ્રત છે. પુરુષોથી કંઈ આવું વ્રત ના થાય.'

'પણ ભાઈ....!' ઉસ્માન આગળ કંઈ બોલી શક્યો નહીં. હું એનો હાથ પકડીને ઘેર લઈ આવ્યો. મારી સાથે જ એને રાતે થોડું ખવડાવ્યું. છેક મોડી રાતે એને ઘેર મોકલ્યો ત્યાં સુધી ઉસ્માનની આંખોમાંથી પાણી સુકાયું નહોતું. રાતે મેં બાને આ વાત કરી. બાએ તો સાંભળ્યું ન સાંભળ્યું કર્યું પણ મને આખી રાત ઊંઘ આવી નહીં.

ચારછ મહિના પછી અમને એક સવારે ખબર પડી કે ઉસ્માન આગલી રાતે ઘરમાંથી નાસી ગયો. મરિયમ ખાલાને સૌએ ઘણું આશ્વાસન આપ્યું કે 'હમણાં પાછો આવશે, ક્યાં જવાનો છે;' પણ મરિયમ માસીએ તો જાણે ઉસ્માન મરી ગયો હોય એમ કારમું રુદન કરવા માંડ્યું. બે દિવસ, બે મહિના ને બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસ ગયાં પણ ઉસ્માન પાછો આવ્યો નહીં અને એનો પત્તો પણ મળ્યો નહીં. ઉસ્માન ગયો તેને ત્રીજે વરસે, બરાબર ઉસ્માનના જન્મદિવસે જ, એની જ ગમગીનીમાં મરિયમ માસી આ દુનિયામાંથી ચાલ્યાં ગયાં.

પાંચછ વરસ પછી અમે તાબૂતની સવારી જોવા ગયા હતા. તે વખતે હું અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. અમારા કુટુંબનો નિયમ હતો કે જ્યાં સુધી અમારા ફળિયાનો તાજીઓ પસાર ન થઈ જાય ત્યાં સુધી થોભવું અને અમારા એ તાજીઆ ઉપર રેવડીનો વરસાદ વરસાવીને પછી જ ઘેર જવું. તે વખતે અમે ચાંપાનેર દરવાજે ખુશાલદાસ કાકાને મેડે તાબૂતની સવારી જોવા બેઠા હતા. દર વર્ષે અમે ત્યાં જ બેસતા. ખુશાલકાકા આમ તો મોચી હતા પણ ભક્ત હતા અને પિતાજીના સ્નેહી હતા. તાબૂતની સવારીને દિવસે એઓ દુકાન બંધ રાખીને મુસલમાનભાઈઓના એ તહેવાર ભણી પોતાની લાગણી બતાવતા. તાબૂત ઊઠયા. પહેલાં સરકારી તાજીઓ નીકળ્યો. ત્યાર પછી લશ્કરવાળાનો નંબર આવ્યો. અમે તો તાજીઆ જોવામાં, એના ઊંચાઈ, એની બનાવટ અને એની કળાનાં વખાણ કરવામાં મશગૂલ હતા. દૂલાઓની રમઝટ હતી. વાઘ બનેલા માણસો વાઘ જેવો જ દેખાવ કરતા ઘૂમતા હતા, અમારા એક સૈયદકાકા વળી કાગળનો ઊંટ બનાવીને પગે ઘૂઘરા બાંધીને તે દિવસે નીકળતા. એટલામાં અમારા ફળિયાનો તાજીઓ નીકળ્યો. અમે નીચે ઊતરી પડયા. બાએ બે આનાનું પખાલી પાસે પાણી રેડાવ્યું અને ઈમામહુસેનના તરસ્યા રૂહને યાદ કરીને તાજીઆને સલામ ભરી. અમે રેવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડીઓ લૂંટાવી. એટલામાં એક જુવાન મુસલમાન છોકરીએ આવીને પખાલીને ચાર આના આપ્યા ને પાણી છોડાવ્યું. મને એનો ચહેરો કંઈક પરિચિત લાગ્યો. મને સ્મરણ જાગ્યું. અંતરે અવાજ દીધો 'ઉસ્માન !' અને મારા એ અવાજે પેલી છોકરીને ઘેરી લીધી. છોકરી પાસે આવી. પણ એ છોકરી નહોતી. સ્ત્રીનાં કપડાંમાં ઢંકાયેલો ઉસ્માન હતો. ઉસ્માન બાને પગે પડયો. મને બાઝી પડયો. ત્યાં તો બાપુજી નીચે ઊતર્યા. ઉસ્માન બાપુજીને પણ શરમાતો શરમાતો પગે લાગ્યો. એટલામાં ચાર-પાંચ મુસલમાન હીજડાઓ ધસી આવ્યા અને ઉસ્માનને અમારી પાસેથી ઝૂંટવીને ચાલતા થયા. એક હૂલાનો ધસારો આવ્યો અને ઉસ્માન અદૃશ્ય થઈ ગયો. તે રાતે મારી આંખ આગળથી પીપળાના ઝાડના ફેરા ફરતો ઉસ્માન અળગો જ ના થયો.

એક, બે, પાંચ, આઠ અને દસ વરસો પસાર થઈ ગયાં. મને લાગે છે કે ૧૯૩૧ની સાલ હશે. એક સાપ્તાહિકનું તંત્ર હું સંભાળતો હતો. જ્ઞાતિનું એક માસિક પણ ચલાવતો હતો. ઉનાળાના દિવસો હતા એમ બરાબર યાદ છે. હું મારા સાપ્તાહિક પત્રની ઓફિસમાં કામ કરતો હતો. નોકરે ખબર આપ્યા કે મને કોઈ મળવા આવ્યું છે પણ ઑફિસમાં અંદર આવવાની ના પાડે છે. પેલા ખબર લાવનાર નોકરના મુખ પર કંઈક ન સમજાય એવું સ્મિત લટારો મારતું હતું. બહાર ગયો ને જોયું તો મારા આશ્ચર્યનો, આનંદનો પાર ન રહ્યો. એ તો ઉસ્માન હતો. ખભે ઢોલક ભેરવી હતી. સાથે એનો બીજો એક હીજડો સાથી હતો. ઉસ્માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢોલક પેલા સાથીને આપી દીધી ને મારી સાથે અંદર આવ્યો. મારી પાસેની ખુરશીમાં મેં એને વહાલપૂર્વક બેસાડ્યો પણ ઉસ્માન તો સાવ બદલાઈ ગયો હતો. એની આંખમાં લજ્જામણી કોમળતા નહોતી, નરી નફ્ફટાઈ ભરી હતી. એનો અવાજ નહીં સ્ત્રીનો ને નહીં પુરુષનો એવો બિહામણો બની ગયો હતો. એના ચહેરા પર સંઘર્ષે ચાબખા મારીમારીને દુઃખ અને વેદનાના સોળ ઉઠાડ્યા હતા. પાન ખાઈખાઈને એના રૂપાળા દાંત ગંદા અને કદરૂપા થઈ ગયા હતા. એની આખી હસ્તીમાંથી મરેલા અરમાનની દુર્ગંધ આવતી હતી. એને મળીને મારો અંતરાત્મા કકળી ઊઠ્યો. દોસ્તી દીનતા ધારી રહી. ઊઠતાં ઊઠતાં ઉસ્માને થોડાક પૈસા માગ્યા. મારી પાસે તે વખતે પાંચ-સાત રૂપિયા જ હતા. મેં એ ઉસ્માનને આપી દીધા. એના ગયા પછી મારાથી કશું જ કામ ના થઈ શક્યું. ગમગીનીથી આખું અસ્તિત્વ છવાઈ ગયું. તે રાતે પણ મને ઊંઘ ન આવી. મારી નજર આગળ એ જ ઉસ્માન ઊપસી આવ્યોઃ પીપળાના વૃક્ષને સૂતરના દોરા લપેટતો, આવતા જનમમાં સ્ત્રીના અવતારની વાંછના કરતો અને મારી પાસે સખ્યની આરત પોકારતો.

ત્યાર પછી મેં મારું શહેર છોડ્યું. પછી એકાદ વરસ શાન્તિનિકેતન રહ્યો. ૧૯૪૧માં વતન પાછો આવ્યો. ૧૯૪૩ના ફેબ્રુઆરી મહિનામાં એક દિવસ મારી ઑફિસમાંથી સાંજે છ વાગે હું નીકળતો હતો. અમારા ખાંચાના ખૂણા ઉપર મુખ્ય માર્ગ પર એક મુસલમાન પાનવાળાની દુકાન હતી. પાનવાળો ઉસ્તાદ રમજાનખાં શરીફ માણસ હતો. એને ઘેર દીકરો આવ્યાની ખુશાલીમાં એની દુકાન પર પાંચસાત મુસલમાન હીજડાઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતોની રંગત જમાવી હતી. મારી નજર એ ટોળામાં ઢોલક વગાડનાર પર પડી અને ત્યાં જ ચોંટી રહી. એ ઉસ્માન હતો. મને જોતાં જ ઉસ્માનનો અવાજ એના ગળામાં પાછો ઊતરી ગયો. હાથ ઢોલક પરથી ઊંચકાઈ ગયા. ઉસ્માન ઊભો થઈ ગયો. ગીતની રંગત રઝળી પડી. એણે આવીને મને સલામ કરી: 'ભાઈ કૈસે હો?' 'અચ્છા હૂં, ઉસ્માન' મેં કહ્યું. અમારી આ વાતચીત અને ઓળખાણ જોઈને પાનવાળા ઉસ્તાદના અચંબાનો પાર ન રહ્યો. ટોળાના માણસો મને અને ઉસ્માનને વારાફરતી જોતા રહ્યા. મેં ઉસ્માનને મારી ઑફિસ દેખાડી ને કહ્યું કે કામકાજ હોય ત્યારે જરૂર આવે. ત્યાર બાદ મહિને છમહિને જ્યારે ખાવાના પૈસા ન હોય ત્યારે ઉસ્માન આવતો અને ખુશ થઈ ને ચાલ્યો જતો. પણ જ્યારે જ્યારે હું એને જોતો ત્યારે ઉસ્માન જિંદગીનાં પગથિયાં ઊતરીને મોત ભણી જઈ રહ્યો છે એવી લાગણી થયા વિના ન રહેતી. એક દિવસે હું મારી સાઇકલ ઉપર મુખ્ય માર્ગની ગાડીમોટરોની ભીડ છોડીને પાછલે રસ્તે ઑફિસમાં જતો હતો. સાડાઅગિયાર-બાર વાગ્યા હશે. બરાબર મસ્જિદની સામે એક આંધળા ભિખારીને દોરીને જતાં ઉસ્માન મળ્યો. એને જોઈને હું સાઇકલ પરથી ઊતરી પડ્યો. હું જાણતો હતો કે ઉસ્માન લગભગ ભીખ માંગીને પેટ ભરે છે. એને કોઈ દિવસ ખાવાના સાંસા પડતા હશે એવી કલ્પના પણ કરતો. મને મારા વિચારમાંથી જગાડીને ઉસ્માને કહ્યું, 'ભાઈ, મુઝે ચાર આને ચાહિયે.' મેં ચાર આના આપ્યા તે તરત જ એણે પેલા અંધ ભિખારીના હાથમાં મૂક્યા અને એક ઓળખીતા છોકરાના હાથમાં એની લાકડી આપીને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી સાથે વાતે વળગ્યો. મસ્જિદ પાસેની એક અતિશય નાની ગંદી કોટડીમાં ઉસ્માન એના ચારપાંચ સાથીદારો સાથે રહેતો હતો. મસ્જિદને એ લોકો મહિને એક રૂપિયો ભાડું આપતા હતા. ઉસ્માને એની કોટડી બતાવી. અંદરની દુર્ગંધથી મારું માથું ફાટી ગયું. આવી જગ્યામાં આ લોકો કેમ રહી શકતા હશે ? એટલામાં ચારપાંચ ગરીબ નાગાંભૂખ્યાં છોકરાં આવી પહોંચ્યાં. એક જણે કહ્યું, 'અફલાતૂન, ચનેમમરે દિલા દો.' ઉસ્માને મારી સામે જોયું. મેં ખિસ્સામાંથી બે આના કાઢીને ઉસ્માનને આપ્યા. એણે પાસેના ભાડભૂંજાની દુકાનેથી ચણામમરા લઈ ને પેલા છોકરાંઓને વહેંચી દીધા.

મેં કહ્યું : 'ઉસ્માન, લે, આટલું તું પણ રાખ.' ને એને પાંચ રૂપિયા આપવા માંડયા. મારો આ સદભાવ જોઈ ને એની આંખો રડી પડી. હજી તો એની આંખોમાંથી આંસુ બહાર ટપકે તે પહેલાં મસ્જિદની બાજુમાંથી એક વૃદ્ધ લાગતો મુસલમાન આવી ચઢયો. જરા ગુસ્સો કરીને કહ્યું : 'અફલાતૂન, પાંચ મહિનેકા કિરાયા ચઢા હૂ આ હૈ. અગર આજ નહીં દિયા તો કોટડીકો તાલા લગા દૂંગા. ફિર મરના બહાર.'

'લો ચાચા, યહ ચાર રૂપયે. એક રૂપયા ફિર દૂંગા.' કહીને ઉસ્માને મારી પાસેથી પાંચ રૂપિયા લઇને એમાંથી ચાર રૂપિયા પેલા ચાચાને આપી દીધા. વૃદ્ધ મુસલમાન મારી તરફ કતરાતી નજર નાંખીને ગલીમાં ચાલ્યો ગયો. મેં ઉસ્માનને કહ્યું કે એને પાંચ રૂપિયા આપી દેવા હતા ને. અને ઉત્તરમાં એનાં રોકાયેલા આંસુ છલકી પડયાં. ધીરેથી બોલ્યો: 'ભાઈ, શામકે લીયે આટાપાની ભી તો નહીં હૈ.' મારી પાસે વધારે પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતા. મેં મારાં ગજવાં તપાસીને કહ્યું: 'ઉસ્માન, ઑફિસમાં આવીને કંઈક લઈ જજે.' હું સાઇકલ પર બેસવા જાઉં છું ત્યાં જ એક મુસલમાન ડોશી લાકડીને ટેકે આવી પહોંચી. થરડાતે અવાજે બોલી: 'બેટા અફલાતૂન, ચારઆઠ આનેકા આટાપાની દિલા દે. દો દિનસે ભૂખી હૂં. મોદીને આજ ના કહ દિયા: પહેલેકે આઠ આને દો તો આટા લે જાઓ. ક્યા કરું, મરું ? ખુદા મોત ભી નહીં દેતા.' ને મારી તરફ જોયા વિના ઉસ્માને પેલો બચેલો રૂપિયો ડોશીના હાથમાં મૂકી દીધો. બોલ્યો: 'અમ્મા, લો રૂપિયા હૈ. આઠ આને ઉસે દે દેના ઔર આઠ આનેકા આટા-નમક લે આના.'

'ઔર બેટા, ચારપાંચ લકડી તો દે. મેં પકાઉંગી કાયસે ?' ડોશીનો અવાજ સાવ થરડાઈ ગયો. ઉસ્માન એની ખોલીમાં લાકડાં લેવા ગયો. મેં પેલી ડોશીને પૂછ્યું 'અમ્મા, યહ અફલાતૂન નામ કિસને રખ્ખા ?' ડોશીના અવાજની ફિરત ફરી ગઈ. ખુશીથી બોલી: 'સાબ, ભૂખા મરકે ભી યહ ઓરોંકો ખિલાતા હૈ. ગરીબનવાજ હૈ. સબ ઈસકો અફલાતૂન હી કહેતે હૈ.'

'લો અમ્મા, ચારપાંચ લકડી હી હૈ.' ડોશી લાકડાં માથે મૂકીને ચાલતી થઈ.

મેં કહ્યું: 'ઉસ્માન, ચલો ઑફિસમેં.' ઉસ્માન મારી પાછળ ઑફિસમાં આવ્યો. તે દિવસે ઑફિસમાંથી મેં એને બીજા પાંચ રૂપિયા આપ્યા.

ત્યાર બાદ એકાદ વરસ સુધી અફલાતૂન દેખાયો નહીં. મેં ઉસ્તાદ પાનવાળાને પૂછ્યું પણ એમને ય ખબર નહોતી. એક બપોરે મને ઉસ્માન એટલો સાંભર્યો કે ઑફિસનું કામ પડતું મૂકીને હું એની ખોલી પર તપાસ કરવા ગયો. અંદર જઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું તો અફલાતૂન પથારીવશ હતો. બારણે પેલી ડોશી અને આંધળો ભિખારી બેઠાં હતાં. બહાર આંગણામાં પેલા નાગાંભૂખ્યાં છોકરાં રમતાં હતાં.

મને જોતાં જ અફલાતૂનની આંખોમાં થોડું તેજ આવ્યું. પણ એ તો ઉસ્માન અફલાતૂન જ નહોતો. જાણે એનું મુડદું પડયું હતું. મને જોઈને એણે મીંચાઈ જવા મથતી એ આંખોને પાણીથી છલોછલ ભરી દીધી. ઊંડાણમાંથી એનો અવાજ આવ્યો : 'ભૈયા, આ ગયે તુમ ! અચ્છા હુઆ. અબ મૈં આરામ ઔર આસાની સે જાઉંગા. ખુદાને મેરે દિલકી અરજ સૂન લી. તુમ્હે દેખને કે લિયે જિગર તડપ રહા થા.' ઉસ્માનનો અવાજ વધારે ઊંડો ઊતરતો લાગ્યો. એની અસ્પષ્ટતા વધતી ગઈ. છતાં એનાથી ચૂપ ન રહેવાયું. પ્રયત્ન કરીને એણે કહ્યું : 'ભાઈ,' અને આંખના ઈશારાથી મને પાસે બોલાવ્યો. પાસે ગયો એટલે એણે બે હાથે મારો હાથ પકડી લીધો. અવાજ ન નીકળ્યો પણ એની ટગર ટગર જોતી આંખો આખી જિંદગીની વ્યથા કહેતી હતી. અંતરની આરત કહેવા માટે અવાજ કરતાં આંખો કેટલી વધારે બળવાન છે એ ત્યારે જોયું. એક જ દૃષ્ટિ સમગ્ર અસ્તિત્વને દિગ્મૂઢ બનાવી શકે છે એ અનુભવ પણ ત્યારે જ કર્યો. ઉસ્માનના ધ્રુજતા અવાજે મારી વેદનાને વીંધી નાંખી. એણે કહ્યું : 'ભાઈ, પીપલ કે ઝાડકે નીચે વહ રાતકો કહા થા કિ મૈં ઓરત બનૂંગી ઔર તુમ મેરે આદમી હોંગે....નહીં ભૈયા, યહ બાત સચ્ચી નહીં. અગલે જનમમેં અબ તો મૈં તુમ્હારી મા બનૂંગી.' કહીને ઉસ્માને આંખો મીંચી દીધી.

અને........અને એ આંખો ફરીથી ઊઘડી જ નહીં.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત્રકને કાંઠે

પન્નાલાલ પટેલ

સંધ્યાએ આભલાંને આજ ગેરુઆ રંગથી આખાય રંગી નાખ્યાં હતાં. ઘરે પડીને વહેતાં વાત્રક નદીનાં આસમાની નીર લાવા સરખાં બની રહ્યાં. જમણા કાંઠા ઉપર આવેલી પેલી ટેકરી ઉપરના એકલા ઘરનાં નળિયાં ઉપર સોનેરી ઢોળ ચડ્યો. પેલી બાજુની તળેટીમાં ઊડતી ગોરજનું પણ ઘડીભર માટે ગુલાલ બની ગયું. અરે, કારતક મહિનાની ટાઢને પણ આજની સંધ્યાએ જાણે ફૂલગુલાબી બનાવી દીધી.

ટેકરી ઉપરના પેલા ઘર આગળ ઢોર–બકરાંના ભાંભરવાનો કલશોર મચી રહ્યો, પણ એ ય ઘડીભર માટે. ઢોર કોઢમાં બંધાયાં ને બકરાંને ય અઠાવીસેકની એક યુવાન બાઈએ ચોપાડના કોઢિયામાં પૂરી દીધાં. કમાડિયું વાસીને એ પીઠ ફેરવે છે ત્યાં જ એની નજર ચણા વાવેલા ખેતરની પેલી પા—નદીકાંઠા ઉપર જઈ પડી :

એક નાનકડી તાપણી પોતાનો પ્રકાશ પાથરવાનાં ફાંફાં મારતી હોય એમ બળવા લાગી હતી. કાળી ભમ્મર દાઢી–મૂછ, ધોળિયા કરતાં કંઈક લાંબી એવી જટા અને ગળે ગાંઠ પાડી અડધું પહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેલું ને અડધું ઓઢેલું ગેરુઆ રંગનું ધોતિયું વગેરે સાધુની નિશાનીઓવાળા બે માણસોમાંથી એક ઘડા જેવડું તુંબડું ભરીને લંગડાતો કાંઠો ચડી રહ્યો હતો. બીજો તાપણીની બાજુમાં ચીપિયો ખોસવાનો પ્રયત્ન કરી રહ્યો હતો; તો વળી પેલો તાપણીએ જાડાં લાકડાં અડાવતો હતો.

'શું તાકી રહી છે નવલ? આ પેલી ગાય બાંગડે (ભાંભરે) છે ને?' ચોપાડના ખૂણામાં ખાણ ઠારી રહેલી ડોશીએ કહ્યું. પણ પછી તો એ ય પેલા કાંઠા તરફ સાધુઓને તાકવા લાગી.

'બીજું તો કાંઈ નઈ માસી, પણ આ પીટ્યાને અહીં ક્યાં ધૂણી ધખાવવાનું સૂઝ્યું હશે?' નવલની વાણીમાં ભલે હળવાશ હતી—સહજ ભાવ હતો, બાકી કાંઠા તરફ સંડાઈ રહેલી એ આસમાની આંખોમાં ને ભીના વાન પર તો ભારોભાર ગંભીરતા હતી, પ્રતિક્ષણે વધતી જતી હતી.

'હશે આપણે શું? ઘો મરવાની થાય એટલે વાઘરીવાડે જાય. પોર પેલો એક મદારી તો પકડાઈ ગયો છે અહીંથી, ત્યારે આ પીટયા જાણતા નઈ હોય? સરકારનો ડોળો તો આ ત્રણ વરસથી અહીં દિનરાત આ ઘર ઉપર મંડાયેલો જ છે.....'

નવલનું ધ્યાન માસીના બોલવા તરફ હોત તો એને કદાચ હસવું આવત : 'આ બિચારા પરદેશી શું જાણે કે આ ઘરનો માણસ મુખીના દીકરાનું ખૂન કરીને ત્રણ વરસ ઉપર ભાગેલો છે?'

પરંતુ નવલનું ધ્યાન અત્યારે પેલા બે જણની આસપાસ જ હતું. આંગણામાંથી પોદળા ભરતી હતી તે ય યંત્રવત્.

માસીનો બડબડાટ ચાલુ જ હતો : 'એ ય સુવો છટક્યો એ તો છટક્યો પણ પકડાઈ જતો હોય તો આવા બાપડા કોક તો ફંદામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન પડે, સામાવાળું (નવલ) ય ક્યાં લગી વાટ જોઇને બેસી રે'શે, એટલું ય એ નઈ ગણતો હોય ?— '

માસીની વાત ઘણીવાર અસંગત અથવા તો ઊલટીસૂલટી થયા કરતી. ખાણુભરેલું એક ટોપલું ઊપાડતા એમણે નવલને કહ્યું: 'લે આ ટોપલું ચાંદરી (ભેંશ)ને મેલ હેંડ.' જતાં જતાં ઉમેર્યું: 'એવા તો પીટ્યા ઘણાય ભટક્યા કરે છે ધૂતારા.'

નવલને કહેવું હતું: 'પણ આ લોક તો આપણા ઘરની વાત કરતા હોય એમ જ લાગે છે માસી: જો ને બીડી પીવા બેઠા છે એ ય આ પા મોઢાં કરીને !....' પરંતુ માસી આગળ આવી વાત કરવા જેટલી આજ એની હિંમત ન લાગી, એટલું જ નહિ એનો અર્થ પણ કંઈ જ ન હતો.

નવલ ખાણનું ટોપલું કોઢમાં મૂકી આવી, કંઈ સૂઝ ન પડતાં વળી પાછી ચોપાડની ધાર ઉપર જઈ બેઠી. અલબત્ત, હાથમાં કામના બહાના તરીકે એક છૂટેલા દામણાનો સાંધો થઇ રહ્યો હતો. આંખો તો લગભગ નદી તરફ જ હતી.

એક વાર વળી એમ પણ થયું: 'માસા આવ્યા હોત તો ય ખબર કઢાવત....આ઼ આટલી ધરતી પડી છે, સામે કાંઠે જ માતાજીનું મંદિર છે ને આખું ગામ ક્યાં નથી ?' ત્યારે એ બધું મેલીને અહીં મારી છાતી સામે ધૂણી ધખાવવાનું કાંઈ કારણ ? કે પછી પીટ્યા પેલા રાજવાળામાંના (જાસૂસ) જ છે ?'

એટલામાં તો ઢોર-બકરાંને સેર ચઢાવી ઘર તરફ વાળી બળદોને સેઢે ચરાવવા રહેલા પચાસેક વર્ષના માસા ય, ઘોડીઓ સરખા બે બળદ સાથે આવી લાગ્યા. લાગલું જ નવલે એમનું ધ્યાન દોર્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જુઓને મામા, કોકે ધામા નાખ્યા છે એ?'

પરંતુ મામાએ ય કંઈ ધ્યાન ન આપ્યું. 'છોને નાખે, આપણું શું ખાવા માગે છે?' કહી એ ય બળદોની પાછળ પાછળ ઘરમાં ચાલતા થયા.

નવલને ય પોતાને માટે આજ—આ ક્ષણે—નવાઈ લાગવા માંડી. શા માટે પોતે આજ પેલા અવિચારી—ખૂની માણસને ઝંખી રહી છે; ને તે ય ત્રણ વરસે જતી?....ને એ તો ઠીક પણ આઠેક વરસ ઉપર રિસાઇને તજી ગયેલા પેલા પ્રથમ વારના અભાગી પતિને ય એ ઊંડે ઊંડે યાદ કરી રહી હતી. કોઈ દિવસ નહિ ને આજે જ પેલા બે જણને જોતાં બેઉ પતિ એને સાથે યાદ આવી રહ્યા હતા, અરે અતલ ઉરે તો, પેલો સાજો એ પ્રથમ વારનો ને લંગડો એ ખૂની, એવું પણ એની જાણ બહાર ગોઠવાઈ ચૂક્યું હતું.

એ જામતાં અંધારામાં એણે પેલા બે જણને આ તરફ આવતા જોયા. એ ઊભી થઈ ગઈ. બારણા આગળ થંભી ઘરમાં જ ચાલી ગઈ.

કોણ જાણે કેમ પણ નવલને અઠાવીસની ઉમ્મરમાં આજ પહેલી જ વાર ડર જેવું લાગ્યું. જ્યારે ક્ષોભનો તો પાર ન હતો. ઘરમાં જઈને એણે પેલા હઠીલા હૈયાને કહ્યું પણ ખરું: 'પેલા તો બેય જણ સાજા સારા ને છોકરા જેવા હતા, જ્યારે આ તો—ભાળતી નથી એમાં એક તો લંગડો છે? ને પેલો પેલો ય પાતળો હતો ત્યારે આ તો આ કોઠીના ફેરે(જાડો) તો છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસા–માસી એક તરફ નવલના વાલીપદે હતાં તો બીજી બાજુ એનાં આશ્રિત પણ હતાં. બાપ મરી જતાં એકલી પડેલી નવલને આવા કોઈની જરૂર ઊભી થઈ, જ્યારે પેલાંને ચાર વહુઓમાંથી એકેય સંઘરતી ન હતી અને એટલે જ આ અનાથ થઈ પડેલાં ડોસા–ડોસી એની ઇચ્છાને સદા ય માન આપતાં. કોઈ વાતની સલાહ આપતા—દાખલા તરીકે નાતરું કરી લેવાની—તો ય એને રાજીમાં જોઈને જ; પરંતુ આજ ઘરની ધણિયાણી ખુદ નવલ જ એમનાથી ડરી રહી હતી. તેમાં ય માસીથી તો ખાસ. સેડ કાઢી રહેલાં માસીએ વિના કારણ ઘરમાં આઘાપાછી કરી રહેલી નવલને ભાનમાં આણી. 'શું કરે છે તે અંધારામાં બુન તું? દીવો તો કર બાળ?' નવલે દીવો સળગાવી કોઢ તથા મોવંડ* વચ્ચે આવેલી ઢીંચણભરની ઓટલા ઉપર મૂક્યો. અંદરથી ચોખા લાવીને ઝાટકવા વળી, બારણાની બાજુમાં આવેલા ચૂલા આગળ બેસી લાકડાંના અજવાળે વીણવા લાગી.

ગોરસામાં દૂધ પાડવા જતાં માસીને કહેવાનું મન તો થયું, 'લાકડાંના અજવાળે તે કોઈ વળી ચોખા વીણતું હશે બુન?' પરંતુ આવું કંઈ ન કહેતાં એમણે ચોખ્ખી જ વાત કરી: 'ઓરી દેને બુન પાટુડામાં!' અને બહાર ભસી રહેલા કૂતરા તરફ ચીઢને વાળી રહ્યાં: 'આ મૂવા કૂતરાંને ય ભસભસનો જ વહેવાર છે?'

લાડકી નવલ એના અસલ મિજાજમાં હોત તો જરૂર કહેત:

---

* મોવંડ એટલે ઘરમાં બારણા આસપાસનો બેસવા–સૂવાનો ભાગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે તુંય ક્યાં ઓછું બોલે છે માસી ? ચોર-લફંગા દા'ડે તારાથી બીએ છે ને રાતે આ કૂતરાંથી !—'

પરંતુ નવલ અત્યારે ધ્યાનધારી જોગી જેટલી જ બેધ્યાન હતી. નદીના કાંઠા રણકાવતાં કૂતરાંનું ભસવું સુદ્ધાં એના ખ્યાલ બહાર હતું.

પાટુડામાં ચોખા ઓરતી નવલને કાને—બલકે હૈયા ઉપર જ સીધા, આંગણાના પથ્થરો પર પડતા ડંગુરાના અવાજ ઊઠ્યા. એક જણના જોડા ખખડતાં પારખ્યા તો વિના જોયે ય. લંગડા સાધુને એણે જોડા વગરનો કળી કાઢ્યો. પહેલાનો અવાજ આવ્યો: 'જય સીતારામ ! કાકા !'

એકાએક નવલનો અંતરાત્મા બોલી ઊઠ્યો: 'એક તો એ જ છે. એનો જ સાદ છે !'

બારણાથી બે ખાટલાવા છેટે આવેલા તાપણામાં દેવતા સળગાવતા માસાએ આવકાર આપ્યો: 'આવો મહારાજ ! બેસો એ ખાટલા પર !'

પહેલા સાધુએ ખાટલાને ઉઠાવી પેલી બાજુએ મૂક્યો. તાપણા તથા બારણા તરફ મોં રહે એ રીતે જવાબમાં બબડ્યો: 'અહીં એક પા જ ઠીક રે'શે !' લંગડાએ પણ પાંગેથ તરફ જમાવ્યું.

સામી બાજુ બકરાંના કોઢિયાની આડે બાંધેલા કૂતરાએ ભસવું છોડીને ઘૂરઘૂરાટ શરૂ કર્યો. માસીનો બડબડાટ પણ ઘરની અંદર ચાલુ થઈ ગયો હતો. 'હરીફરીને એક સીતારામ જ આવડ્યું છે. બસ પારકાના જીવતર પર જીવવું ને ફર્યા કરવું....!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટુડા નીચે હદ ઉપરાંતનાં લાકડાં ખોસી રહેલી નવલના કાન તો બહાર જ જડાઈ ગયા હતા. પેલા બેમાંથી એક (જેને નવલ પહેલી વારના પતિ તરીકે માની રહી હતી) માસાને સવાલ પૂછતો હતો: 'કેટલા દીકરા છે?' 'ચાર દીકરામાંથી એકે ય અહીં નથી?' 'એકે વહુ નથી સંઘરતી?' 'ડોસા ડોસી બેયને?....' 'આ ઘરની માલકણ તમારે ભાણી થાય?' 'બાઈ એકલી જ છે? બારણામાં રહી બિલાડીની જેમ ડોળા ઘૂરકાવી રહેલાં માસીથી બોલ્યા વગર ન રહેવાયું: 'એ બધું તમારે પૂછવાનું કાંઈ કારણ બાવાજી?' કહેતાં કેડે હાથ દઈ પેલા સાધુ સામે જઈ ખડાં થઈ ગયાં.

'કારણ તો માડી બીજું કાંઈ નઈ પ....ણ....પ....ણ, સંસારી સાથે બીજી વાતે ય શી કરવી?' બની શકે એટલી મીઠાશ વાપરતાં સાધુએ કહ્યું.

ગુસ્સાને દબાવી રહેલાં માસીનો ઈરાદો તો હતો આરોહ તરફ જવાનો, પરંતુ પા ઘડીની વાતમાં તો બાવાએ એમને અવરોહ તરફ વાળી દીધા....ને પછી તો એ પોતે જ તાપણા આગળ બેસીને વાત કરવા લાગ્યાં:

'બળ્યા અવતાર ને બળ્યો આ સંસારે ય, બાવાજી. મારા પીટયા ભગવાનને ઘેરે ય સો મણ તેલે અંધારું છે કે શું તે—' અને બે કમાડ વચ્ચે અંધારાનો લાભ લઈ તરઘટ ઉપર આવી બેઠેલી નવલ તરફ હાથ કરતાં આગળ બોલ્યાં: 'આ અમારે નવલ! પાંચ ભાઈઓના મોત ઉપર એ એકલી જ જીવતી રહી છે. મા ય નાની મેલીને મરી ગઈ. અધૂરામાં પૂરો બાપે ય એવો મળ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આખી 'પચ્ચીસી'થી વેર બાંધ્યું. પછી તમે જ કો' બાવાજી ગોળ બા'રનો જ વર ખોળવો પડે ને ? ને ઘરજમાઈ રે'વા આવે ય કુણ ? કાં તો આવે છટેલ-દડેલ કે કોક આવે હલકા ઘરનો.' આંખો ફાડી ક્ષણભર તાકી રહ્યા પછી ઉમેર્યું : 'ને એમ જ થયું. બાઈના કપાળે પે'લો વર મળ્યો છટેલ.'

'કેમ છટેલ માડી ?' પહેલા સાધુને પૂછવું જ પડ્યું.

'કેમ, તે ન મળે માતપિતામાં મા કે બાપ. કે' છે મામાને ઘેરે રે'તો'તો. એમાંથી મારી દીકરી કે'તી'તી એમ કોક મેળામાં આ મારી નવલને એણે ભાળીને...' એકાએક ડોશીનાં ભવાં તંગ થઈ ઊઠ્યાં. 'મારો પીટ્યો છોગાળો ! એની આખી ય 'બેતાળી' પડતી મેલી અહીં 'પચ્ચીસી'માં આવી ઘરજમાઈ રહ્યો ! હવે તમે જ કો' બાવાજી ! છટેલ વગર બીજો કોઈ રહી પડે આમ ? એમાં વળી કામના કૂડા ને વાતોના રૂડાં, તમે તો જાણો છો. અમારે ખેડૂતને તો દનનો દોઢ શેર પરસેવો પાડવો પડે ! પછી ઠાકોરના જેટલી સાહ્યબી ફેરવનાર અમારા બનેવીથી દીઠું ય જાય ? ને પરવડે ય ખરું ? એમને રૂપિયાનું તો દેન ઊગે અફીણ ખાવા જોઈતું ! એટલે કે સસરા-જમાઈને ઘડીભર ઊભા રહે ય બને નઈ. ને એમ કરતાં એક દન બેયને જામી પડી. સસરાએ હાથ પકડ્યો ને જમાઈ ય તું-તુંકારે આવી ગયો. એમાંથી પીટ્યાને છડીછોટ લાગી તે રાતે પરભાર્યો જ ઝાકળિયેથી હેંડતો થયો. મામાને ઘેરે ય ભાળ કરાવી, પણ હોય તો મળે ને ? પીટ્યો જાણે ધરતી જ ઊતરી પડ્યો.'

પહેલા સાધુએ એક ભારે શ્વાસ લીધો; જ્યારે લંગડો કંઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુન્નસભરી આંખે એની સામે તાકી રહ્યો. ભાન ભૂલ્યો હોય તેમ બબડી ઊઠ્યોઃ 'એણે જ તો આ બધા ખેલ કરાવ્યા !'

'બાવાજી....મારો !' મોકાસર ટાપસી પુરાતાં ખુશ થઈ ઊઠેલી ડોશીએ એની સામે મીઠી એવી એક નજર પણ નાખી લીધી. જ્યારે પહેલા સાધુએ એને કોણી મારી અણગમો વ્યક્ત કર્યો—ભાનમાં આણ્યો.

ડોશી પોતાની ધૂનમાં હતાં, 'તોય બાપ, મારી નવલે તો આજ આવે, કાલ આવશે એમ કરીને ચાર વરસ વાટ જોઈ.'

અને સ્વગત બોલતાં હોય તેમ ડોકું ધુણાવતાં આગળ બોલ્યાંઃ 'થાકીને છેવટ એક બીજો વોર્યો, પણ એય પીટ્યો રખડેલ ગોળ બા'રનો. પેલા મૂવાનો કાંક સગોય થતો'તો. કે'છે કોક વાત કરતું'તું કે સાત તો એને ભાઈ છે ને ડોસા-ડોસીય હજી જીવે છે. પણ મિજાજનો એવો કે ઘરમાં ભાઇઓથી કાંક લડાઈ થઈને નીકળી ગયો ઘર બા'રો, ફરતો ફરતો ગરો (ગ્રહ) જ એને અહીં તાણી લાવ્યા હશે ? ને નકર ક્યાં અહીં ભાગિયો રે'વા ને ક્યાં પેલા ડોસાનું મન રંગવા (રિઝવા) ! બીજે વરસે તો ભાગિયામાંથી ઘરજમાઈ થઈ બેઠો.'

'એને તો બાવાજી મીંય એક ફેરા ભાળેલો !' ડોશીના ચહેરા પર થોડોક આનંદ પથરાયો. 'કામને તો દીઠું કે જાણે લીધું છે. રાખશની પેઠે ખાઈ જ જાય જાણે. ને જીભ જુઓ તો ટૂંકી પાછી. બે ફેરાં બોલાવે ત્યારે એક ફેરા બોલે. પછી તમે જ કો,' ડોસાને ગમી જ જાયને ?'

'હાસ્તો.' પહેલા સાધુએ હુંકારો ભણ્યો—પણ નિશ્વાસ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોશી એમની ધૂનમાં હતાં, 'ને બાપ, મારી નવલને તો કોઈ ટૂંટિયા સાથે પેણાવોને ભલે ! એ ભલી, એનું કામ ભલું ને અફીણી બાપની ચાકરી ભલી. એ જમાઈ વો'ર્યા પણ એકકેની સાથે એક જરા સરખું ય કે' છે નથી ચડભડી.' ડોશીનો અવાજ ઢીલો પડવા માંડયો. 'પણ પીટયો ભગવાન જ હાથ ધોઈને એની પાછળ પડયો 'તો. આટઆટલાં શાણપણે ય એને સુખી થવા ન દીધી! નકર વળી....'ને પછી તો શબ્દોને બદલે નર્યું રુદન જ વહી રહ્યું.

મારા પણ આંખો લૂછવા વળ્યા. જ્યારે કમાડ અઢેલીને બેઠેલી નવલની આંખો તો કયારની ય ટપકી રહી હતી. કોઈએ જોયું હોત તો લંગડા સાધુની આંખો ય આંસુભરી માલૂમ પડત.

વાત કઢાવનાર સાધુ પણ બેચેન હતો. 'હા, પછી વાત તો પૂરી કરો મા ?'

'પૂરી ને અધૂરી બાપા !' બબડી, ભારે શ્વાસ લઈ વળી શરૂ કર્યું : 'આ સામા ગામના મુખી ને ડોસાને જાણે માણસ માર્યા વેર ચાલતાં'તાં, એટલે જ તો વીસ વરસથી આ વગડો વેઠી રહ્યાં'તાં ને ! પણ તોય—એ પીટયા મુખીના દીકરાને ગરોએ ઘેર્યો હશે તે ત્રીજા ચોમાસા પર ભર્યા મેળામાં નવલની કાંક લખણી (છેડતી) કરી.' ડોશીએ એક જોરથી શ્વાસ લઈ જરીપુરાણી ધમણમાં હવા ભરી, 'ને કે' છે કે એ વાત જાણીને ડોસાએ છાતીએ ગડદા ઘાલ્યા ને પછી એ રાતનાં મરેલા દીકરા યાદ કરી કરીને ડોસાએ એવા તો વલાપ કર્યા કે—આજે ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળનારા કે'છે, " કણુકણુ કરતો વરસાદ વરસતો'તો ને એ અંધારી રાતે ડોસાનું રોવું (રુદન) એવું લાગતું જાણે સામા કાંઠાનો પેલો વગડો જ ન વલાપતો હોય !" ને ભાઈઓના ઓરતા લાવતી નવલે ય—કે'છે નવલી નો'તી રોતી, અમને તો લાગતું'તું જાણે કાંઠા ભરીને વે'તી વાત્રક વલાપતી'તી !'

ડોશી વળી પાછાં સ્વગતની જેમ ડોકું હલાવી રહ્યાં—બોલ્યાં : 'એવું હશે ત્યારે જ તો પેલા જમાઇનો—પારકા જણ્યાનો માહ્યલો કોપ્યો હશે ને ? કે'છે કે મેળેથી બારોબાર ઊપડ્યો ને અંધકોપ રાતમાં નદીનાં પાણીને ય એણે ન ગણકાર્યાં ને કે'છે માળે સૂતેલા પેલા વેરવાઈને જગાડીને ઝટકાવી નાખ્યો. ઘેર આવી ડુસકાં ખાતા સસરા આગળ વધામણી ખાવા મંડ્યો. પણ એટલામાં તો કે'છે નવલે એના મોઢા આડા હાથ દીધા ને પાછે પગલે વગડાની વાટે જ વાળી દીધો. ને કહ્યું જ હશે તોઃ "જીવતો રહીશ તો ભદ્દર પામીશ." એ વેળાથી ગયો છે તે આજની ઘડી ને કાલનો દન !'

નિશ્વાસ નાખતાં ઉમેર્યું : 'આજકાલ કરતાં તો ત્રણ ત્રણ વરસનાં વાણાં વાયાં બાવાજી ! નથી પેલા ભાગેડુનું કાંઈ થતું કે નથી નવલ ઘર માંડવાનું ગણકારતી, ને—'

વચ્ચે જ નવલનો અકળાયેલો અવાજ આવ્યોઃ 'અડધી રાત તો થઈ, ત્યારે ખાશો ક્યારે માસી ?' અને આછી ભડક સાથે ઊભાં થઈ ગએલાં માસીને ઘરમાં આવવા દઇ કહ્યું : 'આલો એમને શેર ચોખા આલવા હોય તો ને કાઢી દો અહીંથી.'

પરંતુ સાધુ ઠંડા હતા. ચોખા મળવા છતાં ય ઊઠવાની દાનત નહોતા કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલે મામાને ય ખાવા માટે ઘરમાં બોલાવી લીધા. તો ય પેલા 'એદી' (આળસુ) લોક ન ઊઠયા.

ને નવલને બહાર નીકળી સામે આવી કહેવું જ પડયું, 'મોતના મુઢામાં બેસી રે'વાનું કાંઇ કારણ ?'

'અમારે તને કાંક વાત કે'વી છે. પૂછવું છે થોડુંક....' ખુશ થઈ ઊઠેલા પહેલા સાધુએ કહ્યું.. તાપણાને અજવાળે ધૂપછાંય થઈ રહેલી નવલની આંખ સુ આંખ મેળવવા એ મથી રહ્યો હતો.

જ્યારે લંગડા સાધુની ચંચળ થઈ ઊઠેલી આંખો નવલની દેહલતાને જ માપી રહી હતી. કહેવા જતો હતો, 'પણ તું પેટ ભરીને ખાય છે કે નઇ ? જો તો ખરી કેટલી બધી ઓસમાઈ ગઈ છે !' એટલામાં તો 'એ પહેલાં તું એટલું કે'ને—તી અમને ઓળખી લીધા છે કે—'

એ ભોળા, ભલા ને અબુધ અવાજ તરફ વળતી નવલની આંખોમાં સ્નેહનો એક ઊભરો ઊઠ્યો ન ઊઠ્યો ને શમી ગયો. કંઈક દયાભરી, દુઃખભરી નજરે તાકતાં એણે એને સવાલ કર્યો: 'હા, પણ આ પગ કયાં ખોયો ?'

'એ તો ખોયો'—એને ઉતાવળ હતી પોતાના સવાલ માટેની અને કહી નાખ્યું: 'પેલી ગોઝારી રાત નાસતાં નાસતાં, પણ તું તારી વાત—'

નવલ ક્રૂર બની પોતાનાં જ નહિ, સામાં બે હયાં ઉપરે ય ! ને દાતરડું ચલાવતી હોય એમ 'કરપ' કરતાકને સ્નેહી જનના સવાલને કાપી નાખ્યો. 'એ બધું રે'વા દઈ ને, એક ફેરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે ઊઠો અહીંથી, મારું કહ્યું માનો તો ધૂણી ઉપર ગયા વગર પરભાર્યાં જ અહીંથી—' અને લંગડા સાધુ તરફ તાકતા ધીમેથી ઉમેર્યું: ' અહીં તો આ ઝાડવાં ય રાજનાં ચાડિયાં છે માટે....' વાક્ય અધૂરું મૂકી પહેલી શિખામણ એણે પોતે જ લીધી. બારણા તરફ પગ ઉપાડ્યો. જતાં જતાં ય હાથને જ ઈશારે કહી રહી હતી: 'ઊઠો, ઊઠો, હેંડવા માંડો....'

પહેલો સાધુ ફાળ સાથે ઊભો થઇ ગયો. 'પણ—પણ અમે તો મરવા માટે જ આવ્યા છીએ. એક થોડુંક અમારે તને પૂછવું....'

લંગડો સાધુ જ એની સામે ઘૂરક્યો: ' અરે તું ય ભલો આદમી છે ને ? એ શું એમાં કે'વાની છે. તું તારે હું કહું છું એમ જ....'

અને એ તો લપ ટાળવા કે પછી શું હશે એ જાણવા કે ગમે તેમ પણ નવલ એકદમ પાછી ફરી. છેક ખાટલા પાસે આવી ખડી થઇ ગઈ: ' લો, પૂછી લો, પૂછવું હોય એ. '

સાધુ તો સાચે જ ગભરાઈ પડ્યો. આ કંઈ રૂપિયા પાઈની વાત ન હતી કે પટ દેતોકને હિસાબ કરવા માંડે અને એટલે જ તો એ લોચા વાળવા લાગ્યો. ' પૂછવાનું તો એમ કે ...તું જરા થરથાએ (નિરાંતે) બેસે તો....'

લંગડા માટે ય આ ગલ્લાંતલ્લાં અસહ્ય થઈ પડ્યાં. બોલી ઊઠ્યો: 'એમ લોચા વાળ્યા વગર.' અને સામે જોતી નવલને પોતાની વાત જ પૂછી રહ્યો. ' મારું કે'વું એમ કે આ અહીં રે' ને હું—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલ અકળાઈ ઊઠી, 'અરે રા....મ! તમે કે એ, ગમે તે રે'શે તોય પોલીસવાળો એને પકડી લઈ જવાનો. રામાયણ તો એ થઈ છે, તમને—સિપાઈની તો ઘણી વાત—પણ ગામનું ય કોઈ નથી ઓળખતું ને એટલે છીંડે ચડ્યો એ જ ચોર. માટે હું તમને હાથ જોડું.' અને સાચે જ નવલે હાથ જોડ્યા. પેલા પહેલા સામે ય ઉમેર્યું: 'ઊઠીને હેંડવા જ....'

'અરે પણ હું કહું છું શું? પોલીસમાં જઈને પકડાઈ જવાની તો હું વાત કરું છું. પછી આને કુણ—'

પહેલાએ નવલ સામે જોઈ લાગલી જ વાત કાપી: 'એમ નઈ. આ લંગડો થઈ ગયો છે એટલે એને કોઈ ઓળખવાનું ય નથી, ને પૂછવાનું ય નથા માટે હું જ પોલીસમાં ગુનેગાર થઈ ને—'

લંગડો એની ધૂનમાં હતો. બલકે અકળામણના વંટોળમાં હતો. પોતાની જ વાત ચાલી રહી હોઈ, એ ય વળી નવલને કરગરી રહ્યો: 'સાચી વાત છે! બબ્બે ધણીએય આ વનવગડા-માં તું એકલી?'

'માટે—'

'રહી જ જા તું.' કહેતાં પહેલો ખડો થઈ ગયો. 'અત્યારે જ હું થાણામાં....'

લંગડો તો આ સાંભળી ચિઢાઈ જ ઊઠ્યો.

'એ તો તું વાત જ ભૂલી જા—ખૂન મેં કર્યું ને પકડાય તું? એ તો શમણે ય નથી થવાનું.'

નવલનું મગજ અસ્તવ્યસ્ત તો હતું જ. એમાં આ લોકોએ વળી સાધુવાળી ચલાવી—જીદ આદરી—એ અત્યંત અકળાઈ ઊઠી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને 'ફૂટ્યાં ત્યારે માથાં' આવું કંઈક બબડતી, રડતી, જાણે ભાંગી પડી હોય એમ લથડતી ચાલે બારણા તરફ ચાલતી થઈ.

ત્યાં તો બારણામાં ઊભા રહી 'તાસ' (ખેલ) જોતાં માસી ખડબડાટ કરતાં બહાર ધસી આવ્યાઃ 'મારા પીટ્યાં હેંડ્યાં જતાં નથી ને!' પાસે આવી, 'તમારો ભા (પોલીસ) આવશે તો બેયને પકડી લઈ જશે, માટે હેંડતા થાઓ.' કહી એ ય પાછાં ફરી ગયાં.

પરંતુ કોણ જાણે શું સૂઝ્યું કે અડધી ચોપાડેથી વળી એમણે ગુલાંટ લગાવી, પહેલા સાધુના કાનમાં જ લગભગ કહ્યુંઃ 'કરવું ન કરવું એ મન સાથે છે; એમાં નવલને શું પૂછવુ'તું ભલા'દમી ?' જતાં જતાં લંગડાને ય કહી નાખ્યુંઃ 'જે કરવું હોય એ કરી નાખ્યું. એટલે છૂટકો મટે.'

અને ભડોભડ કરતાં કમાડ વસાતાં જોઈને એકલા પડેલા આ બે બબુચકોને ય ઊઠવું જ પડ્યું.

ઢાળ ઊતરતાં જ વાત કાઢી ને ધૂણીએ પહોંચતાં પહેલાં જ બે ય જણ નિર્ણય ઉપર આવી ગયાઃ 'પોલીસ જેને પકડી લઈ જાય એ સાચો.'

અલબત્ત, લંગડા સાધુને ગળે આ ઘૂંટડો ઊતરે એમ ન હતો, પણ શું કરે ? પેલાએ એને નવલના કસમ દઈને મૂંગો કરી દીધો હતો. વળી પોતાના કરતાંય એ (લંગડો) નવલને વધારે સુખી કરી શકશે એ પણ સમજાવ્યું. લંગડાને પણ એ વાત કબૂલ કરવી પડી.

પરંતુ બન્યું એવું કે બીજી સાંજે ફોજદાર માટે મરઘીની તલાશમાં નીકળેલા સિપાઈની નજર આ બે મરઘાઓ ઉપર જ પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબમાં એ લોકને દેશી ભાષામાં વાત કરતાં જોયા અને-માસી કહેતાં હતાં એમ જ બન્યું. બન્નેયને આગળ કરી ગયો.

એટલે બેસી જોઈ રહેલી નવલે મહા મુસીબતે રુદનને ખાળી રાખ્યું. એ લોક ઉપર એને રોષ પણ એટલો જ ચઢયો હતો. માસી આગળ વ્યક્ત પણ કર્યો: 'છેવટ મારી છાતી ઉપર આવીને—' આગળ એ બોલી જ ન શકી.

પરંતુ માસીને તો એક પ્રકારનો આનંદ થઈ રહ્યો હતો: 'જે થશે એ, પણ એક પાનો ફ્રાટકો (નિકાલ) તો આવશે !' અને કંઈ સમજતાં ન હોય, પેલાઓને ઓળખ્યા જ ન હોય એમ બોલ્યા: 'ઠેકાણે પડચા ! ચપટી ઉઘરાવવી મટી ! ને જેલમાં બેઠા બેઠા ય "જે સીતારામ" તો થશે.' અને પછી તો એ બેમાંથી કયો કામનો ને કયો નકામો એની મનમાં મનમા ગણતરી ગણી રહ્યાં. પરંતુ નવલને—વાત્રકને એના ડાબા-જમણા કાંઠા માટે પક્ષપાત હોય તો આ બેમાંથી એકના ઉપર હોય ! એને તો—ડાબી ફૂટે તોય ને જમણી ફૂટે તોય, આંખ તો પોતાની જ હતી ને !

અને એટલે જ તો પોલીસ—થાણામાં ય એણે નવગુણ ટાળનાર નન્નો જ પકડી રાખ્યો ને ? 'અવતારમાં ય આવા બાવા મીં નથી ભાળ્યા, પછી ઓળખવાની વાત જ કયાં સાહેબ !'

*

પરંતુ છ માસ પછી લંગડો-ખૂની છૂટીને આવ્યો ને પેલો નિર્દોષ જનમટીપમાં પડયો ત્યારે બહાર માસી આગળ થઈ રહેલી વાત સાંભળતામાં જ નવલને લાગ્યું કે પેલો અભાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ એને વધારે વહાલો હતો. એની કુમાશ, એનું સુંવાળાપણુ ને રિસાળવો સ્વભાવ વગેરે—બધાં જ લક્ષણુ એને ગમતાં હતાં.

એ સમજી ગઈ કે પોતે રુદનને ઝાઝીવાર નહિ રોકી શકે, અને સાંજ પડવા આવી હતી—ઢોર ચારવાની વેળા થઈ હતી છતાં ય નવલ ખાલી બેડા સાથે ઘર બહાર નીકળી પડી. ઓશિયાળી આંખે ચોપાડમાં બેસી રહેલા લંગડા પતિની ભાંગેલી સિકલ સામે એણે જોયું સુદ્ધાં નહિ. સડસડાટ કરતી ટેકરી ઊતરી પડી....

કાંઠે પહોંચતાં પહેલાં જ આંસુની ધાર છૂટી. પાણી સુધી પહોંચી ત્યાં ભીડેલા હોઠ પણ ઊઘડી ગયા. અને પછી તો લગભગ વિલાપે ચઢેલી નવલ પોતાને જ ભાંડી રહી: 'અરેરે ભૂંડી ! સંસારમાં ય એ તો એકલો હતો !.... આટલે વરસે તારે આંગણે આવ્યો'તો. ખવરાવવું-પીવરાવવું તો ઠીક પ....ણ ! સુખદુ:ખની બે વાતો તો પૂછતી ? ....'

ત્યાં તો નવલના હૈયાએ જાણે ઝટકો અનુભવ્યો તેમ એકાએક એ ભાનમાં આવી. 'તકદીરના લેખ નવલ !' આવું પોતે જ પોતાને સાન્ત્વન આપ્યું. આંસુ પણ લુછી નાંખ્યાં. બેડું ચઢાવી ઘર તરફ વળી.

હૈયાનો બીજો કાંઠો ઊઘડતો હોય તેમ એને લંગડાની ઓશિયાળી સિકલ યાદ આવી ને એ ખેતરવા–બેખેતરવાની આખીય વાટે એને જાણે દિલાસો જ દઇ રહી. 'એમાં તમારો શો વાંક છે ? ....એણે એને હાથે જ જેલ વો'રી છે....હું જાણું છું. બોલવામાં તો એ અડધો વકીલ છે, પછી—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાચે જ ઝાંપામાં પેસતાં અમૃતભરી એની નજર ચોપાડમાં નાખી વળી. પણ લંગડો ત્યાં ન હતો. 'કાંઈક કામે લાગી ગયો હશે,' વિચારી આંગણામાં આમતેમ જોયું. ઘરમાં પણ એ ક્યાંય ન દેખાયો. કોણ જાણે કેમ પણ એનું હૈયું કોઇ અશુભ જ ધારી બેઠું.

પછી તો પૂછવું જ શું ? ઘરના વાડા તરફ જતા નવલની નજર નહિ, ચાલ સુદ્ધાં જાણે બેબાકળી હતી. જ્યારે નદી તરફ જોતી એની આંખોમાં તો પાણી જ ભરાઇ આવ્યાં. શું દેખાય ?

શરસ તોડીને ય એણે ઢોર બાંધવા માટે દામણાં તૈયાર કરતી માસીને પૂછી નાખ્યું 'તારો જમાઇ ક્યાં, માસી ?'

'કુણ જાણે, બુન, પણ તારી પાછળ આવતો'તો ને ? હશે ક્યાંક નદીમાં. લે આ--'

પણ નવલ તો, 'તારી પાછળ આવતો'તો' એટલા શબ્દો સાંભળતામાં જ લગભગ બે ભાન જેવી બની ગઇ હતી. સડસડાટ કરતાં આંસુ સરી પડ્યાં. મોંમાંથી શબ્દો પણ-'રોઈ ઊઠ્યા માસી ! નક્કી એ—' આગળ બોલી જ ન શકી.

સમજ ન પડવા છતાં માસીને હૈયે ય ફાળ પડી. અલબત્ત શબ્દો તો બેદરકારીભર્યા જ હતા. 'અરે, હશે ક્યાંક નદીમાં. લે ઊભી રે.' હું બોલાવું....'

પણ હાય ! આથમતાં અજવાળામાંય અધગાઉ સુધી પહોંચતો માસીનો એ અવાજ નદીને કાંઠે અથડાઈ અથડાઈ પાછો આવતો હતો. 'અલે ભાઈ, ક્યાંય સાંભળે છે કે....ઘેર આવજે ઉતાવળે—ઢોરાં આવ્યાં છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ ન મળતાં, છેવટે 'લંગડા...., ક્યાંય સાંભળતો હોય તો....'

સામો અવાજ સાંભળવા નવલનું હૈયું પણ થોભી જતું હતું. પણ એ જ, વિધિના ક્રૂર હાસ્ય સરખો નદીકાંઠાનો પડઘો જ માત્ર !

અને છેલ્લો થડકો મારી થંભેલું નવલનું હૈયું, કદાચ માસીની થંભી જતી રાડ સાથે કદાચ સદાયને માટે થંભેલું જ રહેત; પણ ત્યાં તો....

દૂરદૂરથી જાણે ખુદ ભગવાને જ સામો અવાજ આપ્યો: 'એ આવે છે....નવલ....પાછો હો....'

માસીએ તો ગાળો ભાંડવા પાછળ કાંઈ ન સાંભળ્યું પરંતુ નવલના આશા ઝંખતા હૈયામાં ઓછેરો પડઘો જરુર ઊઠ્યો.

અંગાંગે એકધ્યાન થઇ ઊઠેલી નવલે ઈશારાથી જ માસીનું ધ્યાન દોર્યું ને માસીએ વળી એક રાડ નાખી. સાચે જ ઢોર ચારીને આવતા નવલના માસાનો જ એ પ્રત્યુત્તર હતો....

આખાય અંગે રોમાંચ અનુભવતી નવલ નવતર જીવન પામતી હોય તેમ બે પાંચ પળમાં જ ખીલી ઊઠી. એકી શ્વાસે એ બાજુના થાંભલા પર ચઢી ગઈ. અને—

સામે જ નવલ આસ્તે કદમ ચાલ્યા આવતા જીવનને હર્ષનાં આંસુઓથી જાણે વધાવી રહી: માસાની બાજુમાં ચાલતો લંગડો ગોરજના ઊડી રહેલા ગુલાલ વચ્ચે બકરાં હાંકતો હાંકતો પાછો આવી રહ્યો હતો.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહીની સગાઈ

ઈશ્વર પેટલીકર

મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ લોકો અમરતકાકીને આપતા ત્યારે એમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં અને દરેકને એ એક જ જવાબ આપતાં : 'હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાંને શી લાગણી હોય ? ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું જ એ તો કહેવાય.'

અમરતકાકીની આ ગ્રંથિ જાહેર થઈ ગયા પછી કોઈ એમને એવી વાત કરતું નહિ. જન્મની ગાંડી ને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા કે, આવી રીતે ગાંડી દીકરીને તો અમરતકાકી જ ઉછેરી શકે. બીજાને ઘેર હોય તો ભૂખીતરસી કયારની મરી ગઈ હોય. અને જીવતી હોય તો પણ આવું હૃષ્ટપુષ્ટ શરીર તો ન જ હોય.

મંગુ સિવાય અમરતકાકીને ત્રણ સંતાનો હતાં. બે દીકરા અને એક દીકરી. દીકરા ભણીને શહેરમાં ધંધે વળગ્યા હતા. દીકરી પરણીને સાસરે રહેતી થઈ હતી. અમરતકાકી એ ત્રણે સંતાનોને વિસરી ગયાં હોય તેમ એમનું સમગ્ર માતૃત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગુ ઉપર અભિષેક કરતું હતું. એટલે રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળપૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું, છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડાં થઈ જતાં નહિ. ભાગ્યે જ બાળકોને એ તેડતાં, રમાડતા કે લાડ કરતાં.

માના આ વર્તન વિષે દીકરાઓને કંઈ લાગતું નહિ, પણ વહુઓ સમસમી જતી. બંને વહુઓની પતિ આગળ આ એક જ ફરિયાદ હતી—દીકરાનાં બાળકો એમને દીઠાં ગમતાં નથી અને ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી!

માતૃત્વની લાગણીમાં ખેંચાઈ વહુઓ અમરતકાકીને અન્યાય કરી બેસતી એટલું જ, બાકી દીકરીનાં બાળકો પ્રત્યે પણ એમનું વર્તન એવું જ હતું. એ કારણે, વહુઓ પતિ આગળ બબડીને જ્યારે રહી જતી ત્યારે દીકરી માને મોંએ જ સંભળાવી દેતી: 'મંગુને ખોટાં લાડ લડાવીને તેં જ વધારે ગાંડી કરી મૂકી છે. ટેવ પાડીએ તો ઢોરને ય આડોપેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય તેનું ભાન આવે છે, તો બાર વર્ષની છોડી ગમે તેટલી ગાંડી હોય પણ એને ટેવ પાડી હોય તો શું એટલું ભાન ન આવે? એ મૂંગી છે પણ કંઈ બહેરી નથી કે આપણું કાને ન ધરે. ભૂલ કરે તો બે લપડાક ચોડી દીધી હોય તો બીજી વખત તરત ભાન રાખે.'

દીકરી અગળ કંઈ બોલે તે પહેલાં અમરતકાકીની આંખો વરસવા માંડતી. દીકરીનુ હૈયું પણ ભરાઈ આવતું, પરંતુ કઠણુ કાળજું કરી એ મનનો ડૂમો કાઢી નાખતી: 'તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે છે કે હું દીકરીને લાડ કરી સુખી કરું છું, પણ યાદ રાખજે કે તું જ આની સાચી વેરણ છે. તું કંઈ કાયમ બેસી રહેવાની નથી. ભાભીઓને પનારે એ પડશે ત્યારે એનાં મળમૂતર ધોવા જેટલી કોઈ આળપંપાળ નહિ કરે અને એ દુઃખીદુઃખી થઈ જશે.' સહેજ અટકીને ધીમે સાદે એ કહેતી : 'કહેવત છે એ ખોટી નહિ, કે પારકી મા જ કાન વીંધે. દવાખાનામાં મૂકવાથી ડાહી નહિ થવાની હોય તો નહિ થાય, પણ ઝાડો-પેશાબ અને કપડાંનું ભાન આવશે તો ય બસ છે. ભાઈઓના ઘરમાં ભગવાને ધાન ઘણું આપ્યું છે. ભાભીઓ ટંકે ખાવા ન આપે એવી કજાત પણ નથી.'

અમરતકાકી લોકોને દવાખાના અંગે પાંજરાપોળની ઉપમા આપતાં ત્યારે લોકો પરાયા તરીકે જે કહી શકતા નહિ તે દીકરી કહી નાખતી : 'દવાખાનું પાંજરાપોળ જેવું હશે અને કદાચ મંગુ મરી ગઈ તો એનો અને કુટુંબનો છૂટકારો થશે!'

મંગુના મોતને અમરતકાકી પણ છૂટકારો માનતાં હતાં, જો એ કુદરતી રીતે આવે તો. પરંતુ બેદરકારી બતાવી અને જાણી જોઈને મોત ભણી ધકેલવાનો વિચાર એમને અસહ્ય લાગતો. સ્વાર્થનું તો સૌ સગું પણ બિનસ્વાર્થનું સગું થાય એ જ સાચું સગું. દીકરા કમાતા હોય, દીકરી સાસરે હીંડોળાખાટે ઝુલતી હોય ત્યારે હું મા થતી જાઉં એનો કંઈ અરથ નથી. મંગુની સાચી મા બની રહું ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી. એટલે દીકરી કહે કે દીકરાઓ કહે તો પણ મંગુને દવાખાના દ્વારા મોત ભણી ધકેલવા અમરતકાકી તૈયાર ન હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરાઓ માના આ ભાવને સમજી ગયા હતા એટલે એ કોઈ વખત એવી વાત કરતા નહિ. વળી ઉચાટ કરવાનો અર્થ પણ ન હતો. કારણ કે ત્રણ ગોરા નિષ્ણાત દાક્તરોએ એકમત થઈ નિદાન જાહેર કર્યું હતું કે મટે એવું નથી. ફક્ત દીકરાઓના મનમાં એક વસવસો હતો કે કોઈ તાલીમ પામેલી નર્સ કે દાક્તરની દેખરેખ નીચે એને રાખી હોય તો ટેવને લીધે કદાચ એને ઝાડોપેશાબ ને કપડાંનું ભાન આવે. એવી સગવડ ઘર આગળ કરી શકાય તેમ હતું નહિ એટલે એ મૌન રહ્યા હતા.

છતાં અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા. દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા. શિલાજીત વેચનારા કે હિંગ વેચનારા મંગુને ગાંડી જાણતાં પોતે દવા જાણે છે તેવો દાવો કરતા. અમરતકાકી માનતાં કે હજાર ઉપચાર કરીએ ત્યારે એક ટેકી લાગી જાય. એટલે બીજાને મન ગાંડીઘેલી વાત એ ગંભીરતાથી સાંભળતાં અને શ્રદ્ધાથી એનો અમલ કરતાં. જોષીઓ અને ભૂવાઓ પણ અવારનવાર વહારે ધાતા. એક જોષીએ ભાખ્યું હતું કે, આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઈ જશે. ત્યારથી માગશર મહિનો અમરતકાકીનો આરાધ્ય દેવ બની ગયો હતો.

માગશર મહિને તાકડે મંગુને ચૌદ વર્ષ પૂરાં થઈ રહેતાં હતાં એટલે કોઈ ડાહ્યું માણસ જે તરંગે ન ચડી જાય તેવા તરંગે અમરતકાકી ચડી જતાં—ચૌદમું ઊતરતાં કસુને પરણાવેલી. મંગુ ડાહી હોત તો આજે એના વિવાહનું પણ નક્કી થઈ ગયું હોત. જો માગશર મહિનામાં એને મટે તો........મૂઈનું રૂપ તો એવું છે કે મુરતિયો એને જોતા સમો હા પાડી દે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જાણે એને મટયું હોય તેમ એ લગ્નની યોજના પણ વિચારવા મંડી જતાં—કસુ વખતે ઘરની સ્થિતિ આજના જેટલી સારી ન હતી. આજે બે ભાઈઓ શહેરમાં મબલખ કમાય છે, પાણીની પેઠે પૈસા વાપરે છે, પછી મંગુના લગ્નમાં હું શું કામ પાછું વાળીને જોઉં !

એક વખત મંગુ ડાહ્યાની માફક ચોકડીમાં પેશાબ કરવા બેઠી તેથી હરખાઈ જઈ અમરતકાકીએ દિવસો સુધી દરેક આગળ પારાયણ કર્યા કર્યું: 'જોષીનું કહેવું સાચું પડશે. મંગુ કોઈ વખત નહિ ને આ પહેલી વખત એની મેળે ચોકડીમાં પેશાબ કરવા બેઠી !'

સાંભળનારને ગળે આ વાત ઊતરવી મુશ્કેલ હતી, કારણ કે એ સાંભળતી વખતે મંગુ પેશાબ કરી ભીની માટી આંગળાં ઓતરતી નજરે પડતી ! અમરતકાકીની નજર એ ભણી જતાં ડાહી દીકરીને શિખામણ આપતાં હોય તેમ ધીમેથી કહેતાં: 'મંગુ એવું ગંદું ન કરાય, હોં બેટા !'

મંગુને ધૂન આવે ને ઊભી થઈ જતા તો એમને નવી વાત મળી જતી: 'મેં કહ્યું તે સમાણી ડાહ્યાની માફક ઊભી થઈ ગઈ !'

આમ અમરતકાકીનો આશાભર્યો માગશર મહિનો આવ્યો છતાં મંગુ ડાહી તો ન થઈ પણ શહેરના કન્યાવિદ્યાલયમાં ભણતી ગામની એક દીકરી—કુસુમ—ગાંડી થઈ ગઈ. મંગુની માફક એને પણ ઝાડા-પેશાબનું ભાન ન રહ્યું. અમરતકાકીને એથી દુઃખ તો થયું, પણ સાથે સાથે સંતોષ પણ થયો કે ડાહીડમરી છોડી ગાંડી થતાં આવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાન ગુમાવી બેસે તો જન્મથી ગાંડી મંગુને બિચારીને એવું ભાન ન હોય તો એમાં શી નવાઈ?

કુસુમને દવાખાનામાં મૂકવાનું નક્કી થયું. એ સમાચાર જાણી અમરતકાકીને ઓછું આવ્યું કે એની મા જીવતી હોત તો એને દવાખાને મૂકવા ન દેત. મા વગર બધું સૂનું કહ્યું છે તે ખોટું નહિ. એ સાથે પોતાની આંખ મીંચાતાં મંગુને પણ કોઈ દવાખાને મૂકી આવતા હોય તેવું દૃશ્ય એમને કંપાવી ગયું.

પહેલા મહિનાને અંતે કુસુમને સારો ફાયદો થયો તેવા સમાચાર આવ્યા. એને બાંધી મૂકવી પડતી તે હવે છૂટી ફરે છે છતાં તોફાન કરતી નથી. આડોશપાડોશનું પૂરેપૂરું ભાન આવ્યું છે. ગાંડપણ રહ્યું હોય તો ફક્ત આખો દિવસ એ ગાયા કરે છે એટલું જ. એ પણ બીજા મહિનામાં મટી જશે એવો દાક્તરે અભિપ્રાય આપ્યો હતો.

બીજે મહિને કુસુમને મટી ગયું, છતાં એકાદ મહિનો રહે તો સારું એવી દાક્તરની સલાહથી એને ત્રીજો મહિનો રાખવામાં આવી હતી. એ ઘેર આવી ત્યારે આખું ગામ એને જોવા ઊમટ્યું હતું. સૌથી મોખરે અમરતકાકી હતાં.

કુસુમને પૂરેપૂરી સાજી થઈ ગયેલી જોઈ અમરતકાકીને દરેક સલાહ આપવા મંડી ગયું: 'કાકી! તમે મંગુને એક વખત દવાખાનામાં મૂકી તો જુઓ. જરૂર એને મટશે.'

અમરતકાકીએ જિંદગીમાં પહેલી વખત દવાખાનાનો વિરોધ ન કર્યો. મૂગાં મૂગાં એ લોકોની સલાહ સાંભળી રહ્યાં. બીજે દિવસે એમણે કુસુમને પોતાને ઘેર બોલાવી. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે બેસાડી દવાખાનાની હકીકત પૂછવા માંડી. મા દયાભાવ રાખી ચાકરી ન કરી શકે તો દાક્તર–નર્સ કરી જ ન શકે એવી એમના મનમાં જે ગાંઠ પડી ગઈ હતી તે કુસુમની વાતચીત ઉપરથી ઉકલી ગઈ. નર્સ કે દાક્તરને કોઈ કોઈ ગાંડાં તમાચા મારી જાય તો પણ એ લોકો એના ઉપર ખિજાતાં નથી કે એને મારતાં નથી એ જાણી એમને દવાખાના ઉપર શ્રદ્ધા પણ બેઠી. નવી આશા જન્મી કે, મંગુના કરમમાં દવાખાનામાં જવાથી મટે એવું લખ્યું હશે તોય કોને ખબર ? આટલા ઉપચાર કરી જોયા ત્યારે એક વધારે. નહિ મટે તો પાછી ક્યાં નથી લવાતી ?

છેવટે મંગુને દવાખાને મૂકવી એવો અમરતકાકીએ નિર્ણય કર્યો. એ માટે મોટા દીકરાને ઘેર આવી જવા એમણે પત્ર પણ લખાવ્યો. છતાં એ નિર્ણય લીધો ત્યારથી એમની ઊંઘ ઊડી ગઈ હતી. જાણે પોતે હારીને આ કામ કરી રહ્યાં હતાં એમ એમના મગજ ઉપર એક જાતનો ભાર જણાવા લાગ્યો હતો. દવાખાના ઉપર શ્રદ્ધા જન્મી એ એક નિમિત્ત હતું, બાકી ઊંડે ઊંડે બીજું કારણ ડોકિયાં કરતું એમને દેખાતું હતું.

મંગુ મોટી થતી જતી હતી, પોતાની વૃદ્ધાવસ્થા વધતી જતી હતી, વહુઓ ચાકરી નહિ કરે એની ખબર પડી ગઈ હતી, કારણ કે બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું પોતાને આમંત્રણ આપ્યું ન હતું. આજના દીકરાઓ પણ વહુઓથી દબાયેલા એ ઘેર ઘેર જોતાં હતાં એટલે પેટના દીકરાઓની આશા પણ એમને ઝાઝી દેખાતી ન હતી. એ સ્થિતિમાં મંગુનો પ્રભુ હોય અને એને મટી જાય, કે ન મટે તો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો એને દવાખાનામાં ગોઠી જાય તો મરતી વખતે પોતાને એક જાતની શાંતિ રહે કે એની ચાકરી કરનાર દુનિયામાં પારકું પણ છે ખરું.

આ વિચારવહેણ સાથે અમરતકાકીની આંખોમાંથી એટલું બધું પાણી વહી જતું કે પથારી પલળી જતી. હૈયું પોકારી ઊઠતું—ગમે તે બહાનું ભલે કાઢો પણ મૂળ વાત એટલી કે તમે ય દીકરીથી થાકયાં છો ! અમરતકાકી ઊંઘમાંથી ઝબકી જતાં, બોલી ઊઠતાં—શું હું થાકી છું ? હૈયું બમણા જોરથી પોકારી ઊઠતું—એક વાર નહિ ને હજાર વાર !

અમરતકાકીને થયું, પોતે દીકરાને પત્ર લખ્યો તે જ મોટી ભૂલ કરી. એવી શી ઉતાવળ હતી કે શિયાળાની ટાઢમાં એને દવાખાને ધકેલવી પડે ? રાતમાં હું એને કેટલા ય વખત ઓઢાડું છું, દવાખાનામાં એમ ઘડીએ ઘડીએ કોણ ઓઢાડશે ? ઉનાળામાં મૂકવાનું રાખ્યું હોત તો ઠીક થાત.

પરંતુ પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો. દવાખાનામાં દાખલ કરવાનો મેજિસ્ટ્રેટનો હુકમ પણ મેળવી લીધો. એક અઠવાડિયામાં જ મંજુને મૂકવા જવાનું આવી પહોંચ્યું. અમરતકાકીને ખાતરી થઈ ગઈ કે દીકરો ગાંડી બહેનને દવાખાનામાં ધકેલી વેઠ ઉતારવા માગે છે. એવું ના હોત તો પત્ર મળતાં તરત આવી શું કામ પહોંચે ? લાગવગ વાપરી તરત ને તરત દાક્તર તથા માજીટનના દાખલા કઢાવે શું કામ ? એમને થતું હતું કે હમણાં બંધ રાખવું અને ઉનાળામાં મૂકી આવવી, પણ દીકરાને કહેતાં જીભ ઉપડતી ન હતી. એ પરાણે રજા લઈને આવ્યો હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાદુખલી કરાવી લીધું, હવે ના પાડું તો એને થાય કે માને બીજો ધંધો નથી!

મંગુને મૂકવા જવાનું હતું તે રાતે અમરતકાકીને બિલકુલ ઊંઘ આવી ન હતી. સવારમાં એક વિચાર એ પણ આવ્યો કે પોતે સાથે ન જાય તો સારું. દવાખાનાવાળાં દીકરીને પોતાનાથી છૂટી પાડશે તે સહેવાશે નહિ. પરંતુ દવાખાનામાં કેવી સગવડ છે એ પોતે નજરે જુએ નહિ ત્યાં સુધી ચેન પડે એવું ન હતું. એટલે એ નછૂટકે જવાં તૈયાર તો થયાં, પણ મંગુને લેઈ ઘર બહાર નીકળવાનું થયું ત્યારે એમના ઉપર બ્રહ્માંડનો ભાર આવીને ઠલવાઇ ગયો. આંખમાંથી શ્રાવણ–ભાદરવો શરૂ થયો. નજર મંગુ ઉપર ચોંટી ગઈ હતી તે કેમે ય ઊખડતી ન હતી. મંગુ એને પહેરાવેલાં નવાં કપડાંનો રંગ ધારીધારીને જોઈ રહી હતી. ગેલમાં આવી ગઈ હોય તેમ અમરતકાકી સામે જોતાં એ હસી પણ ખરી. એ સમું અમરતકાકીનું દિલ કપાઈ ગયું. ઢોર પણ એને ખીલેથી છોડી બીજે લઇ જવામાં આવે છે ત્યારે નવા ધણીને ઘેર જવા આનાકાની કરે છે. મંગુને એટલું ય ભાન ન હતું એ પ્રત્યક્ષ અનુભવતાં અમરતકાકી ઊમરા ઉપર ફસડાઈ પડયાં. હૈયું કકળી ઊઠયું—અબુધ દીકરીનું દુનિયામાં કોઈ નહિ! સગી મા પણ એની ના થઈ!

દીકરાનું હૈયું પણ ભરાઇ આવ્યું હતું. મા સામે આંખ માંડવા જેટલી એનામાં સ્વસ્થતા ન હતી. જેટલો વિલંબ થતો હતો તેટલો ગાડી પકડવાનો સમય ટૂંકો થતો હતો. ફળિયા બહાર ડમણિયે જોડેલા બળદ પગ ઉપાડવા તળેઉપર થઈ રહ્યા હતા. દીકરાએ મા તરફ નજર કર્યા સિવાય લથડિયું ખાઈ પગ ઉપાડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: 'મોડું થાય છે. હવે નીકળવું જોઈએ.' અને કૂળિયા બહાર નીકળતાં એણે ધોતિયાના છેડા વતી આંખો લુછી નાખી.

પાડોસી સ્ત્રીએ મંગુનો હાથ ઝાલી આગળ દોરી. બીજી સ્ત્રીઓએ અમરતકાકીને ટેકો આપ્યો. છેવટ કડવો ઘૂંટડો હૈયામાં સમાવી ઢીંચણ ઉપર હાથ ટેકવી એ ઊભાં થયાં. બે જણે ઝાલીને ચડાવ્યાં ત્યારે એમનાથી ડમણિયામાં ચડાયું.

મંગુ ગાંડી છે એમ જાણતાં ગાડીમાં મુસાફરોને મઝાનો ખોરાક મળી ગયો.

'આવી ખાધેપીધે સુખી છોડીને દવાખાનામાં મૂકશો એટલે મહિના દહાડામાં લાકડા જેવી થઈ જશે. ત્યાં તો ઢોરની પેઠે ટંકે જેમનું તેમનું નીરું એટલે બસ !'

'અમારા ગામમાંથી એક ડોસીને એના દીકરા પાંચ વરસથી મૂકી આવ્યા છે પણ કશો ફેર પડયો નથી. ગામનું કોઈ મળવા જાય છે તો રડવા લાગે છે. પગે પડીને કહે છે-- મને અહીંથી તેડી જાઓ. પણ આજના દીકરા લાવતા જ નથી !'

'એવા દીકરાને શું દીસ્તા રાખવાના ?'

'દીકરાઓ તો આમ સારા છે, પણ આજની વહુઓ, જાણો છો ને, પહેરીઓઢીને મહાલવું હોય એટલે વધારાનું માણસ ઘરમાં પોષાતું નથી.'

'આ છોડીની મા નથી !'

અમરતકાકીને આ ઘા અસહ્ય થઈ પડયો. આંખમાં આંસુ આવી ગયાં. કંઠ રુંધાઈ ગયો. શરમથી ડોકું નીચું નમી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સાથે માથું નમતાં મા તરીકેનો એમનો દાવો પણ આપો-આપ વ્યક્ત થઈ ગયો.

'બાપ રે! તમે મા થઈ ને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો!'

અમરતકાકી જો એકલાં હોત કે દીકરાને સાઠું લાગવાની બીક ન હોત તો વળતી ગાડીમાં મંગુને લઈ એ ઘેર પાછાં ફર્યાં હોત. પરંતુ બીજો ઉપાય ન હતો એટલે ભારે પગલે અને ભારે હૈયે એ દવાખાનામાં દાખલ થયાં.

મુલાકાતનો એ સમય હતો એટલે વચલા ખંડમાં દર્દીઓ અને એમનાં સગાંસંબંધીઓ છૂટાં છૂટાં બેઠાં હતાં. સ્વજનોએ ઘેરથી આણેલી રસોઈ ઘણાં જમતાં હતાં. કોઈ કોઈ ફળ ખાતાં હતાં. એક ગાંડા પતિ સાથે પત્ની ઘરની અને બાળકોની વાતો કરતી હતી. એક ગાંડી પત્ની પતિ મળવા આવ્યો હતો તેને બાઝી પડી હતી અને બાજુમાં ઊભેલી વૉર્ડની પરિચારિકાઓ તરફ નજર કરી એ ફરિયાદ કરતી હતી—આ ભૂતડીઓ મને સારાં કપડાં પહેરવા આપતી નથી. સારું ખાવાનું આપતી નથી. માથામાં નાખવા તેલ આપતી નથી.

અમરતકાકી તે વખતે પરિચારિકાઓ તરફ જોઈ રહ્યાં હતાં. પેલી બાઈની જે પરિચારિકા હતી તે હસીને બોલી : 'હવે હું તમને બધું આપીશ. તમારા ધણી સારું સારું ખાવાનું લાવ્યા છે, એક વાર ખાઈ લ્યો.'

પેલી ગાંડી બાઈ છણકો કરતાં બોલી : 'મેં દાતણ નથી કર્યું, મેં મોઢું નથી ધોયું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમરતકાકીએ જોયું તો એનું મોં ધોયેલું હતું. છતાં સહેજ પણ ખિજાયા વગર પરિચારિકાએ પાણીનો લોટો લાવી એનું મોં ધોવડાવ્યું. નેપકીન વતી મોં લૂછી નાખ્યું. અમરતકાકીના હૈયાને ટાઢક વળી કે કામ કરનાર લોક છે તો માયાળુ.

દાક્તર અને સ્ત્રીવોર્ડની મેટ્રન આવી પહોંચ્યાં. અમરતકાકીના દીકરાએ મેજિસ્ટ્રેટનો હુકમ આપ્યો. માને સંતોષ થાય તે માટે એ સાંભળે તેમ સારી સારવાર કરવા જણાવ્યું. મેટ્રને કહ્યું: 'એ બાબતમાં તમારે ચિંતા ન કરવી....'

વચ્ચે અમરતકાકી બોલ્યાં: 'બોન! ચિંતા એટલા માટે કરવાની કે આ સાવ ગાંડી છે. કોઈ પાસે બેસીને એને ખવડાવે નહિ તો એ ખાતી નથી....'આટલું બોલતાં બોલતાં એમનો કંઠ ભરાઈ આવ્યો અને વાક્ય અધૂરું રહી ગયું.

દૂર ઊભેલી પરિચારિકાઓ નજીક દોડી આવી. એક બોલી ઊઠી: 'તમે બા, કોઈ જાતની ફિકર કરશો નહિ. અમે એને મોંમાં કોળિયો ઘાલીને ખવડાવીશું.'

ગળગળા સાદે અમરતકાકી બોલ્યાં: 'એ જ બોન મારે કહેવું છે. એને ઝાડોપેશાબનું ભાન નથી એટલે રાતે કપડાં બગાડે તો જોજો. નહિ તો ભીનામાં સૂઈ રહેશે તો વાયુ થઈ જશે.'

બીજી પરિચારિકા બોલી: 'રાતમાં ચાર-પાંચ વખત તપાસ કરવામાં આવે છે.'

અમરતકાકી: 'રાતે બત્તી હોય તો એને ઊંઘ નથી આવતી.'

'જેને ઊંઘ ન આવે તેને ઊંઘની દવા આપીએ છીએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એને બીજાં તોફાની સાથે નહિ તે જોજો.'

'તોફાની હોય તેને જુદાં રાખવામાં આવે છે. રાતે બધાંને જુદી જુદી ઓરડીઓમાં સુવાડવામાં આવે છે.'

મળવા આવેલા મુલાકાતીઓ વિદાય લેતા ત્યારે દર્દીને અંદરના ખંડમાં લઈ જવા પૂરતું બારણું થોડું ખુલતું. એ તક ઝડપી લઈ અમરતકાકીની નજર બે-ત્રણ વખત અંદર ડોકાઈ હતી. ત્રણ-ચાર સ્ત્રીઓને ફગફગતા વાળે, અસ્તવ્યસ્ત કપડાંમાં એમણે અંદર ફરતી જોઈ. એકે એમના ભણી નજર કરી છાતી કૂટી અને એવો ડોળો ત્રાંસો કર્યો કે એ છળી મર્યાં. એ ઉપરથી એમને અંદરનું રહેઠાણ જોવાનું દિલ થયું. માગણી કરી : 'મંગુને જે ઓરડીમાં રાખવાની હોય તે મને જોવા દો.'

મેટ્રને કહ્યું : 'અંદર કોઈને જોવા જવા દેવાનો કાયદો નથી.'

ચકળવકળ આંખે આ નવી દુનિયા જોઈ રહેલ મંગુ અમરતકાકીની સોડમાં લપાઈ. માથે હાથ મૂકી, અમરતકાકી રોજનો વહાલસોયો 'બેટા' શબ્દ ઉચ્ચારવા ગયાં ત્યાં એમનો સાદ ફાટી ગયો. મરણપોક જેવી લાંબી પોક મૂકાઈ ગઈ. આખું દવાખાનું એ આક્રંદમાં ડૂબી ગયું. દીકરાની આંખમાંથી ચોધાર આંસુ વહી ચાલ્યાં. આવા રુદનથી ટેવાઈ ગયેલાં દાક્તર, મેટ્રન અને પરિચારિકાઓનાં હૈયાં પણ ભરાઈ આવ્યાં. દીવાલો પણ ધ્રુજી ઊઠી કે આટલું લાગણીભર્યું કોઈ ગાંડાનું સ્વજન આજ સુધી આવ્યું અમે જાણ્યું નથી !

એક પરિચારિકા હાથમાંનો રૂમાલ ફરકાવી મંગુનું પોતાના તરફ ધ્યાન ખેંચી બોલી : 'લે, જોઈએ છે તારે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રૂમાલ પકડવા માની સોડ ત્યજી મંગુ એકદમ ઊભી થઈ. થોડો રૂમાલ પકડવા દીધો પછી એનો હાથ પંપાળી પરિચારિકા મીઠાશભર્યા શબ્દો બોલીઃ 'તું મારી પાસે રહીશ ને બહેન! હું તને સારું સારું ખાવાનું આપીશ. નવાં નવાં કપડાં પહેરાવીશ.' મંગુ એના મોં સામે તાકી રહી હતી એટલે એ ક્ષણનો ઉપયોગ કરી લેતાં 'ચાલ આપું' કહીને એનો હાથ પકડી આગળ કરી. પેલું બારણું અધખૂલું થઈ મંગુને ગળી ગયું.

'મંગુ....મંગુ....'ની કાળજું કંપી જાય તેવી ચીસ અમરતકાકીએ ફરી નાખી.

દાક્તરે આશ્વાસન આપતાં કહ્યું : 'ઘરડાં બા!' અને બાજુમાં ઊભેલા દીકરા તરફ આંગળી કરતાં જણાવ્યું: 'આ તમારા દીકરા જેવો મને પણ દીકરો ગણજો. દીકરીને દવાખાનામાં નહિ પણ દીકરાને ઘેર મૂકી જાઓ છો એમ માનજો.'

આધેડ ઉંમરની, બાળવયમાં વિધવા થતાં આ ક્ષેત્રમાં પડેલી, મેટ્રને આશ્વાસન આપતાં કહ્યું: 'આજ સુધી તમે એનાં એક બા હતાં, આજથી હું એની નવી બા થઈ છું.'

અમરતકાકી ડૂસકું ભરતાં બોલ્યાં: 'એને મૂગા ઢોર જેટલું ય ભાન નથી. મેં એને આજ સુધી મારાથી અળગી કરી નથી. કુસુમને તમારા દવાખાનામાં મટ્યું એટલે મેં કાળજું કઠણ કરી........' અને એમનો કંઠ રુંધાઈ ગયો.

મેટ્રન : 'એ કુસુમ જેવી આ પણ થોડા વખતમાં ડાહી થઇ જશે.'

અમરતકાકીનું ડૂસકું શમ્યું છતાં એમની નજર પેલા બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણાને વીંધી મંગુ ઉપર મંડાયેલી હતી. મંગુએ જાણે એમને યાદ દેવડાવ્યું હોય તેમ એ બોલ્યાં: 'એ લુખ્ખો રોટલો ખાતી નથી. સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો. દૂધ ના હોય તો દાળમાં.'

અમરતકાકીની કરુણ આંખ ભણી નજર માંડવાની મેટ્રનની શક્તિ લુપ્ત થઈ હોય તેમ એણે નીચી દૃષ્ટિ રાખી કહ્યું: 'સારું.'

અમરતકાકી : 'એને દહીં બહુ ભાવે છે. દરરોજ તો ના બને, પણ બીજેત્રીજે દહાડે આપજો. એવું વધારાનું જે ખર્ચ થશે તે અમે આપીશું. જે એની ચાકરી કરતું હશે તેને પણ રાજી કરીશું.'

અમરતકાકી અને દીકરો મંગુને મૂકી દવાખાનાની બહાર નીકળ્યાં ત્યારે બંનેનાં મોં ઉપર શોકનાં વાદળ છવાયેલાં હતાં. મૂગાં મૂગાં બંને બહાર ઊભેલી ઘોડાગાડીમાં બેસી વિદાય થયાં. ગાડીના ડબામાં પગ મૂકતાં અમરતકાકીને સાંભરી આવ્યું—દવાખાનામાં સૂવા ખાટલો આપતા હશે કે નહિ ? મંગુ નીચે સૂઈ રહેલી નથી એટલે જો ખાટલો નહિ હોય તો એને નહિ ફાવે. મનમાં થયું કે જો પોતાને અંદર જોવા જવા દીધી હોત તો આ ભાળવણી કરવાનું રહી ન જાત. ઓરડીમાં ખાટલો ન જુવત એટલે તરત સાંભરી આવત.

દવાખાનામાં કામ કરનાર માયાળુ છે, ભલાં છે, એવી ખાતરી અમરતકાકીને થઈ હતી. પરંતુ એમને અંદર જવા દીધાં ન હતાં એટલે વસવસો રહી ગયો હતો કે આપણને નહિ ગમે તેવું હશે ત્યારે જ અંદર જવા નહિ દેવાનો કાયદો કર્યો હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ? એને ટેકો આપતું હતું પેલું અધખોલું બારણું : ભૂતની માફક ભમતી ગંદી, જથરવથર અને ભૂખે મરી ગઈ હોય તેવી બિહામણી ગાંડી સ્ત્રીઓ. એ સાથે અમરતકાકીને મંગુ પોતાને ન જોવાથી રડતી હોય તેવો સાદ સંભળાયો. એમની આંખમાંથી આંસુ ચાલ્યાં. બાજુમાં બેઠેલી સ્ત્રીએ પૂછપરછ કરી—કેમ બા રડો છો ? કોઈનું સેણું થયું છે ?

રાત્રે પોણા અગિયાર વાગે એ ઘેર આવ્યાં ત્યારે એમની વાટ જોતી પાડોશણ, જે એમની પિત્રાઈ થતી હતી તે જાગતી હતી. એમને માટે એણે રસોઈ કરી રાખી હતી. પરંતુ બંને જણે વાળુ કરવાની ના પાડી. સ્વજનના મરણનો ઘા તાજો હોય ત્યારે જેમ આગ્રહ કરનારની જીભ ન ઉપડે તેમ પાડોશણ ખેંચતાણ ન કરી શકી.

અમરતકાકીના અંતરમાં એક જ તંબૂરો વાગી રહ્યો હતો–મંગુ અત્યારે શું કરતી હશે ? પળે પળે એ જ વિચાર એમના હૈયાને વીંધી રહ્યો હતો. કેટલી ઠંડી છે ! એને ઓઢાડયું હશે ? પેશાબ કરી પલાળ્યું હશે તો એની ઘાઘરી અને પાથરણું બદલ્યાં હશે ?

જાણે મંગુ એમનો બોલ સાંભળવાની હોય તેમ એ બબડયાં: 'બેટા ! પેશાબ ન કરતી. ઓઢાડેલું. કાઢી ન નાખતી.' આ શબ્દો સૂતી વખતે એ કાયમ ઉચ્ચારતાં છતાં મંગુ એનો અમલ કરતી નહિ. રાતે એણે પેશાબ કર્યો હોય તો એની ઘાઘરી અને પથારી એ બદલી નાખતાં. મંગુ મોટી થઈ છતાં પોતાની ભેગી એને સુવાડતાં, જેથી એ પેશાબ કરે તો પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત ખબર પડે, જાગી જાય અને એને ભીનાશમાં સૂઈ રહેવું ન પડે.

અમરતકાકીને પોતાને પણ એના વગર પથારી સૂની સૂની લાગતી હતી. મનમાં થયું—મારા ભેગી સૂવા ટેવાઈ ગયેલી એને ઊંઘ આવી હશે ? એ સાથે એની આંખો બહાવરી બની પોતાને શોધતી હોય તેમ એમને દેખાયું. એમણે ઈસ ઉપર કપાળ કૂટ્યું—હું મા થઈ ને એને દવાખાને હડસેલીને આવતી રહી ! એમનાથી ડૂસકું ભરાઈ ગયું.

બહારના ખંડમાં સૂતેલા દીકરાને પણ ઊંઘ આવી ન હતી. મા કરતાં એને સોમા ભાગની મંગુ સાથે માયા ન હતી છતાં એની છાતી ઉપર પણ વેદનાનો કાળમીંઢ પથ્થર મૂકાઈ ગયો હતો. માના ડૂસકા સાથે એની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. પોતાને આટલી વેદના થાય છે તો માને શું શું થતું હશે ? વેદના માના હૈયાનું માંસ કેવી ક્રૂર રીતે ચૂંથી રહી હતી તેનો સાક્ષાત્કાર જીવનમાં પહેલી વખત દીકરાને થયો. એનું હૈયું પોકારી ઊઠ્યું—માનું આ દુઃખ કોઈ ઉપાયે ટાળવું જોઈએ. દીકરો થઈને આટલું હું ન કરી શકું તો મારું જીવતર ધૂળ છે. એ સાથે એના અંતરે પ્રતિજ્ઞા કરી—હું મંગુને જીવતાં સુધી સારી રીતે પાળીશ. વહુ એનાં મળમૂતર ધોવા તૈયાર નહિ હોય તો હું ધોઈશ ! એ સાથે વેદનાનો કાળમીંઢ પથ્થર એની છાતી ઉપરથી ખસી ગયો.

અમરતકાકીએ બીજું ડૂસકું ભર્યું હોત તો દીકરાએ તે ઘડીએ જ એમને પોતાની પ્રતિજ્ઞા જણાવી શાંત પાડ્યાં હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એ જંપી ગયેલાં લાગ્યાં એટલે સવારે હવે વાત એમ માની દીકરાએ ઊંઘવા આંખ મીંચી અને થોડીવારમાં એની આંખ મળી ગઈ.

વહેલા પરોઢે, ઘંટીનો અને વલોણાનો મધુરો અવાજ ગામમાં ગૂંજી રહ્યો હતો ત્યારે ગામ આખાને વીંધી નાખે તેવી ચીસાચીસ અમરતકાકીએ કરી મૂકી: ' ધાજો, રે....ધાજો, મારી મંગુને મારી નાખી રે....'

દીકરો ખાટલામાંથી ઊછળી પડ્યો. પાડોશી દોડી આવ્યાં. ઘંટીઓ અને વલોણાં થંભી ગયાં. જેણે સાંભળ્યું તે ધાઈ આવ્યાં અને આવ્યાં તેવાં હબકી ગયાં. અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ, ગતિ અને ધ્વનિ

જયંત ખત્રી

ઊગતા સૂર્યનાં કિરણોએ લીંબડાની ટોચ પર સોનાનો કળશ ચડાવ્યો હતો; અને ઝાકળનું ધુમ્મસ વિખરાવા માંડયું હતું. લીંબડાના થડ આગળથી ચાલી જતી કેડી પર પ્રસાદજી થંભી ગયા. એમની બાજ જેવી ચકોર આંખોએ કસ્તુરને જોઈ લીધી. એ એક વાર તો લીંબડાના થડને ઓથે લપાઈ, પછી દોડીને ભાગી જવા લાગી ત્યાં પ્રસાદજીએ બૂમ પાડી: 'એ છોડી ઊભી રહે!'

કસ્તુર ઓચિંતી દોડતી અટકી પડી. અને એમ કરતાં, ઝૂલતી વૃક્ષની ડાળે ઊતરી પડતું કોઈ પારેવડું પાંખો પસારી સમતોલપણું જાળવે એમ એણે ઊંચા કરેલા પોતાના બન્ને હાથની ગતિ અટકાવી. બાલોની લહેરાતી લટોવાળું માથું ઊંચું ફેરવી પ્રસાદજી તરફ બીક અને કુતૂહલથી જોયું.

'શું કરતી હતી?'

'કંઈ નહિ.' કહેતાં કસ્તુર અસ્વસ્થ બની, 'તાપણી માટે દાંખડીઓ વીણતી હતી.'

'એમ!' કહેતા કરડી આંખે પ્રસાદજીએ એના તરફ જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો બે દિવસથી ફૂલ પહોંચાડવા બંગલે કેમ નથી આવી ?' સૂર્ય જરા વધારે ઊંચે ચડી આવ્યો હતો અને 'ચીં, ચીં' કરતી ચકલીઓનું એક ટોળું પ્રસાદજી ઉપરથી પસાર થઈ ગયું.

ત્યાં એક ન બનવાનો બનાવ બની ગયો.

કસ્તુરની પેલી મોહક મોટી આંખો પર એનાં પાંપણ ઢળી પડ્યાં. એના ગાલ અને કાનની બૂટ લાલ લાલ થઈ ગયાં. ધરતી પર આષાઢ મેઘ ઢળે તેમ એની છાતી પર ઝૂલતી લટોવાળું એનું માથું નમી પડ્યું. લતા વૃક્ષને પડખે ભરાય તેમ એના બન્ને હાથ એની પડખે લપાઈ ગયા. એ કમરમાંથી છેક નીચી નમી ગઈ. જમીન પર ખૂંચી ગયેલા જમણા પગ પર ડાબા પગનો અંગુઠો ટેકવાઈ ગયો. એક પળમાં કસ્તુર લજ્જાનું એક સુંદરતમ્ શિલ્પ બની ગઈ.

સીમાડા વગરના આ સૌન્દર્યને જોઈ પ્રસાદજી બેબાકળા બની ગયા: એમણે ઉતાવળે પૂછ્યું. 'આ તને શું થયું છે, છોડી ?'

પણ એ સાંભળવા કસ્તુર ઊભી ન રહી. દોડતી એ કણે-રનાં પીળાં ફૂલોવાળી હરોળ પાછળ અદૃશ્ય થઈ ગઈ.

દેખાઇ ત્યાં સુધી પ્રસાદજીએ એની પાછળ જોયા કર્યું. આંખો આડે અંધારાં ફરી વળ્યાં ત્યારે મનની આંખો સામે કસ્તુરની લજ્જાની પેલી મોહક અદા કમનીય વર્તુળો રચી રહી........ લાલ ગાલ પરનો જાજરમાન ગુલાબી રંગ, મેઘ આકાશને આવરે એમ કીકીઓને આવરી લેતો પાંપણોનાં અંધારાં....રંગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધ, ગતિ અને સર્જન....બેભાનપણે નિશ્વાસ છોડી પ્રસાદજી કેડી પર પાછા ફર્યા.

છેક બંગલાના દરવાજા આગળ એમણે માથું ઊંચું કરીને જોયું અને જોયું તો વજેસંગ સામે ઊભો હતો.

'વજેસંગ', કહેતા પ્રસાદજી ટટાર થઈ ગયા. એમની આંખ ફરી કરડી બની. 'તું કહેતો હતો ને કે કસ્તુર બીમાર છે. પણ મેં તો હમણાં જ એને કણેરની વાડ પાસે જોઈ?'

'જી. એ બીમાર છે!'

'એટલે!'

'જી........બીમારી જેવું જ કંઇક........'

'હું હજીએ ન સમજ્યો!'

'એને....કસ્તુરને "અડવું" નથી!' પોતાનો ક્ષોભ છુપાવવા વજેસંગ આડું જોઈ ખાંસી ખાઈ ગયો.

'એમ........' કહેતાં પ્રસાદજી બંગલાનાં પગથિયાં ચડવા લાગ્યા. 'મારી ભૂલ થઈ....ખરે જ કસ્તુર હવે મોટી થઈ........ ખરું ને!' ધીરે પગથિયાં ચડતાં એમણે હોલનાં બારણાં આગળ ઊભા રહી પાછળ જોયું. સામે ફૂલોના વ્યવસ્થિત ક્યારા, નીલગિરિના ઝાડ સામેની હરિયાળી પાછળ દેખાતી ટેકરીઓ ઉપરના આકાશમાં સુસ્ત અને ધીમું ચાલ્યા કરતાં વાદળાઓની કંટાળાભરી ગતિ! અને કેવું વાતાવરણ?........પ્રસાદજી બંગલામાં જતા રહ્યા.

દાખલ થતાં જ મોટા ઓરડાની ઊભી છતમાંથી લટકતાં પાંચ મોટા કાચનાં ઝુંમર, એની નીચે જૂની ઢબનું સીસમના લાકડાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોતરકામવાળું ફરનીચર, એક મોટું ગોળ ટેબલ, સોફા, ખુરશીઓ, ખૂણામાંના બે કબાટ, બારીઓ આડે લાલ રેશમના પડદા, ચીનાઈ કૂંડામાંના નાનકડા વિવિધ ફૂલોનાં છોડવા....એ મોટા ઓરડા પાછળ ત્રણ શયનખંડ, વચમાંનો ચોક અને તેની પાછળ રસોડું, ઉપરના માળ પર એવો જ મોટો ઓરડો, બે બીજા ખંડ અને બંગલાના દરવાજા સામે એક વિશાળ ઝરુખો— આટલી સમૃદ્ધિ અને આટલી બધી મોકળાશ વચ્ચે પ્રસાદજી વસતા. હાથે રસોઈ પકવતા અને બપોરના એકલા એકલા એક ઓરડામાંથી બીજા ઓરડામાં આંટા માર્યા કરતા. રાતના શાન્ત અને નીરવ ચુપકી સજીવન બનતી ત્યારે એ પોતાની હમેશની ટેવ મુજબ નિયમસર બત્તીઓ ઓલવી બિછાનામાં પડતા. એ ગંગાપ્રસાદ તનસુખરામ.... ત્રણ પેઢીઓથી સુખ અને સંપત્તિ જેમને વર્યાં હતાં એ કુટુંબના એ છેલ્લા સંતાનહીન વારસ હતા.

છેલ્લાં પચીસેક વરસથી પ્રસાદજી એકલવાયું જીવન ગુજારી રહ્યા હતા. વીસ વરસની ઉંમરે એમનાં લગ્ન થયાં બાદ બે અઠવાડિયામાં જ એમનાં મા ગુજરી ગયાં, અને ચાર મહિના બાદ એમનાં પત્ની માવતરે ગયાં તે કોઈ દહાડે પાછાં આવ્યાં નહિ. એનું કારણ કોઈથી કળાયું નહિ પણ તે દિવસ અને આજની ઘડી—આ પ્રસંગ ઉપર કોઇ પાસે કશી ફરિયાદ કર્યા વિના પ્રસાદજી હિંમતભેર એકલું જીવન ગુજારી રહ્યા હતા. રોજિંદા જીવનની જાગ્રત પળે સદાય કામમાં રચ્યાપચ્યા રહેવું છતાં ય વ્યવસાયના આનંદથી અલગ રહીને જીવવું, સમાજની એક અતિ ઉપયોગી અને અગ્રગણ્ય વ્યક્તિમાં ખપવું છતાં એ જ સમાજના સુખદુઃખમાં ભર્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વાસ અને નિશ્વાસથી ન રીઝાવું અને ન દુઃખી થવું એવો અનાસક્ત ભાવ ધારણ કરી ફરવામાં પ્રસાદજી એક પ્રકારની મોટાઈ માનતા.

આ અરસામાં....

વજેસંગ નવ વરસની કસ્તુરને લઈ પ્રસાદજીના ગામમાં આવી વસ્યો. કસ્તુર છેક ત્રણ વરસની હતી ત્યારે એની મા મરી ગઈ અને વજેસંગે તેને ઉછેરી મોટી કરી.

પ્રસાદજીના ગામમાં વજેસંગ અને કસ્તુર નવી જ ઢબે રહેવા લાગ્યાં હતાં. વજેસંગ ખેતરોમાં મજૂરી કરતો, ખેપીઓ થઈ ગાઉના ગાઉ દોડતો અથવા ચોકિયાત બની કોઈનો ઢોરોનો વાડો આખી રાત જાગીને સંભાળતો; અને કસ્તુર એના નાનકડા પડછાયા જેવી એની પાછળ પાછળ ભમતી. ખેતરોમાં એ નાજુક પતંગિયું બની લહેરાતી ઊડતી. તો કોઈ વાર સવાર અને સાંજ વચ્ચે એના બાપ સાથે દશ બાર ગાઉની મજલ કાપી આવતી.

કોઈ અંધારી વાદળઘેરી રાત હોય, પેલી ટેકરી પાછળના ગીચ જંગલમાં દીપડાઓ ગર્જતા હોય, શિયાળવાં રડતાં હોય, ત્યારે વંડાની કોટડીના એક ખૂણામાં તાપણી આગળ ધાબળી ઓઢી કસ્તુર ઝીણી ઝીણી ડાંખળીઓ તાપણીના અંગારામાં નાખતી, અને અનિમેષ નેત્રે ભભકતી જ્વાળાઓ તરફ જોતી, ઝોકું ખાઈ, સૂઈ જતી ત્યારે વજેસંગ ખભે બંદૂક, હાથમાં કડિયાળી અને ભેટમાં કટારી ઘાલી ઢોરોની ચોકી કરતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોત સાથે સોબત કરવી પડે એવી બેફામ અને લાપરવાઈ જુવાની વજેસંગે જંગલમાં વિતાવી હતી. માઝા મૂકતી, ઘૂઘવતી, વહેતી નદીઓમાં, ટેકરીઓના માથાડૂબ ઘાસપાથર્યા ઢોળાવોમાં અને અંધારીને ઓથમાં સાચવતો ગીચ ઝાડીમાં ચુપકીથી રાહ જોતા મોતનો અનેક વાર ભેટો કરી વજેસંગે પોતાની માણસાઈ ખિલવી હતી. ડુંગરાની ધાર જેવી વિશાળ છાતી, પર્વતના શિખર જેવી માથાને ધારણ કરાવતી ગુમાન-ભરી અદા, થાપ ન ખાય એવી બાજ જેવી નિશ્ચિત અને ચકોર નજર, જગતના જીવતા જીવો તરફ નિષ્પાપ અને બાલીશ નજર ફેંકતો વજેસંગ આજની મજા આજે જ માણતો, આવતી કાલ કપરી આવે તો તેને પહોંચી વળવાની પોતાની તાકાતમાં એને પૂરો વિશ્વાસ હતો.

એક સમી સાંજે ટેકરીનો ઢોળાવ ઊતરતાં વજેસંગની બાજુમાં લપાતી અને શેરડી ચાવતી કસ્તુરને પ્રસાદજીએ ધારીને જોઈ. 'છોડી ફૂટડી છે,' એમણે વજેસંગને કહ્યું.

વજેસંગે હસીને ઉત્તર વાળ્યો, 'જેવી છે તેવી શેઠજી, એ છે એટલે ઘર છે. એ ન હોય તો હું હોઉં પણ ઘર ન હોય.'

'ઘર?' પ્રસાદજીએ હસીને સિફતથી પોતાની બેચેની છુપાવી. 'હેં છોડી, તારું નામ શું?'

'કસ્તુર.'

'પેલું ઝૂંપડું એ તારું ઘર છે ખરું!'

'હં!' કહેતી શેરડીનું કસ્તુરે છોતું મોઢામાંથી કાઢ્યું અને પ્રસાદજી તરફ તાકીને જોઈ રહેતાં પૂછ્યું: 'કેમ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે, કેમ શું કેમ ? આવ મારી સાથે, ઘર કેવું હોય તે બતાવું.' તે સાંજે પહેલી જ વાર પ્રસાદજી, વજેસંગ અને કસ્તુરને પોતાને ઘેર લઈ ગયા.

બીજે દિવસથી પ્રસાદજીએ વજેસંગને પોતાની કાયમી નોકરીમાં રાખી લીધો અને તે જ દિવસથી કસ્તુર સવાર સાંજ પ્રસાદજીને બંગલે પૂજાનાં ફૂલ પહોંચાડતી થઈ ગઈ. અને રોજ સવાર અને સાંજ પ્રસાદજી વહાલથી કસ્તુરને બોલાવતા અને હસી હસીને એની સાથે વાતો કરતા.

પ્રસાદજીના સૂના સૂના બંગલાને કસ્તુર ગજવવા લાગી.

'તને કેટલી વાર કહ્યું છે કસ્તુર, કે તારે રસોડામાં ન જવું અને ગંદા ધૂળવાળા પગ લઈ સોફા પર બેસવું નહિ ? તું કોઈનું કહ્યું માનતી જ નથી કેમ ?' ઘણી વાર પ્રસાદજી કસ્તુરને મીઠો ઠપકો આપતા.

'નહિ માનું જાઓ, હું મારે ફાવે તેમ કરીશ !'

'આવું બોલાય કે ?' પ્રસાદજી ગુસ્સે થવાનો દેખાવ કરતા ત્યારે માથું એક બાજુ નમાવી પેલાં મોટાં હરણ જેવાં નેત્રોથી એકી-ટસે એમની સામે જોઇ રહેતાં કસ્તુર હાથની કોણીઓ પેટમાં દબાવી વાંકું વળી જોરથી હસી પડતી અને કહેતી, 'અમે તો બોલીએ પણ વળી' અને ફુદડીઓ લેતી, નયનો નચાવતી, અચાનક અંદર આવી પડેલું પતંગિયું બારી વાટે બહાર ઊડી જાય એમ એ ઓરડા બહાર દોડી જતી !

લાંબા રખોપા અને મોટી મહેનત પછી આંબાનું ઝાડ પહેલી વાર મહોર ખિલવે એમ કસ્તુર હવે (શાસ્ત્રોમાં જેનાં વખાણ લખ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એવી) સ્ત્રી બની હતી, એવું પ્રસાદજીને આજે ઓચિંતાનું ભાન થયું.

ઊઘડતા પ્રભાતની ખુશનુમા હવા વચ્ચે, લીમડા અને વડને ફરતી ઘૂમરી લેતાં આકળનાં વાદળાં નીચે, મોહિનીના અવતાર જેવી કસ્તુરીની ઉન્માદભરી અદા જોઈ પ્રસાદજી અકળાઈ, મૂંઝાઈ ગયા હતા. એ ગૂંગળામણ હજી ટળી નહોતી. પ્રસાદજી સોફા ઉપરથી ખુરશી પર અને ખુરશી પરથી પલંગ પર અને ત્યાંથી ઊઠી ઝરુખામાં આવી ઊભા. ' કસ્તુરને હવે ઠેકાણે પાડવી પડશે ' એવું મનમાં કહેતા, સામેની ટેકરીઓના હરિયાળા ઢોળાવ પર એમની નજરને ઘૂમાવા દઈ, લાંબા સમય પછી પ્રસાદજીએ સ્વસ્થતા મેળવી.

આ બનાવ ઉપર એક અઠવાડિયું ફૂંકાઈ ગયું !

શુક્રવારની રાતના પ્રસાદજીએ વજેસંગને પોતાને બંગલે બોલાવી પોતાની યોજના રજૂ કરતાં કસ્તુરને ક્યાં, ક્યારે અને કોની સાથે પરણાવવી એની વિગતવાર વાત કહી.

' નરપત સાથે ?' વજેસંગે પૂછ્યું.

' કેમ, નરપત શું ખોટો છે ? '

' ....ના, ના.... ખોટો નથી ! '

' ત્યારે ?

' કંઈ નહિ, કસ્તુરને ઠેકાણે પાડવાની તમે ચિંતા સેવો એટલી મોટાઈ, પણ.......' કહેતાં વજેસંગ કઠેકાણાનું હસ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું એટલું સમજું કે પરણીને કસ્તુર જે ગામમાં રહે ત્યાં હું રહું. એને મારી આંખથી અળગી હું ન કરું.'

વજેસંગ તરફ જોતાં પ્રસાદજીના મોઢા પર હમેશ તંગ રહેતી કડવી રેખાઓ ઢીલી થવા લાગી.

'પણ નરપત આ ગામ છોડી બીજે ક્યાં જવાનો હતો ? એ તો મારો નોકર છે ને ?'

'હા.' કહેતો વજેસંગ પોતાના વ્યક્તિત્વને ન છાજે એવી રીતે ગંભીર બની ગયો. 'તો ય એને એટલું કહી દેજો કે કસ્તુરને કોઈ કાળે હુ મારી નજરથી દૂર નહિ કરું !'

ગાદી-તકીએ બેઠેલા પ્રસાદજીની બાજુની પેટી પર પડેલા એ 'કેન્ડલ લેમ્પ'નો પ્રકાશ સામે ગાલીચા પર બેઠેલા વજેસંગ પર રેલાઈ રહ્યો હતો. એવે રાતને ટાણે વજેસંગનો પડછાયો ગાલીચા પર લંબાતો છેક ઊંબરા સુધી પહોંચી ગયો હતો. એ પડછાયા પાછળ દોડતી પ્રસાદજીની નજર બહારના ચુપકીભર્યાં વાતાવરણમાં વિખરાઈ ગઈ—ગુમાઈ ગઇ, દર્શનહીન બની ગઈ !

એક મહિનો રહીને નોરતાં આવ્યાં. પ્રસાદજી બીમાર પડયા—અસ્વસ્થ રહેવા લાગ્યા. નરપતને કપાસ અને મગફળીનાં વેચાણ માટે બહાર જવું પડયું......અને એમ કરતાં એક વરસ વીતી ગયું......અને પેલી ખુરશી પરથી ઊભાં થતાં પ્રસાદજીએ નિર્ણય કર્યો ત્યારબાદ પાકા દોઢ વરસે એમણે કસ્તુરને નરપત સાથે પરણાવી.

લગ્નને બીજે દિવસે પ્રસાદજીએ નરપતને બંગલે બોલાવ્યો. પોતાના મોઢા પરના કોઈ ભાવો બદલ્યા વગર પૂરી ગંભીરતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસાદજીએ વાત કરી, 'નરપત, તારા બાપે એની આખી જિંદગી આ બંગલે નોકરી કરીને વિતાવી છે. મરકીમાં તારી મા અને તારો બાપ એક જ દહાડે ગુજરી ગયાં ત્યારે તું છેક જ નાનો હતો, અને આ જ કુટુંબે આ જ બંગલામાં તને ઉછેરીને મોટો કર્યો છે. તારાં લગ્ન કરાવી આપી આ કુટુંબની છેલ્લી ફરજ મેં બજાવી છે....ના....ના....વચ્ચે બોલીશ નહિ....મેં તારી માટે બીજી પણ એક સગવડ કરી રાખી છે. નદીની ભેખડ પરની આપણી વાડી છે ને એનો ડેલો સારો જેવો સ્વચ્છ છે. એ ડેલા પર એક નાનકડી બંગલી છે. મેં તે ખાલી કરી રખાવી છે અને હવેથી તું ત્યાં રહેવા જજે. વધારાનું રાચરચીલું કંઈ જોઇએ તો તે માટેના પૈસા હમણાં તું તારે ખાતે લખી મારી પાસેથી ઉપાડજે, સમજ્યો ?'

'શેઠજી આ ઉપકાર....' કહેતો નરપત પ્રસાદજીને પગે પડવા જતો હતો તેને તેમણે ઊભા થઇને ખભો પકડીને રોકયો.

'રહેવા દે—રહેવા દે....જા, હવે ! મારો પૂજાનો સમય થયો.'

*

કસ્તુરના વિવાહ બાદ વિવિધ ઋતુઓના વિવિધ રંગ અને સુગંધના મિજાજની સવારી પસાર થઈ ગઈ !

એકેએક ઋતુ એક એક નવા ઓપ કસ્તુરની જુવાની પર ચડાવતી ગઈ. એના ઘરની બાજુમાંથી વહેતી નદી, સામે પારના કાંઠાની ટેકરીઓના ઢોળાવ પરની વનરાજી, ઘર–આંગણામાં ઝૂલતાં મોટાં વૃક્ષો, કૂવા આગળના ફૂલ-કયારાઓ, સવારે અને સાંજે લપકાક મારીને અડપલાં કરતી પવનની લહરીઓમાં કલ્લોલતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષીઓ....એ બધાંને અડી જતી, કોઇકવાર એ બધાંને પોતાની ઉન્માદભરી લાગણીઓમાં સમાવી દેતી કસ્તુરની જુવાની દિવસે દિવસે વધારે મસ્ત અને વધારે બેકાબૂ થવા મથતી હતી.

એક સાંજે પ્રસાદજી એમના સફેદ ઘોડા પર ટેકરીનો ઢોળાવ ઊતરી રહ્યા હતા, ત્યારે એમણે નદી–કિનારે કસ્તુરને એક મોટા પથ્થર પાછળથી હળવે પગલે ઓઢણીનો છેડો કમરમાં ખોસતી અને પાટલી વાળતી આગળ આવતી જોઇ. એનાં વિહ્‌વળ નયનોનાં તેજ અત્યારે આથમતી સન્ધ્યા બની ઢળી પડયાં હતાં. વિખરાયલા વાળોની લટો ફાવે તેમ હવામાં ઊડી રહી હતી. એના બાહુઓની ક્રિયામાં ગતિ કરતાં શિથિલતા વધારે જણાતી હતી. એ દોડતી નહોતી દેખાઈ તોય એનો શ્વાસ ભરાઈ આવ્યો હોય એમ એની હાંફતી છાતી એના કમખાને તંગ કરી રહી હતી. એ હજી દશેક ડગલાં આગળ વધી નહિ હોય ત્યાં એની પાછળ નરપત દેખાયો. એની ઝીણી ઘાટીલી આંખો બન્ને ખૂણે લાલ બની હતી. એના હોઠ ભીના અને ખૂલી ગયેલા દેખાતા હતા. એના બાહુઓ શિથિલ બની એને પડખે લટકી રહ્યા હતા.

એ બન્નેની નજર પ્રસાદજી પર ગઈ ત્યારે પ્રસાદજીએ ડોકું ફેરવી લીધું. લગામનો એકાદ જબર આંચકો મારી એમણે ઘોડાને મારી મૂકયો.

રાતના વાળુ વખતે નરપતે કસ્તુર આગળ વાત કરીઃ

‘ શેઠજી આપણને જોઈ ગયા.... ’

‘ અ હં.....હં.....હં....’ કહેતી કસ્તુર હસી પડી; એના હાથમાંનો કઢીનો વાટકો છલકાઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ, હવે બીજી વાર શેઠજીની સંભાળ રાખશું. એની નજરે જ ન પડીએ ને!' કહેતાં કસ્તુરે પોતાની નાજુક હડપચી ઘૂંટણ પર ટેકવી પોતાનાં બધાં જ વહાલ નજર મારફત નરપત પર ઢોળ્યાં.

'ના–એમ નહિ!' કહેતાં નરપતે ઊંચે જોયું. એનો ચહેરો ગંભીર બની ગયો હતો. 'ખુલ્લાં મેદાનોમાં તને.....ના, ના.....આ ઘેલછા હવે તારે છોડવી જોઈએ........શું?'

કસ્તુરે શરમથી બે ઘૂંટણ વચ્ચે માથું સંતાડ્યું!

રોજ સાંજે ફરીને પાછા વળતાં કસ્તુરની ખબર કાઢવાનો પ્રસાદજીએ વ્યવસાય બનાવી મૂક્યો હતો. આથમવાની તૈયારી કરતો સૂર્ય ક્ષિતિજને ચુંબન લે એવે સમયે એ આવી પહોંચતા. 'સારું છે!' એવો જવાબ કસ્તુર પાસેથી મળે નહિ ત્યાં સુધી પ્રસાદજીનો સફેદ ઘોડો ત્યાંથી ખસતો નહિ. ડેલાના દરવાજામાં મંડાઈ ગએલી પ્રસાદજીની આંખો બહાર નીકળતી કસ્તુરની નજર સામે અફળાતાં તરત ઢળી પડતી અથવા એમનું મોઢું બાજુમાં ફરી જતું. સભ્યતા, શિષ્ટાચાર, અને વાલીપણાના સંતોષ ખાતર પ્રસાદજી 'સારું છે,' એટલું સાંભળીને જતા રહેતા.

પણ ઘડીના એક અંશ દરમિયાન પ્રસાદજીની અને કસ્તુરની આંખો અથડાતી ત્યારે ઘડીના એક અંશ માટે કસ્તુરનાં ગાત્ર શિથિલ થઈ જતાં.

આ બાજુ પ્રસાદજીનો ઘોડો વાડી બહાર દોડી જતો. બીજી બાજુ ખીચડીનું આંધણ મૂકતી કે કઢી વઘારતી વિહ્વળ બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગએલી કસ્તુરથી કાંઈ ને કાંઈ ભૂલ થઈ જતી. હાથમાં જે કંઇ હોય તે કડછી, સાણસીનો એ રોકી ફાવે ત્યાં ઘા કરતી. મોટા રાંધણીઆની ચારે દીવાલો, છત અને ભોંય, બધી દિશામાંથી એની પર ભીંસાતાં એ અનુભવતી. આટલો ઉકળાટ, આટલી વિહ્વળતા ને આટલી બેચેની...........છિન્નભિન્ન થઈ ગયાની આટલી સભાનતા, ઘડીના અમુક અંશ દરમિયાન જન્મી પડતો આ અનુભવ ! !........

રોજનું રોજ એ જ સૂરીલી સન્ધ્યા, એ જ ઘોડેસ્વાર, એ જ પ્રશ્ન, એ જ જવાબ, એ જ આંખોની અથડામણ અને એ જ ઉલ્કાપાત. બસ આટલું જ.....આટલું જ, અને આટલાથી ઉન્મત્ત લાગણીઓ દોડી આવતી અને એ સીસાડાની દીવાલ સાથે અફળાઇ છિન્નભિન્ન થઇ જતી !

અને દરરોજ અંધારું થઈ ગયા પછી વજેસંગ કસ્તુરની ખબર પૂછવા આવતો, ડેલા બહાર ખાટલો ઢાળી બેસતો, બેસી જ રહેતો. એને કોઈ બોલાવે નહિ તો પોતાની મેળે ભાગ્યે જ એને કંઇ બોલવાનું હોય ! ડેલાનાં કમાડ આગળ કંતાનની ખુરશી પર પડયે પડયે નરપત એને જોઇ રહેતો. કસ્તુર કામમાંથી પરવારી બાપ આગળ ....એની અડોઅડ, ખાટલે બેસતી અને બાપ-દીકરી વાતે ચડતાં ત્યારે ઘણીવાર નરપતની હાજરી ભૂલી જતાં !

રાત્રીનાં અંધારાં ઢલવાયાં હોય અને બધે જ ચુપકી ફરી વળી હોય ત્યારે ઉપરના અવાક્ તારાઓ જેવો નરપત ચોરની જેમ જ વારે ઘડીએ આંખોની મીટ મારતો ચુપચાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતો રહેતો. સારાએ દિવસના ઢસરડામાંથી ફક્ત બે ત્રણ કલાક મળતી પુરસદ દરમ્યાન એની જુવાનીને વ્યવસાયહીન અને કંટાળાભરી કલ્પનાઓથી ફરજિયાત ટહેલવું પડતું !

રાત્રે દશ વાગ્યે પ્રસાદજીને ત્યાં હિસાબ આપવા અને ચોપડા લખવા એને જવું પડતું.

'અરધી રાતના, રોજનું રોજ એવું શું કામ તમારા વગર અટકી પડ્યું છે.' કસ્તુર રોષતી પૂછતી.

'એ ય કામ કરવું પડે....નોકરી સંડાવી છે, કંઇ રમત વાત નથી !....પણ....'

'પણ શું ?'

'કંઈ નહિ.' કહેતાં જમણા પગના અંગુઠાથી નરપત બેસતો એ ખાટલાને ઊંધો કરી, હાથથી ઊંચકી કઢંગી રીતે નરપત એને ઓટલાની બાજુમાં ફેંકતો.

કસ્તુર આ બળાપો ન સમજે એટલી ભોટ નહોતી. 'એમ કે ?' એનાથી બોલાઈ જવાતું.

કોઈ વાર બન્ને એ વાત હસીને ભૂલી જતાં, તો કોઈ વાર રોષમાં બન્ને છૂટાં પડતાં........

........અને એમ એ બન્ને જુવાની બેફામ મસ્તીથી થાકી જતી, લોથ થઇ જતી....લાગણીઓનાં પૂરથી ઉસરાતી જીવનની મજલ કાપે જતી હતી.

રાતે ચોપડા લખતી વખતે પ્રસાદજી સિફતથી નરપત પાસેથી એના રોજિંદા જીવનની નાની નાની વિગતો કઢાવતા. કસ્તુર વિષે કોઇ એવી વિગત નહોતી કે જે એ નહિ જાણતા હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરપત અને કસ્તુરનું દામ્પત્ય-જીવન ક્યાં સુખદ રીતે લેખું થતું અને ક્યાં ઠથળતું તેની નોંધ પ્રસાદજી પાસે હોય જ.

કોઈક સાંજના એની ખબર પૂછ્યા પછી આગલા દિવસના બનાવનું આડકતરું સૂચન કરતાં પ્રસાદજી કોઈક વાર કસ્તુરને મીઠો ઠપકો આપવાનું યે ભૂલતા નહિ.

'હાય, હાય!........આ આપણે ઘરમાં રહીએ છીએ કે ગામના ચોરામાં!'

'કેમ?' નરપત આશ્ચર્યથી પૂછતો.

'કેમ શું? મારી જુવાની પર તમારા શેઠનો આટલો ચોકી-પહેરો મારાથી સહેવાતો નથી!'

'તું તો ગાંડી છો. શેઠ તો તારી સામે ઊંચી આંખે જોતા પણ નથી.'

'તે જ તો કહું છું કે કેમ નથી જોતા? તમારી પાસેથી વિગત મેળવે છે તે મને કાં નથી પૂછતા? તમે એમના દીકરા અને હું........એમની........'કહેતાં કસ્તુરનાં ગાત્રો શિથિલ થવા લાગતાં, એની હાથની આંગળીઓ કંપી રહેતી, એની આંખમાં પેલી ઘડીના અંશનો ભય આવીને બેસતો. એ જરા વધારે ઊંચા સાદે બોલતી, 'જોજો હો, એક દહાડો હું તમારા શેઠની વલે કરીશ! તમે બન્નેએ મને નથી ઓળખી!'

શરદ પૂનમની રાતના કસ્તુર રાસડા રમીને મોડી રાતે નરપત સાથે વાડીએ પાછી ફરી રહી હતી.

મધરાત વીતી ગઈ હતી. ચુપકીના સરોવર પર ચાંદની મેઘ બનીને વરસી રહી હતી. નીરવતા પ્રશ્નો પૂછતી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ રાત્રિના અણુઓળખ્યા અવાજ ચારે તરફથી આવી રહ્યા હતા. કેડી પર કસ્તુર નરપતની અડોઅડ ચાલી રહી હતી. વડલાના અંધારામાં એ બન્ને પ્રવેશ્યાં. ત્યાં કસ્તુરે ઓચિંતાના નરપતને ખભે ચૂંટીઓ ખણ્યો. નરપત ઝડપથી ફર્યો અને બન્ને હાથોમાં કસ્તુરને ઝીલી લીધી. આ સુંદરીના થડકતા હૃદયને પોતાની નજીક—છેક જ નજીક લાવવા એણે જોરથી એને પોતાની છાતી સરસી ચાંપી. કસ્તુરથી એક ઊનું નિઃશ્વાસભર્યું સ્મિત છેડાઈ ગયું.

ત્યાં.......એવી જ ઓચિંતી ઝડપથી નરપતની હાથની પકડ છૂટી ગઈ, કસ્તુર અતૃપ્તિનો ઢગલો બની જમીન પર ઢળી પડી.

'શું છે પણ--!'

'તેં સાંભળ્યું....' નરપતે ચારે તરફ જોતાં કહ્યું '....મેં ઘોડાના ડાબલા વાગતા સાંભળ્યા....જાણે કોઈ મારતે ઘોડે આપણી તરફ ધસી આવતું હોય!'

કસ્તુર એક સપાટે ઊભી થઈ. વડલાનાં અંધારાં બહાર નીકળી ગઈ. નરપતે દોડી જઈ ઓઢણીનો છેડો પકડવાનું કર્યું પણ કસ્તુરે વાંકા વળી એની નેમ ચુકવી, 'હવે રહેવા દો રહેવા દો!.......' કસ્તુર રોફથી બોલી. 'એ ઘડી તો ક્યારની વીતી ગઈ!' એણે આગળ ચાલતાં, પોતાનો બધો અણગમો આંખમાં એકઠો કરી, વાંકા વળી, નરપત તરફ જોયું અને ફરી બોલી: 'તમે તો આકાશમાં સફેદ ઘોડા ઊડતા જોયા! એવા છો ભીરુ તમે! મોકો ન ઓળખે એ મરદ શા કામનો?'

ઘર આગળ આવતાં જ ખાટલા પર વજેસંગ બેઠેલો. એને જોતાં જ નરપતની આંખે લોહી ચડી આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તને તો બહુ મોડું થયું કંઈ, કસ્તુર!' વજેસંગે પૂછ્યું.

'હં.......' કહેતી બાપની હાજરીની ઉમળકાભરી નોંધ લીધા વિના કસ્તુર ડેલામાં પેઠી અને બાપ ન સાંભળે એવા ધીમા અવાજે બબડતી બોલી: 'બધી વાતે મોડું થયું છે સ્તો.'

નરપત ખાટલા સામે ઊભો રહી વજેસંગ સામે તાકતો ઊભો. પણ વજસંગને કશું કહેવાનું નહોતું અને નરપતને કશું પૂછવાનું નહોતું. એટલે તે પણ કસ્તુર પાછળ ડેલામાં દાખલ થયો અને વજેસંગને એમ જ ખાટલા પર બેઠેલો રહેવા દઈ એણે ડેલાનાં ભારે કમાડ બંધ કર્યાં અને જોરથી ખખડાવીને અંદરથી સાંકળ મારી.

મેડી પર બિછાનામાં સૂતાં નરપતે કસ્તુરને બાજુમાં લીધી અને પંપાળી........રાત્રિની ઘડીઓ શ્વાસ અને નિઃશ્વાસ બની ઊડવા લાગી........આટલો બધો પરિશ્રમ, કોને રિઝવવવા....! ....આ પસીનો અને........ઘડીઆળના 'ટક્ ટક્' સાથે હૃદયના ધબકાર લમણે વાગી રહ્યા!

શરદ-પૂર્ણિમાની કૌમુદી એનાં રૂપેરી યૌવનથી જગતને આંજી નાખવા નીકળી પડી હતી. બાજુમાં સૂતેલા નરપતની જેમ જગત પણ થાક, કચવાટ અને ચિંતાથી બેડોળ સ્વપ્નાં જોતું ઊંઘમાં પડ્યું હતું. કોઈક જ ભાગ્યશાળી આ અવસરની રાહ જોતું, સદા જાગ્રત અને ધન્ય બની, વરસમાં એક જ વાર ટહેલતા ચાંદનીના રૂપેરી યૌવનને બારી વાટે નીરખી રહ્યું હતું!

'આવી રીતે જુવાન હોય તેને ઊંઘ કેમ આવે!' એવો વિચાર કરતી કસ્તુર મેડીની બારી આગળ ઊભી હતી. ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચૂક ઘોડાના દોડવાનો અવાજ સંભાળાયો. અચૂક! ચોક્કસ! નદીને પેલે કાંઠે ટેકરીના ઢોળાવ પર રૂપેરી ઘાસને ખૂંદતો, સફેદ ઘોડો પસાર થઈ ગયો. એણે પેલા મોટા પથ્થર આગળ વળાંક લીધો, અને ફરી ટેકરી ચડવા લાગ્યો. દૂરની વનરાજીમાં દીપડાની ગર્જના સંભળાઈ...ઘોડાના દાબડાનો આછો અવાજ.... પછી ચુપકીને અંતે બંદૂક ફૂટયાંનો અવાજ. નદી–ભેખડોમાં અને ટેકરીઓના ઢોળાવ પર એ અવાજના પડઘા પડયા.... થોડી વાર રહીને ફરી ઘોડાના દોડવાનો અવાજ સંભળાયો. દીપડાની ગર્જના દૂર અને દૂર થતી સંભળાઇ....અને ફરી એ જ ચુપકી : જાણે અવાજ પોતે વિસ્તૃત બનતાં ચૂપ થઈ ગયો હોય એવી અકળાવે, ગૂંગળાવે એવી સર્વવ્યાપી ચુપકી! ચાંદની, યૌવન, તાકાત અને ચુપકી! કસ્તુર એક ઊનો નિઃશ્વાસ છોડી બિછાના તરફ ફરી.

સવારના ઊઠતાંની સાથે જ કોઈ દેખીતા કારણ વગર કસ્તુરનું મન દુભાઈ ગયું. ફક્ત આદતના જોરે એ ઘરના રોજિંદા કાર્યમાં પરોવાઈ, અને ગુમાયલી મનોદશામાં એણે બપોર ગાળી નાખ્યા. મધ્યાહ્ન નમવા આવ્યો ત્યારે કશી જ નેમ વગર ધોવાનાં કપડાંની ગાંસડી ઊપાડી એ બહાર નીકળી.

મોટા પથ્થરને અઢેલીને બેસતાં એણે ચારે તરફ દિશાશૂન્ય નજર કરી. આખરે ટેકરીના ઢોળાવ પર વૃક્ષોના લંબાતા ઓળા પર એની નજર ઠરી ગઈ. કશુંક યાદ આવ્યું ન આવ્યું ત્યાં ઢોળાવ પરનાં અજવાળાં અને અંધારામાં દોડતો સફેદ ઘોડો દેખાયો. કસ્તુર બીજો કોઈ વિચાર કર્યા વગર પાણીમાં કૂદી પડી અને તરીને પેલે કિનારે આવી બેઠી. સફેદ ઘોડો છેક નજીક આવી પહોંચ્યો ત્યારે એ કપડાંની ગાંસડી છોડવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કસ્તુર! આ વખતે!' પ્રસાદજીએ આગળ આવીને પૂછ્યું.

'બીજું કંઇ કરવાનું નહોતું, એટલે કપડાં ધોવા નીકળી,' એણે પ્રસાદજી તરફ માથુંએ ઊંચું કર્યું નહિ.

'હું!' કહેતાં પ્રસાદજીએ ઘોડાને એડી મારી, અને જતાં જતાં પૂછતા ગયા, 'તે આ કાંઠે કપડાં ધોવા કેમ આવી, ભલા?' ઓઢણીને પાણીમાં ઝબોળતાં કસ્તુરે ઝડપભરી અદાથી માથુ ઊંચું કરી હસીને પાછળ જોયું. એનું હાસ્ય ખસિયાણું પડ્યું. ઘોડેસ્વાર ક્યાં?—કેટલોય દૂર નીકળી ગયો હતો!

સૂર્ય નમતો ગયો, અને ટેકરીના ઢોળાવપરથી લપસતાં લપસતાં એના ઓળા છેક નદીનાં પાણી સુધી આવ્યા. એવા રોજના ટાણે પ્રસાદજી પાછા ફર્યા ત્યારે કસ્તુર કિનારે ઊભી હતી. માથાના ધોએલા બાલોને એણે હવામાં ફાવે તેમ નાચવા છૂટા મેલી દીધા હતા.

'તું હજી ગઈ નથી!' પ્રસાદજીએ નજીક આવતાં પૂછ્યું.

'ના, કેમ?'

'કેમ એટલે? મોડું નથી થતું? અંધારાં હમણાં ઊતરશે!'

'આજે અંધારી બીજની રાત છે!'

'તે ચાંદનીમાં ટહેલવા નીકળવું હશે!' પ્રસાદજી બોલ્યા. 'મૂરખ, હવે કંઈ નાની છો?'

કસ્તુરે વાંકું ડોકું કરી પ્રસાદજી સામે જોયું અને પ્રસાદજીના સ્મિત કરવા જતા હોઠોને એ પકડી પાડે તે પહેલાં એમનું મોઢું સખત બની બીડાઈ ગયું. પણ ઘડીના એ અંશ માટે ફરી એ ચાર આંખો અથડાઈ પડી....કસ્તુરના આખે ડીલે મીઠો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંપ વ્યાપી ગયો. એણે સુકાયલાં કપડાંની ગાંસડી ઉપાડી અને બીજા હાથે ઓચિંતાની પ્રસાદજીના ઘોડાની લગામ પકડી લીધી.

'આ શું કરે છે તું !' પ્રસાદજીએ ચમકી ગએલા ઘોડાને લગામ ખેંચી સ્વસ્થ કર્યો.

'તમારી સાથે આવું છું' ચંદ્ર તરફ મોઢું ઉન્નત કરતા કુમુદની વિહ્વળતાથી એણે પ્રસાદજી તરફ જોયું.

'છીછરા પાણીમાં તારે નદી પાર કરવી છે કેમ ?--પણ એ કેટલું લાંબું પડશે તને ?'

'છો પડે...મારે શી ઉતાવળ છે. અને મારે ક્યાં કોઈ વેપારમાં ખોટ જવાની છે ? ખોટનો વેપલો કરતીએ નથી !' પ્રસાદજી સામે ઊંચું જોઇ રહેતાં એણે માથાને એક તરફ નમાવ્યું અને એ અદામાં સ્થિર થઈ એણે ધીરે રહીને પોતાના હોઠ ખોલ્યા. બાળક જન્મે તેમ એક સુંદર સ્મિત જન્મ્યું અને પ્રસાદજી તરફ વળ્યું. બેભાનપણે ઘોડાની લગામ ખેંચતાં એ પ્રસાદજીની છેક નજીક જઈ પહોંચી. એનું વાંકું રહી ગયેલું મોઢું, પરાગ ફોરતું લજ્જાભર્યું સ્મિત, એ અંગમરોડ અને એની એ સમયની ઉગ્ર ભાવનાશીલતા.... અને....એ વખતે સન્ધ્યાના રંગો ભેગા થતા હતા. બાજુમાં વહેતી નદી કવિતા બોલી રહી હતી, અને ટેકરીના ઢોળાવ પર પથરાતાં અંધારાંમાં અવાજની અપ્સરાઓ રમવા ઊતરી પડી હતી.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બનાવને એક અઠવાડિયું વીતી ગયું અને એ દિવસથી પ્રસાદજીએ સાંજે ફરવાનું છોડયું. આઠ દિવસથી એમણે કસ્તુરની ફુબરફ ખબર પણ કાઢી નહોતી.

'શેઠજીની તબિયત કંઈ સારી લાગતી નથી.' એક દહાડો નરપતે કસ્તુર પાસે વાત કરી. રોટલા ટીપતાં ટીપતાં પોતાના વિચારોમાં ગભરાઈ ગયેલી કસ્તુરે ઊંચે જોઈ બેભાન-પણે 'હેં ?' કહ્યું ત્યારે કસ્તુરથી ટીપાતા રોટલા પર વધારે ભાર દેવાઈ ગયો. 'એમ કે ?' કહીને એણે વાત ઉડાવવાનું કર્યું પણ નીચે રોટલા તરફ નજર કરતાં એની આંખે અંધારાં આવ્યાં, અને એ દિવાસ્વપ્નના ધુમ્મસ વચ્ચે એણે સફેદ ઘોડો દોડતો જોયો.

બીજે જ દિવસે શહેરથી એક ડોકટર બોલાવવામાં આવ્યો, અને એ જ અઠવાડિયાને અંતે વકીલો પણ શેઠની મુલાકાત લઈ ગયા. શેઠ પોતાનું વસિયતનામું ઘડવાની તૈયારી કરી રહ્યા. પ્રસાદજી પોતાની જવાબદારીઓ સંકેલી રહ્યા હતા. સ્થાવર મિલકતની મૂલવણી એમણે પૂરી કરી અને વધારાની જંગમ મિલકતનું વેચાણ એમણે શરૂ કર્યું હતું. એટલે નરપત છેલ્લા બે અઠવાડિયાંથી મગફળી અને કપાસના સોદા પાકા કરવા શહેરમાં રોકાઈ ગયો હતો અને પ્રસાદજીના ચાળીસેક ઢોરને ખરીદી લેનારને ત્યાં એ ઢોર પહોંચાડવા વજેસંગ પણ છેલ્લા બે દિવસથી આ ગામ છોડી જતો રહ્યો હતો.

જીવનમાં પહેલી જ વાર કસ્તુર એકલી પડી. એના ફૂલતા ફાલતા યૌવન પર મીટ માંડનાર અત્યારે કોઈ પુરુષ હાજર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતો. આટલી મોટી દુનિયાના આટલા બધા વિવિધરંગી મિજાજો, એ ઉષ્મા અને એની બેકાબૂ વિહ્વળતાભરી જુવાની તો એકે દિવસ એળે જાય એ કસ્તુરને નહોતું ગમતું !

જેની લાગણીઓએ કોઈ દહાડો ફુરસદ નહોતી અનુભવી તેને સમયના કંટાળાભર્યા પ્રવાસ પર નિર્જીવ બની ઢસડાવું પડ્યું, અને એમ કસ્તુરના પાંચ દિવસ વીતી ગયા.

વૈશાખના ખરા બપોર હતા. સવારના ગામમાં ગએલી કસ્તુર વાડીએ પાછી ફરી રહી હતી. સૂર્ય નિષ્ઠુર બની ધરતીને તપાવી રહ્યો હતો. તરુવરો સુસ્ત બની બપોરની ઊંઘ લઈ રહ્યાં હતાં. ભાગ્યે જ કોઈ પક્ષી કિલ્લોલતું સંભળાતું. એવે સમયે તળાવ આગળથી પસાર થતાં કસ્તુરને એક વિચાર આવ્યો. વિચાર આવતાંની સાથે જ એ દોડીને તળાવની પાળ ચડી ગઈ. એ ઉંચાઈએથી એણે ચારે તરફ નજર કરી તો કોઈ જીવતો જીવ એની નજરે પડયો નહિ. એણે તળાવના પાણીમાં જોયું.

ચારે બાજુથી તરુવરો પાણીને ઘેરી ઊભાં હતાં. પવનની લહરી વિનાના આવા સ્તબ્ધ મધ્યાહ્નને તળાવનાં વારિ દર્પણ બની ગયાં હતાં. એમાં વૈશાખના આકાશની તેજસ્વી રંગહીનતા ડોકિયું કરી રહી હતી. કસ્તુરે નીચે ઊતરીને તળાવના શીતળ વારિમાં પગના પહોંચા બોળ્યા. હાશ ! કેવો મધુર સ્પર્શ ! અને એ સ્પર્શના અનુભવે ભાન ભૂલી અવશ થઇ ગયાનો ભાવ એના ચહેરા પર મંડાઈ ગયો. એણે ફરી એક વાર ભીરુ હરિણીની જેમ પાછળ જોયું, પછી બેબાકળી ઉતાવળથી બધાં કપડાં ઉતારી, પોતાને ઘેરી ઊભેલી પ્રકૃતિના જેવી જ વસ્ત્રહીન એ તળાવનાં પાણીમાં કૂદી પડી. હંસ અને સારસ સફાઈથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીની સપાટી કાપે એમ પ્રયત્ન વગર એ ઊંડા પાણીમાં પહોંચી ગઈ.

ત્યાં સ્થિર બની એણે સુખ અને સંતોષથી ચારે તરફ નિહાળ્યું. એને બધી બાજુથી ઘેરી ઊભેલી પ્રકૃતિના અંશે અંશે એની હાજરીની નોંધ લીધી હતી. પ્રકૃત્તિ આશ્ચર્યમુગ્ધ બની, મોહ પામી, શાન્ત અને નીરવ એને જોઈ રહી હતી.... પોતાનાં તપ્ત અંગોને આલિંગન આપી રહેલા પાણીમાં કસ્તુર મુક્ત વિહરી રહી....ઘડીઓ ઊડવા લાગી....

આટલા દિવસોમાં આજે જ પ્રસાદજી બહાર નીકળ્યા હતા અને કોટેશ્વરના મંદિરથી પાછા ફરી રહ્યા હતા. એમના ખડતલ દેહને પણ આજના મધ્યાહ્નનો પ્રખર તાપ મૂંઝવી રહ્યો હતો. તળાવની પાળ ચડી એમણે વડના થડ આગળ છાંયડામાં વિસામો લેવાનું મન કર્યું. ત્યાં એમની નજર પાણીમાં તરતી કસ્તુર પર પડી.

એક ક્ષણ તો એમનો દેહ આંચકો ખાઈ ગયો. એમની પર ઓચિંતાનો હુમલો થતાં.... એના ઉપરાઉપરી પડતા ઘા નીચે પ્રસાદજી અકળાઈ ગયા....એમને થયું કે કોઈયે સ્રીનો નગ્ન દેહ આટલો આહ્‌લાદજનક રીતે સુંદર છતાં નિર્દોષ કેમ હોઈ શકે? કસ્તુર ખરે જ નિષ્પાપ અને નિર્દોષ હતી! પગની આંગળીઓથી તે માથાના વાળ સુધી કલંક વિનાનું મૂર્તિમંત યૌવન હોય એવો એ સુંદરીનો સુંદર દેહ! જ્યાં કમળ ખીલે અને હંસ વિહાર કરે એવી તળાવની શ્વાસ થંભાવીને મૂક થઈ ગયેલી સપાટી પર કસ્તુર રમણ કરતી, ગતિનાં ક્ષણજીવી વર્તુળો દોરી રહી હતી.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમાં પહેલી જ વાર પ્રસાદજી ક્ષોભ અને શરમ ત્યજી કસ્તુરને એકી નજરે જોઈ રહ્યા. એમની નજરની નિષ્ઠુરતા અને ચહેરાની કડવી રેખાઓ વિલીન થયાં અને કસ્તુર પર થંભી ગયેલી એમની દૃષ્ટિનું દર્શન વિશાળ બનતું ગયું.... અને એમ વિસ્તૃત બનતાં વરસો પહેલાંની એક મીઠી યાદને અડી ગયું. ત્યારે વડના થડને અઢેલી ઊભેલા પ્રસાદજીની નજર સામે ન કસ્તુર કે ન આ સ્થૂળ જગતનું બીજું કોઈ દર્શન અસ્તિત્વ ધરાવતું હતું........પ્રસાદજી વરસો પહેલાંની એક મીઠી યાદનું સ્વપ્ન જોઈ રહ્યા હતા........ કસ્તુર જેવી જ એક યૌવના.... નવપરણેતર અને........

કસ્તુર પાણી બહાર નીકળી કપડાં આગળ પહોંચી ત્યાં એણે પ્રસાદજીને વડના થડ આગળથી એના તરફ અનિમેષ જોઈ રહેલા જોયા. એમને જોતાં જ એણે બન્ને બાજુઓથી પોતાની છાતી ઢાંકવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. એ કમરમાંથી વાંકી વળી ગઈ. એના હૃદયમાં એક વાર ઉષ્મા જન્મી અને પાછી આગ ઊઠી! જે આગ અમુક એક લાગણીને એના અવયવોના અણુએ અણુમાં ધ્રૂજતી મૂકી ગઈ. લાગણીના ઉન્મત્ત અનુભવના ભારથી એ કપડાં પહેરવાની ઉતાવળ કરવાનું યે ભૂલી. ભીના બાલમાંથી પાણીનાં ટીપાં મોતી બનીને એના સાથળ પર ટપકી રહ્યાં. એક ક્ષણ કશો નિર્ણય ન કરી શકેલી કસ્તુર સંકોચ અને શરમનું શિલ્પ બની ગઈ.

એણે અંતે કપડાં પહેર્યાં. ઘણીએ ઈચ્છા કરી તો ય સામી છાતીએ પ્રસાદજી પાસે જવાની એની હિંમત ન ચાલી. કઢંગી ઉતાવળે એ બીજી તરફથી તળાવની પાળ ચડી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર એણે પ્રસાદજીને નિરખીને જોયા અને એણે કપડાં મૂક્યાં હતાં ત્યાં, એના દેહ પરથી ટપકતાં પાણીનાં ટીપાંઓએ જમીન ભીંજવી હતી એ ભીના ધાબાને પણ એણે દૂરથી જોયું. પછી ચારે તરફ બેબાકળી નજર ફેરવી એ પાળ ઊતરી રસ્તા પર દોડી જવા ગઈ ત્યાં—

'જોયા ને શેઠજીને ?' કસ્તુરે હેબતાઈ ને પાછળ જોયું તો સામેની આંબલીના થડ આગળથી વજેસંગ તાકીને એને જોઈ રહ્યો હતો. 'જોયા ને ?' એણે કસ્તુરને પૂછ્યું. એના પ્રશ્નમાં અને એના અવાજના પરિકંપમાં વહાલ અને સાહજિક-પણાનો અભાવ હતો.

પાણીના ઢોળાવ પર ઊતરવા લાંબો થયેલો કસ્તુરનો પગ, અને ગતિ મેળવવા પાછળ નખાઈ ગયેલા અને પહોળા થયેલા એના બાહુઓ ત્યાં જ અટકી થંભી ગયા. એના હોઠ ભય અને ક્ષોભથી કંપવા લાગ્યા. ફાટી આંખે જોતાં એ બેભાનપણે બોલી: 'હેં ? કોને ?'

'આ જો એને !' કહેતાં એક કાંકરો ઉપાડી વડના થડ આગળ પ્રસાદજી ઊભા હતા એમની ઉપર ફેંક્યો. આ કઢંગી પરિસ્થિતિમાંથી ભાગી છૂટવા કસ્તુરે રસ્તા તરફ દોટ મૂકી. ત્યાં પ્રસાદજીને એણે બોલતા સાંભળ્યા.

'વજેસંગ, તું ક્યારે પાછો આવ્યો ?'

વજેસંગને હળવે રહીને આંબલીના થડ આગળથી ઊભો થતાં કસ્તુરે જોયો. અને પ્રસાદજી તરફ મોઢું ફેરવ્યા વગર, એમના પ્રશ્નોનો કશો જવાબ આપ્યા વગર, હળવે અને ચોક્કસ પગલે વજેસંગ તળાવની પાળ ઊતરી ગયો. રસ્તા પર આવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર પાછળ ફરી એણે પ્રસાદજી તરફ તુચ્છ ભાવે નજર કરી. પછી ગુમાનભરી અદાથી પીઠ ફેરવી એ જતો રહ્યો. વડના થડ આગળથી પ્રસાદજીએ એક બાજુ વજેસંગને અને બીજી બાજુ કસ્તુરને પોતાથી દૂર ચાલી જતાં જોયાં. એમનું મન ફરી અંદર પેસી ગયું. એ કડવી રેખાઓ એમના ચહેરા પર ફરી આવીને બેઠી !

બપોર અને સાંજ વીત્યાં ! રાતનાં અંધારાં ઊતરવા લાગ્યાં હતાં. ક્યારેય નહિ ને આજે જ કસ્તુરને ક્યાંક કશું ડંખી રહ્યું હતું. ઉષ્મા વગરની બેચેનીનો કસ્તુરનો આ પહેલો અનુભવ હતો. એકલી અને આધાર વિનાની કસ્તુરે ચારે તરફથી દુનિયાને દૂર ભાગી જતી અનુભવી ! મૂંઝવણ, ઠંડી બેચેની, એકલવાયા-પણું એ બધા ભાવોમાં સર્વ સામાન્ય ભયની લાગણીએ સીમા ઓળંગી ત્યાં કસ્તુર ઉતાવળે ડેલાને તાળું મારી ચાવી કમર પર ખોસતાં, દોડતી વાડી બહાર નીકળી ગઈ, અને કેડી પર એક-શ્વાસે એ દોડવા લાગી. અંધારી રાતની ચારે દિશાઓ સીમાહીન બની ગઈ હતી. બાજુમાં વહેતી નદીનું ધીરું ગુંજન સંભળાતું ન હોત તો બાકીનું જગત મૃતપ્રાય હોય એવું ચુપ હતું.

લાગણીઓની અતિશયતાથી ધ્રૂજતી અને શ્રમથી હાંફતી કસ્તુર બાપના ઝૂંપડા આગળ આવી પહોંચી ત્યારે એને ગળે ડૂંપો આવ્યા જેવું કંઈક થયું. હળવે પગલે ઝૂંપડાનો ઓટલો ચડી કમાડ આગળ એ આવી ઊભી. કસ્તુર જમણા હાથના અંગુઠાથી કમાડને ધકેલીને અંદર દાખલ થઈ. વજેસંગ ઘરમાં નહોતો અને એકધારું બળ્યા કરતાં એરંડીઆના દીવા સિવાય આ ઘરની બીજી કોઈ વસ્તુમાં પ્રાણ નહોતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીનું માટલું ઊંધું વાળેલું પડ્યું હતું. ચૂલો લીંપેલો હતો અને માંય ખાક નહોતી. ગાદલાં–ગોદડાં ખૂણામાં ગોઠવાયલાં પડયાં હતાં. એમની ઉપર ધૂળ ચડી ગઇ હતી. પણ ખીંટી પર પડી રહેતી વજેસંગની બંદૂક ત્યાં નહોતી અને ગોખલામાં એની કટારી યે નહોતી. કસ્તુરે દીવો ઊંચો કરીને જોયું તો ત્યાં જામી પડેલી ધૂળમાં, કટારી ઉચકનાર હાથની આંગળીઓના તાજા જ લિસોટા પડેલા દેખાયા. દીવાને ત્યાં જ જમીન પર મૂકી કસ્તુર બન્ને હાથમાં માથું ઘાલી છૂટથી રડી પડી. કેટલાય દિવસથી વાસીદું ન કાઢેલ જમીન પર હુસ્કે હુસ્કે એ રડવા લાગી.

રાત આગળ વધવા લાગી તોય કસ્તુરે ગુમાવેલી સ્વસ્થતા પાછી ન મેળવી. એનું મન અંદરનું અંદર મૂંઝાયા, ચીમળાયા કરતું હતું. અને એના હૃદયમાંથી ઊંડે ઊંડે ખૂન વહ્યા કરતું એને લાગ્યું. રડી રડીને થાકી ત્યારે એ બારણાંને અઢેલી બેસી રહી. ઉપર વૈશાખના આભની અસંખ્ય આંખો એના પર મંડાઈ ગઈ હતી. એમની નજર ચુકવી એ ફક્ત દૂરના જંગલના અંધારામાં જોઈ રહી. બાજુના વાડામાં કોઈ બકરું બોલતું, કોઈ ભેંસ ભાંભરતી અને દૂરથી શિયાળવાં રડવાનો ક્યારેક અવાજ આવતો. ન કળાય એવી મૂંઝવણને ગોથે ચડી ગએલું કસ્તુરનું મન, હૃદયને એકેક ધબકારે આંસુઓ ટપકાવી રહ્યું હતું.

મોડી રાતે વજેસંગ પાછો ફર્યો. એણે કસ્તુરને જોઈ હશે પણ એની હાજરીની નોંધ લીધા વિના, એના પગને ઠોકરે મારતો એ ઝૂંપડામાં દાખલ થયો. એણે ખીંટીએ બંદૂક ભેરવી અને કમરમાંથી કટાર ખેંચી કાઢતાં ગોખલામાં ફેંકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શેઠજી મરી ગયા!' કહેતાં એ ગાદલાંને અઢેલીને બેઠો. કસ્તુર એક કૂદકે ઊભી થઈ ગઈ. એણે ખીંટીએથી બંદૂક ઉતારીને તપાસી જોઈ. એમાંનો એકે કારતુસ વપરાયેલો જણાયો નહિ. ગોખલામાંની કટારી ખોલીને જોઈ તો એની ધાર પરનું તેલ પણ લૂછાયું નહોતુ.

'હું!' કહેતાં કસ્તુરે હળવો, ધીમો, છૂટકારાનો શ્વાસ છોડયો. ધીમે રહીને કમાડ આગળ બેસતાં એના ચહેરા પર સંતોષ ફરી વળ્યો. એના હોઠ ઉપર એક નાનકુડું સ્મિત બે ચાર કૂદકીઓ ફરી જતું રહ્યું.

'શું કહ્યું, તમે?' કસ્તુરે નિરાંતથી પૂછતાં ક્ષણભર આંખો મીંચી.

'કે....કે શેઠજી,' ઉશ્કેરાયેલો વજેસંગ ઝડપથી ઊભો થયો, 'શેઠજી મને થાપ ખવડાવી ગયા.' મૂઠીઓ વાળી એણે બન્ને હાથ ઊંચા કર્યાં 'મને, વજેસંગને થાપ ખવડાવી ગયા, સમજી?'

નાનકડા ઓરડામાં ચક્કર ચક્કર ફરતાં અને કસ્તુર તરફ ફાટી આંખે જોઈ રહેતાં એણે કહ્યું: 'હું એમને આખડું તે પહેલાં એ નહોતા—તારો નરપત હમણાં જ બહારથી આવ્યો તે. એની પાસે બેઠો છે. કહે છે કે કુદરતી એમનું હૃદય બંધ પડી ગયું! હું!! કુદરતી મોત....કુદરતી....અમસ્તું જ!!' વ્યંગ અને તિરસ્કારમાં એણે નીચે જોયું, અને કસ્તુર તરફ ફરતાં એણે બૂમ મારી, 'હટ, જા....ખસ અહીંથી!' વજેસંગે દીવાને લાત મારી એટલે બહારનું અંધારું આ લાગ જોઈ અંદર ધસી આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખસ....હટ, જાય છે કે નહિ ?' કહેતાં એણે કસ્તુરને કમરમાંથી પકડી અદ્ધર ઊંચકી લીધી અને ઝૂંપડાના દરવાજામાંથી બહાર ઓટલા પર એને ફેંકી અંદરથી દરવાજો બંધ કરી દીધો.

ઊંબરા પર ઠોકરાતી, ઓટલા પરથી ગબડતી કસ્તુર નીચેની માટીવાળી ધૂળમાં પડી અને ત્યાં જ પડી રહી. એમ પડચે પડચે થોડો સમય વીત્યો ત્યારે એના મનની મૂંઝવણ અને હૃદયનું દુઃખ જતાં રહ્યાં. પેલી ઉષ્માભરી, વિહ્વળ બનાવતી આહ્લાદજનક બેચેની પાછી ફરી. એનાં અંગો પર મદભર્યું આળસ ઊતરી પડ્યું. હળવે રહીને એણે ધૂળમાં પડખું ફેરવ્યું તો એની નજર પર અંધારી રાતના આકાશનું દર્શન ઊતરી પડ્યું. અસંખ્ય તારાઓની વહાલભરી મીટ એના પર સંડાઈ ગઈ.

ભીની તાજી હવાને એક ઊંડો શ્વાસ લઈ એણે ફેફસાંમાં ભરી. અને ઉપરની સોકળાશમાં ગુમાઈ જતાં તેજનાં રજકણો તરફ એણે જોયા કર્યું. કોઈ એક ખરતો તારો ક્ષણભરનું જીવન જીવી મૃત્યુને ભેદી ગયો. પણ આકાશની નિઃસીમતામાં થયેલો એનો ઉદય, એનાં તેજ અને એની ગતિનો કસ્તુરના હૃદયમાં શાન્ત અને સુખકારી ધ્વનિ જન્મ્યો.

કસ્તુરે એમ જ સ્થિર પડી રહેતાં સંતોષથી આંખ મીંચી. ચારે દિશાથી ગતિ, ધ્વનિ અને તેજ એને આવરી લેતાં-- આલિંગન આપતાં એણે અનુભવ્યાં. એના હોઠ ધીમે ધીમે સ્મિતમાં ખુલવા લાગ્યા ! આ જીવન હરેક પળે જીવવા લાયક હતું !

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકમ્ કરોતિ....

જયન્તિ દલાલ

મૂળમાંય મને વાત કરવાની ફાવટ નહીં અને એમાંય જે વાતમાં મારા પરમપૂજ્ય સ્વામીની નિંદાની જરાક સરખી પણ ગંધ આવે તે તો હું મુદ્દલે ન કરું. પૃથ્વીના પટ પર ગમે ત્યાં વિષધર દેખાય ત્યાં એને એક ઝપટમાં પંજામાં પકડી, મારી તીક્ષ્ણ ચાંચ વડે યમશરણ પહોંચાડતાં મને જરાકે વાર નથી લાગતી. અને જુગદાધારની કૃપા હોય તો વાર ન જ લાગે. પણ બોલવાનું મારે માટે મુશ્કેલ છે. અશરણશરણના પાદપદ્મના પ્રતાપે એમના અદના વાહન તરીકે મને લોકાદર મળ્યો છે અને જ્ઞાતાઓ તો જાણે છે કે આ મૂકસેવક છે. હા, મારા તીખા સ્વભાવને લીધે, જ્યારે જ્યારે ભગવાનશ્રી શ્વસુરગૃહે શેષાંકે શયન કરવા જાય છે ત્યારે ત્યારે મને પૃથ્વીસ્થ રાખીને જ જાય છે. પણ ત્યારેય હું બોલતો નથી કારણ કે મારે બોલવું પડતું નથી. ભગવાનની ઈચ્છાને અનુવર્તવું એ જ સેવકનો ધર્મ ને !

પણ આ મૌનવ્રત ચલાવી લેવાનું મારે માટે આ કાળમાં અશક્ય બન્યું છે અને એટલે જ હું આપની સમક્ષ મારી વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદર રજૂ કરું છું. રખે આને તમે મારા જીવનજીવના, દીન-શરણા, સ્વામી સામેના મારા મદભર્યા હુંકાર તરીકે ગણતા. આ તો અમારી દશા કઈ હદ લગી પહોંચી છે તેની જાણ કરવા જ આ કહું છું. છતાં જો કોઈ એને સ્વામીનિંદા તરીકે ગણશે-ગણાવશે તો જેમ ભગવાને નૃસિંહાવતારમાં નખે--દાંતે-પંજે પાપને ચીર્યું હતું એમ જ મારેય નમ્રતાપૂર્વક નખ અને ચાંચનો વિનિયોગ કરવો પડશે.

પણ હવે હું તમને વાત જ કરું.

એકદા હું મેરુશિખર પર બેઠો બેઠો તપ કરતો હતો ત્યાં અચાનક જ મને સ્વામીનો સાદ સંભળાયો. જાણે દિશાઓ ગર્જી ઊઠી. મેઘ તૂટયો હોય એમ શિખરે શિખરેથી પડછંદા ગાજવા લાગ્યા.

'ગરુડ ક્યાં છે ? ગરુડ ક્યાં છે ?'

અધમોદ્ધારક, પાપનિવારક, તારકમારક શ્રીવિષ્ણુના અવાજમાં આવી ઉત્કટતા મેં મારી આટલી જિંદગીમાં ક્યારે ય જોઈ નથી. શું પૃથ્વી પર પાપનો ભાર વધી ગયો ? શું ધર્મની ગ્લાનિ એટલી અસીમ બની કે ત્રિભુવનધારીને ફરીથી અવતાર ધારણ કરવો પડશે ? મનમાં આવા વિચારથી સંતાપ અનુભવતો અને સાથે સાથે જ ભગવાને મને જ સાદ દીધો એ વાસ્તવિકતાથી હર્ષપુલકિત મને હું ઊઠ્યો.

સ્ફટિકના સ્તંભો અને મણિમય રત્નજડિત કોટકાંગરાથી ઝગઝગતા પ્રાસાદનાં સોપાન પર મારા સ્વામી શ્રી વિષ્ણુ ઊભા હતા. મેં એમને ગજના બંધ છોડાવતાં જોયા છે. શિવધનુષને સાંધતા અને પરશુરામનું તેજ હરતા મેં એમને દીઠા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિરણ્યકશ્યપનાં આંતરડાં ચીરતા પણ મેં એમને ન્યાળ્યા છે. પણ એ સહુ પ્રસંગે મેં એમને ચહેરે વ્યાકુળતા નથી જોઈ. અવતાર ધારવાનો કાંઈ એમને શોખ નથી પણ પોતાની સમગ્ર શક્તિ ન્યાય, નીતિ અને ધર્મના સંરક્ષણાર્થે વાવરવાની એમની ઉત્કટતા, યોગ્ય કામ કર્યાના સંતોષ સાથે ભળતાં એમના વદન પર આ પ્રસંગોએ સૌમ્ય કાન્તિનું તેજ પાથરે છે. એમણે જે રીતે મને સાદ કર્યો એ રીતે મારા મનમાં તો ખાતરી થઈ ચૂકી હતી કે ક્યાંક કોક ઠેકાણે કોક પાપિયાનો પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હશે અને એના જીવનનું સર્વથી ઉત્તમ, પુણ્યવંતું કર્મ, પરમપવિત્રતાને હાથે પાપભર્યા જીવનનો અંત, પણ હાથવેંતમાં હશે. પણ આજે શ્રી ભગવાનના મુખારવિંદ પર પેલા સૌમ્યતેજની ઝલક ન હતી. એને સ્થાને ત્યાં મેં ખિન્નતા અને વ્યાકુળતા જોઈ.

હાથ જોડીને હું ઊભો રહી ગયો. મારા સામું જોઈને શ્રી ભગવાન બોલ્યા : 'ગરુડ!'

એમના અવાજમાંય આજ મને થોડો ઉદ્રેક લાગ્યો. મારા સ્વામી વિષે આવો ખ્યાલ મારા મનમાં આવ્યો એ બદલ હું પોતે લાજી મરું છું. પણ જે બન્યું એ તો મારે તમને કહેવું જ જોઈએ. મને લાગ્યું : માતાજી લક્ષ્મીએ જક લીધી હશે અને શ્રી ભગવાનને એમની ઈચ્છા વિરુદ્ધ કાં તો કોઈને રાજપાટ આપવાનું કે પરણાવીમંડાવી આપવાનું આવ્યું હશે. માતાજી શા સારું આવી હઠ લેતાં હશે?

શ્રી ભગવાન કહે : 'ગરુડ, ચાલ ભાઈ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વસમર્થની આ કેવી વાણી! હું તો છળી ગયો. મનમાં એવું થઈ આવ્યું કે જે અધમ પ્રાણીએ શ્રી ભગવાનના ચિત્ત-તંત્ર પર આવો આઘાત કર્યો હોય તેને નખે-દાંતે-પંજે પૂરો કરી યમદેવને આધીન કરી દઉં!

મારા આ ક્રોધમાં જ મેં અત્યાર લગીની સેવામાં ન કરેલું કામ કર્યું. મારાથી થઈ ગયું અને મેં શ્રી ભગવાનને પૂછ્યું: 'મારા સ્વામી, આજ આપ આટલા વિહ્વળ કેમ લાગો છો? કોણે આપને દુભવ્યા? પૃથ્વી પર શું પાપ આચરાયું કે આપ આટલા વ્યાકુળ છો?'

શ્રી ભગવાનના ગ્લાનિભર્યા ચહેરા પર પણ સહજ હાસ્યની લહેર આવી ગઈ.

'પક્ષીરાજ, આજે તો આપણે વિષ્ણુ અને ગરુડની પ્રતિષ્ઠા જાળવવાની છે.'

પ્રભુના સ્વરમાંય કેટલો કંપ હતો! પ્રભુની અને મારી પ્રતિષ્ઠા જાળવવાની? મને તો કાંઈ ન સમજાયું. પણ બીજું પૂછવાનો અવિવેક પણ હવે ન કરવો એમ માની, કરસંપુટ કરી હું તો પ્રભુ પાસે બેસી ગયો અને શ્રી વિષ્ણુભગવાન મારી પીઠ પર આરુઢ થયા. અને અંતરીક્ષમાંથી આવીને પ્રભુ-શ્રીનાં આયુધો એમના હસ્તકમલમાં ગોઠવાઈ ગયાં. વિમલ કાન્તિવાળું સુદર્શન પ્રભુને વિહ્વળ કરનારનો શિરચ્છેદ કરવા જાણે થનગની રહ્યું હતું. ગદા, માંધાતા કે પુરંદર જેવો કોક શત્રુ આવ્યો હોય અને એના દર્પને ચૂર્ણ કરવાનો હોય એમ સજ્જ હતી. ત્રિભુવનને કંપાવી દે એવો ધ્વનિ કરતો શંખ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ શાંતિ, સુંદરતા અને નૈર્મલ્યનાં પ્રતીક શું પદ્મ : એમ સ્વસ્થાને આવી ગયાં.

અને પ્રભુના ઇશારે હું ઊડ્યો. સપ્તસિંધુને પલકમાં પાર કરતો હું હજીુય આગળ ઊડતો હતો, ત્યાં જ શ્રી ભગવાને મારે શિરે પદ્મ અડકાડ્યું. હું ધીરો પડ્યો અને મેં નીચે નજર નાખી.

અસંખ્ય ચંદ્રશાળાઓ, ધ્વજાંકિત અટ્ટાલિકાઓ, પ્રાસાદો ફરતો પાકો કોટ, કોટને સંરક્ષતી પવિત્રતોયા નદી. અને આ નગરીની આસપાસ ઘેરો ઘાલીને આટલું સૈન્ય! હસ્તિદલ નદીની રેતમાં ફરી રહ્યાં છે. જરા આઘે અશ્વદલ થનગની રહ્યાં છે. અનેક યોદ્ધા કૃપાણપરશુ ધારીને, શિરસ્ત્રાણ અંગરખાં ચડાવીને શસ્ત્રજ્જ ખડા છે. ક્યા ભકતની નગરી પર આક્રમણ થયું છે? ભગવાનની આજ્ઞા થાય તો પેલા મદનિયાને તો હું મારા પંજામાં ઊંચકીને પછાડું.

ભગવાનની આજ્ઞા પ્રમાણે રાજમહેલ શા દેદીપ્યમાન પ્રાસાદની ચંદ્રશાળા પર જ્યાં હું પાંખો સ્થિર કરી ઊતરવા ગયો ત્યાં મેં જે જોયું તેથી હું મૂંઝાઈ ગયો. કબૂલ કરી દેવામાં મને જરાકે વાંધો નથી કે મારી મતિ મૂઢ બન્યા જેવું લાગ્યું. ચંદ્રશાળાના એક ખૂણા પર બરાબર મારા જેવું જ એક ગરુડ હતું અને એને પડખે શંખચક્રગદાપદ્મધારી મારા સ્વામી શ્રી વિષ્ણુભગવાનની હૂબહૂ મૂર્તિ હતી! આ શું ચમત્કાર હતો!. બે વિષ્ણુભગવાન! અને...અને બે ગરુડ! શું કોઈ દૃષ્ટિબંધનનો પ્રયોગ હતો? કોઈ ભવાયાની. એટલી ધૃષ્ટતા કે મારું તો ઠીક પણ સ્વયં શ્રી ભગવાનનું ચાડું કાઢે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં અત્યંત રોષ હતો. પેલા નકલિયા—એ નકલિયા જ હતા—ને પરાસ્ત કરવાની મનમાં પ્રબળ ઈચ્છા થઈ આવતી હતી, પણ ત્યાં તો જેવા શ્રી ભગવાને ચંદ્રશાળા પર પગ ધર્યો તેવો જ પેલો નકલી વિષ્ણુ શ્રી ભગવાનના ચરણારવિંદમાં ઝૂકી પડયો. પેલું ગરુડ એમનું એમ ઊભું રહ્યું. મને સાશ્ચર્ય ક્રોધ થતો હતો ત્યાં મને દેખાઈ ગયું—એ તો લાકડાનું બનાવેલું ગરુડ હતું! કોઈ નકલિયાએ વેશ લીધો ન હતો. આ તો કોક કારીગરે મારી પ્રતિચ્છવિ પરથી લાકડાનો ગરુડ બનાવ્યો હતો! ચાંચ ખરી અને પાંખ પણ ખરી. આંખ પણ ખરી અને નખ પણ ખરા. અને એની કારીગરીની શું વાત કરું! પાંખે પીંછાં પણ ચોઢયાં હતાં! પણ એ ઊડતું હશે? કોણ જાણે!

પેલા નકલીને શ્રી ભગવાને આશીર્વાદ તો ન આપ્યા. અરે સાષ્ટાંગ દંડવત્ કરીને પડ્યો હતો તે ઊભા થવાનું'ય ન કહ્યું ને! શ્રી ભગવાનનો આજના જેવો મિજાજ મેં કદી પણ નથી જોયો. કશું આવી પડયું હોય, કરવું પડતું હોય અને કરતા હોય એમ એમણે સુદર્શનને છૂટું મૂક્યું. અને ચક્ર ઊડયું. સૂર્યના તેજને પણ ઝાંખું બનાવી દેતું એ સરર્ કરતું ચાલ્યું. પળભરમાં તો એ કોટની દીવાલ ગોળગોળ ફરવા લાગ્યું, અને એનો પ્રખર તાપ જોઈ ને જ સામે ઊભી હતી તે સેનાનાં ગાત્ર છૂટી ગયાં. એક જ સમયે સહુના ગળામાંથી એક જ અવાજ નીકળ્યો :

'આ તો સુદર્શન.'

મનુષ્યદેહ ધારીને સુદર્શન નજરોનજર જોવા મળ્યાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લહાવો માણવા જેટલી, પોતાની જાતને ધન્ય માનવા જેટલી માનવતા આમનામાં રહી લાગતી હતી એટલે માત્ર દર્શને જ એમણે સાષ્ટાંગ દંડવત્ કરવા માંડયા. મરુતની મોજે ઊભો મોલ ધરતી સરસો ચંપાઇ જાય એમ આ આખી સેના ધરાશાયી થઈ અને સુદર્શનનો ધરતીએ પોઢેલાને ન અડવાની પ્રતિજ્ઞા હોવાથી એ કિલ્લાની દીવાલ પર જ ચક્રાવા લેતું રહ્યું. ક્ષણાર્ધ માટે તો મને થયું : આ માનવીય હવે કુશળ અને ધૂર્ત થઈ ગયો લાગે છે. સુદર્શન જેવાને અસફળ કરવાની જુક્તિ એણે અજમાવી. પણ ના ના. હું જરાક ઉતાવળો થયો હોઉં એમ લાગ્યું. એ બધા ભડવીરો તો જમીન સરસા જ પાછા હટતા હતા. આ પણ મારે માટે એક નવું જ દૃશ્ય હતું. એમ જ કહોને કે નવું દર્શન હતું. મેં પણ માનવી દીઠાં હતાં. પણ એ પાછા હટી જવાના અને ખરી રીતે તો પાછા સરકી જવાના જ્ઞાનથી સાવ અજ્ઞાત હતાં. આ નવી પ્રજા ! શું કુશળતા પ્રાપ્ત કરી છે આ માનવીએ !

માનવીનો આ ખેલ જોઈને શ્રી વિષ્ણુ ભગવાને સુદર્શનને પાછું બોલાવ્યું, અને જ્યાં સુદર્શને પોતાનું ક્ષેત્ર સંકોરવા માંડયું ત્યાં તો પેલા વીરપુરુષોએ ઊભા થઈને દોડવા માંડયું. અને માનવ દોડયો એટલે પ્રાણી પણ દોડયાં અને ક્ષણભરમાં તો આખી પૃથ્વી જાણે ખાલી ખાલા થઈ ગઈ. અને પ્રાસાદમાંથી નાદ ગાજી ઊઠયો : 'વિષ્ણુભગવાનની જય.' શંખધ્વનિ થયો. તુરી ફૂંકાઈ. ઢોલત્રાંસાં ધડૂકયાં. શ્રાવણની વાદળી ફૂંકે મારી વેરાઈ જાય, વીખરાઇ જાય એમ શ્રી ભગવાનના આ ચમત્કારથી આ ધર્મી નગર પર આવેલું સંકટ દૂર થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભગવાનના આ નવા પરાક્રમથી મને હર્ષ તો થયો જ, પણ મનમાં એક ગૂંચ પણ રહી જવા પામી. ઘણોય વિચાર કરું પણ મને આ પ્રસંગ, આ ભક્તની ભીડ ભાંગવાનો ઉદ્યમ સમજાયો જ નહીં. ન ભક્ત દીઠાં, ન ભક્તિ જોઈ.

મનમાં આ ભાંજઘડ ચાલતી જ હતી ત્યાં શ્રી વિષ્ણુ-ભગવાને મને સાદ દીધો અને હું શ્રી ચરણારવિંદ પાસે પહોંચી ગયો. શ્રી ભગવાનને આવા કંટાળેલા મેં ક્યારેય જોયા ન હતા. શ્રી ભગવાન એટલે સદોદિત પ્રફુલ્લતાની મૂર્તિ. તે આજે આમ કંટાળેલા થાકેલા! અને બીજું આશ્ચર્ય તો એ હતું કે શ્રી ભગવાનને ક્યારેય મેં ભક્તને દર્શન આપ્યા વિના જતા રહેતા જોયા ન હતા. આ તો જાણે કામ પતાવ્યું એટલે બોલ્યા કર્યા વિના ચાલ્યા પાછા! આજનો દિવસ જ મારે માટે તો ભારે નવાઈનો ઊગ્યો લાગે છે.

શ્રી ભગવાનની આજ્ઞા થતાં જ હું બેસી ગયો અને શ્રી ભગવાન સવાર થઈ બેઠા, એટલે મેં સહેજ પાંખ પસારી. ચંદ્ર-શાળાને પેલે છેડે ઊભેલા વેશધારીઓને મેં જોયા. હવે તો ત્યાં થોડાં બીજાં માનવી પણ ઊભાં લાગતાં હતાં અને એ ત્યાંથી પ્રણિપાત કરતાં હોય એવું લાગ્યું. ત્યાં તો શ્રી ભગવાને એમના હાથનું શતદલ મારે શિરે લગાડ્યું. અને મેં ઉડ્ડયનમાં વેગ આણ્યો. આજનું સાહસ મને મૂંઝવતું હતું કારણ કે સમજાતું ન હતું. પણ શ્રી ભગવાને જ કૃપાવંત થઈને મને પૂછ્યું:

'પક્ષીરાજ, તમને આશ્ચર્ય થાય છે, નહીં?'

હું બોલ્યો: 'આપની આમન્યા સાચવું છું એટલે મૂંગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. પણ અંતરમાં તો અનેક પ્રશ્નાર્થ સળવળે છે. ભગવન્, મારી શંકા ટાળો.'

'ભક્તરાજ, આપણા આખા જીવનના પરમ નિકષરૂપ આજનો પ્રસંગ હતો.'

'એવું કશું ન હોય તો આપ આમ સુદર્શનને કામમાં ન લો. અઢાર અક્ષૌહિણી સૈન્ય સામસામાં બાખડયાં ત્યારેય આપે સુદર્શનને ન'તું સંભાર્યું.'

'તમારી સ્મૃતિ તમને દગો નથી દેતી, ખગેન્દ્ર; પણ આજે તો મારે તમારી અને મારી પ્રતિષ્ઠા જાળવવા જ આમ કરવું પડ્યું.'

'એવી વાત તો આપે પહેલાં પણ કહી હતી પણ એથી મારો સંદેહ ભાંગ્યો નથી, કૃપાનિધિ. આ માનવીઓની વાતમાં આપણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન ક્યાંથી ગૂંચાઈ ગયો?'

'આપણી પ્રતિષ્ઠા!'

'અવિનય ક્ષમા કરશો, ભગવન્. મનમાં જે શંકાનાં વાદળ જામ્યાં છે તેને લીધે જ આ અવિનય થઈ ગયો. નહીંતર મારું ક્ષુલ્લક નામ આપના નામ સાથે સાંકળવાનું મારા મનમાંય ક્યાંથી આવે? અને મારે વળી પ્રતિષ્ઠા કેવી? જે કાંઈ હોય તે તો આપની કૃપાના ફલસ્વરૂપ જ.'

કેવો અપરાધ થઈ ગયો મારાથી? પણ દયાના અસીમ સાગર સમા શ્રી ભગવાને મને ક્ષમા આપી દીધી.

'ગરુડ, ચંદ્રશાળાને છેડે એક નકલી વિષ્ણુ અને નકલી ગરુડ ઊભાં હતાં તે જોયાં હતાં?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, ભગવન્.'

'બસ, ત્યારે એમણે આપણી પ્રતિષ્ઠાને હોડમાં મૂકી હતી.'

'આ, આમણે ? આ નકલીઓએ ?'

'હા, ભાઈ નકલીએ પ્રતિષ્ઠા હોડમાં મૂકી અને અસલીઓને એની રક્ષા કરવી પડી.'

અને શ્રી ભગવાને એમના કૃપાજલની ધારા વર્ષાવતાં આખી વાત કહી.

એક વણકર અને એક સુતાર એ આજન્મ સહચારી હતા અને બન્ને એકબીજા વિષે અત્યંત સ્નેહવાળા હતા. સાથે જ હરતા ફરતા. એકવાર એક યાત્રા મહોત્સવાર્થે એ બન્ને પોતાના ગામથી દૂર ચાલી નીકળ્યા. નવો પ્રદેશ, નવાં માણસો, નવો પોષાક, નવા આચારવિચાર વગેરે બધું નવું જોતાં એમનું કૌતુક વધ્યું. એમ જ આગળ જતાં એ બન્ને એક નગર પાસે આવી પહોંચ્યા. અને એક મંદિરની પાસે એ ઊભા હતા ત્યાં પાસેથી એક પાલખી પસાર થઈ. પાલખીમાં એક અત્યંત સુસ્વરૂપ કન્યા બેઠેલી હતી. અને કન્યાને જોતાં જ વણકર મોહિત થઈ ગયો. પાલખી તો ક્ષણવારમાં ત્યાંથી જતી રહી. પણ પેલા વણકરને તો જાણે મૂર્છા આવી હોય એવું થયું. પારકો દેશ. ન ઓળખાણ કે પિછાણ. સુતાર તો મિત્રની આ દશા જોઈ મૂંઝાયો. મહાયત્ન કરીને એણે વણકરને શુધસાનમાં આણ્યો અને આ મૂર્છાનું કારણ પૂછ્યું.

'પેલી પાલખીમાં બેઠેલી કન્યાએ મારું ચિત્ત ચોરી લીધું છે. જ્યાં લગી હું એને પામીશ નહીં ત્યાં લગી મારાં શુધસાન ગયાં જ માન.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુતાર તો બિચારો છળી ગયો. માનવીના મનમાંકડાના ઘડનાર પેલા નટખટ સુતારને મનમાં ને મનમાં એ ભાંડતો–વંદતો ગયો. વણકર મિત્રને એણે વારવા ટાળવા ઉદાહરણો આપ્યાં. ધમકી બતાવી. ગુસ્સો કર્યો. મિત્રના મનને વાળવા એણે સ્ત્રીજાતની ચંચળતાની વાત કરી.

'વાત એકશું કરે, ધરે મનમાં બીજાને.'

–જેવું પણ કહ્યું. પણ પેલો મિત્ર તો પાકો ઘાયલ થયો હતો. જેમ જેમ આ સમજાવતો જાય તેમ તેમ એનો નિશ્ચય દૃઢ થતો જાય. છેવટે સુતાર કંટાળ્યો. મિત્રને માટે એને અનહદ પ્રેમ એટલે એને છોડી દેવાનું તો એને માટે અશક્ય હતું. એટલે નિરૂપાય બનીને એણે મિત્રને એની મનોહરા મેળવી આપવાનું કબૂલ્યું.

અને એ હતો ચતુર કારીગર. રાતની વાતમાં એણે એક યંત્ર બનાવ્યું અને યંત્રને આકાર આપ્યો તમાશે—ગરુડનો. કળ એવી મૂકી કે આ લક્કડિયું ગરુડ પણ ઊડે, ચાલે, દોડે, અરે પંજામાં કશુંક પકડીને ચાંચે ફેંદે પણ ખરું. અને પછી એણે બનાવ્યા લાકડાના બે હાથ. મિત્રના હાથ સાથે એવા તો જોડી દીધા કે પેલો વણકર મિત્ર ચતુર્ભુજ જ લાગે. પછી બે મૂળ અને બે નકલી હાથમાં આપી દીધાં શંખ, ચક્ર, ગદા, પદ્મ. માથે મૂક્યો મોરમુગટ. ગળામાં મોતીની માળા, હાથે બાજુબંધ, કાંડે પોંચીઓ, પીળું પીતાંબર. ધૂર્ત એટલો કે વણકર મિત્રને એણે જરા શામળો રંગી પણ આપ્યો. અને પછી કહે:

'જો હવે મારું કામ પૂરું થયું. હવે તું જાણે અને તારું ભાવિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વણુકરે કળ બરાબર જોઈ લીધી. અને નકલી વિષ્ણુ નકલી ગરુડ પર સવાર થઈને ઊડ્યા. ખર્ર્ ખર્ર્ પક્ષીરાજ ઊડ્યા તે સીધા એકદંડીઆ મહેલની અગાશી પર. કારણ કે પેલી યુવતી તો નગરના રાજાની કુંવરી હતી. અને રાજા એટલો વહેમી કે દીકરીને, પાણી ભરેલી ખાઈ, એની પાછળ ઊંચી ઊંચી દીવાલ અને અંદર તો ભરી તરવારના પહેરા ભરે કંચુકીઓ, એવા મહેલમાં રાખે. ત્યાં એક પણ પુરુષ ન મળે.

અગાશી પર પક્ષીરાજે પગ ધર્યા અને વણુકર ગરુડ પરથી ઊતરે ત્યાં તો કુંવરી દોડતી આવીને પગે પડી. 'ધન્યભાગ્ય મારાં કે મને ભગવાનનાં દર્શન થયાં. કવિઓએ જે વર્ણન કર્યું હતું એમાં જરાકે અતિશયોક્તિ ન મળે.' વણુકરને હવે વિષ્ણુની ભૂમિકા ભજવવી મુશ્કેલ ન લાગી. પોતે અંતરીક્ષમાં વિહરતાં કેવી રીતે કુંવરીને કેશસંમાર્જન કરતાં જોઈ ગયો હતો અને ત્રિલોકના નાથે પોતાનું હૃદય કેવી રીતે ગુમાવી દીધું તેની વાત કહી અને છેલ્લે કહ્યું:

'હે સુંદરી, તું મને સ્વીકાર.'

કુંવરી કહેઃ 'એ તો મારું અહોભાગ્ય. પણ આપણે લગ્ન કરી લઈએ તો ?'

વિષ્ણુની ભ્રકુટિ ખેંચાઈ.

'એટલે મારે સહુને દર્શન આપવાં ?' અને પોતાનાં દર્શન માનવને ક્યારે મળી શકે એની વાત કહી. કાં તો નિકટતમ હોય એ ભક્ત કે કાં તો યમદેવને આમંત્રણ આપી બેઠેલા અધર્મી શત્રુ સિવાય અન્ય માનવીને દર્શનનો અધિકાર નથી એ વાત ભારપૂર્વક જણાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ તો મને તારે વિષે આસક્તિ થઈ છે એટલે હું સદેહે તારી સન્મુખ ઉપસ્થિત થયો છું.'

ત્રિભુવનસ્વામીની પ્રેયસી બનવાનું સદ્ભાગ્ય એમ હાથથી જવા દેવાને કુંવરી તૈયાર ન હતી. અને એવી જીવનને ધન્ય કરી દેતી તક કોણ જવા દે? ગાંધર્વવિધિએ કુંવરીએ દેહસમર્પણ કર્યું અને પછી તો વિષ્ણુનામધારી વણકર રોજ રાતે ગરુડે ચઢીને ચંદ્રશાળા પર પગ ધરે, અને પ્રભાતના પહોરમાં બનાવટી પંખીરાજ પાછા પેલા સુતાર મિત્રના આવાસમાં આવી પહોંચે.

સમય વ્યતીત થતો ગયો અને કુંવરીના દેહભાવને સદૈવ દેખતા કંચુકી અને વર્ષધરને રાજકન્યાના ઓષ્ઠપ્રવાલ ખંડિત લાગ્યા. મહા મંથનને અંતે એમણે રાજાને વાત કરી અને રાજા તો અત્યંત રોષે ભરાયો. રાણીને સત્વરે આ વિષે તપાસ કરવા કહ્યું. રાણી દીકરી પાસે ગઈ તો એનેય કંચુકી અને વર્ષધરની વાત સાચી લાગી. અધર ખંડિત હતા અને નખના ક્ષત નજરે દેખાતા હતા. રાણીને જીવતાં મૂઆ જેવું લાગ્યું. પણ માનું હૃદય હતું ને! થવાનું હતું તે થઈ ગયું એમ મનાવી કલાવી એણે વાત જાણી. અને જ્યાં રાજકન્યાએ ભગવાન નારાયણે ગાંધર્વવિધિએ પોતાનો સ્વીકાર કર્યાની વાત કરી ત્યાં તો રાજમાતાનું હૈયું અતિ આનંદે પુલકિત થઈ ગયું, અત્યુત્સાહે એણે રાજાને વાત કરી. રાજાને ગળે વાત ન ઊતરી એટલે એમણે રાતે આ ચમત્કાર જોવાનું નક્કી કર્યું.

બરાબર નિયત સમયે પંખીરાજે ચંદ્રશાળા પર પગ ધર્યો (અરે તમે નહીં, પેલા નકલીએ) અને ભગવાન નારાયણ (મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેષધારીસ્તો) ગરુડેથી ઊતર્યા. બારી પાછળથી તાકી તાકીને જોતાં રાજારાણી તો પોતાની જાતને ધન્ય ધન્ય માનવા માંડયાં. રાજાએ રાણીને અભિનંદન આપ્યાં. ભગવાન નારાયણના શ્વસુર તરીકેની યાદીમાં, પોતાનું નામ ઉમેરાતું દેખીને રાજાનો તો હરખ માતો ન હતો. દીકરીના પરમસૌભાગ્ય બદલ પણ એમને મનમાં અત્યંત સંતોષ થયો. કંચુકી અને વર્ષધરને એમની ચોંક બદલ પારિતોષિક દીધાં અને મહેલ પર જે ચોકીપહેરો હતો તે હળવો કરવાની આજ્ઞા આપી. દીકરી હવે તો ભગવાન શ્રી વિષ્ણુની અર્ધાંગી બની હતી ને! એનું રખોપું તો હવે ત્રિભુવનત્રાતા કરશે આપણે શું ?

આ આપણે શું ?—એ વાતમાં એમનું અભિમાન વધવા લાગ્યું. ન રાજકાજમાં ચિત્ત રહે, ન પ્રજાનું સંરક્ષણ થાય. ન્યાયનું કામ ખોરંભે પડયું. શિક્ષણમાં ઉમંગ ન રહ્યો. લોકકલ્યાણની ભાવના પણ લુપ્ત થઈ. ભગવાનના શ્વસુર હોવાની દૃઢ હકીકતે આ બધી વાતને અર્થહીન બનાવી મૂકી. અધિકારીઓ અને કર્મચારી ફાટયા. અંધેર વ્યાપી રહ્યું. પણ રાજા તો ભગવાન નારાયણના સસરા હોવાના મદમાંથી જ પરવારતા ન હતા. હવે એમને પરવા શેની ? બીક શેની ? ભય કોનો ? જે લૂંટી શકાય એવું હતું એને તો એવું રક્ષણ મળ્યું હતું કે દુનિયાની કે બીજી પણ કોઈ શક્તિની દેન નથી કે જરા સરખી ચૂળવળ કરી શકે. પછી ટેંટા જેવી પ્રજાની બીક શી ? પડખેનાં રાજ્યોનો ભય શો ? આખરે ઉત્તરાધિકારીએ પણ કાંક જોવાનું રહેશે ને ! અને જ્યાં ત્રણ લોકનો પાલક જ ઉત્તરાધિકારી છે પછી આપણે શી ચિંતા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજારાણી પોતાના આ ભારે ગૌરવમાં મસ્ત હતાં. રાજકન્યા ભગવાન શ્રી વિષ્ણુની પદસેવાનો મહામૂલો લહાવો મળ્યાથી ધન્યતા અનુભવતી હતી. ભગવાન પોતે તો આવા સ્વર્ગીય સુખમાં ગરકાવ હતા.

આમ પ્રજાનું દુઃખ વધતું હતું અને રાજાની આવી બેદરકારી જોઈ પડોશના રાજાઓને લાગ્યું કે આ રાજ્ય જીતવાનો સમય પાકી લાગ્યો છે. એમણે સંપ કરી રાજાને શરણે આવવા કહેવરાવ્યું પણ સ્વયં વિષ્ણુ જેના જમાતા છે એ આવી વાતને દાદ દે ખરો! પ્રધાન અને મહાજનોને રાજાએ બેતમાથી વાત કહી અને આથી તો પેલા એકત્રિત થયેલા રાજાઓ વધુ ક્રોધે ભરાયા અને રાજાના પ્રદેશ પર એમની ભીંસ વધવા માંડી. રાજાનું લશ્કર લડ્યા વિના પાછું હટતું ગયું તે છેવટે આવીને નગરના કિલ્લામાં ભરાઈ ગયું અને શત્રુસેના નગરને ઘેરો ઘાલીને બેસી ગઈ. પણ રાજાસાહેબ તો એમના ગૌરવભારમાં દબાયેલા હતા. પેલા રાજાઓએ આખરીનામું પહોંચાડ્યું. કહેઃ 'કાં તો યુદ્ધ કરો કે કાં તો શરણે આવો, નહીં તો પ્રભાતના પહોરે અમે આક્રમણ કરીશું.' આથીય રાજાસાહેબ પર તો કશીય અસર ન થઇ. કહેઃ 'આ વગર મોતે મરવાને તૈયાર થયા છે ને! જ્યાં પેલું સુદર્શન ધડ પરથી શિર દૂર કરશે ત્યારે એમણે જે દુઃસાહસ કરવા ધાર્યું છે તેની ભયંકરતાનો ખ્યાલ આવશે. અધર્મીઓ સ્વયં ભગવાન સામે હાથ ઉપાડી રહ્યા છે!'

પણ રાણીને આ બેતમાથી મૂંઝવણ થઈ. રાજાને ખબર કર્યા વિના જ એ રાજકન્યાને મહેલે પહોંચી અને ભગવાનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંકટ ટાળવાની વિનંતી કરવા દીકરીને કહ્યું. દીકરી તો પોતાને શ્રી ભગવાનની પ્રિયપાત્ર માનતી હતી એટલે એને તો આ બધું હસ્તામલકવત્ લાગ્યું. માતાજીને કહેઃ 'એમાં શું ?'

અને જ્યાં નિયત સમયે પંખીરાજ ચંદ્રશાળા પર ઊતર્યા અને ભગવાનશ્રીની પાદુકાનો મધુર રવ કાને પડ્યો ત્યાંથી જ રાજકન્યાએ કોપભુવનમાં પ્રવેશ કર્યો. ચતુર વણકર સમજી ગયો કે આજે વાત કાંક વીફરી લાગે છે. એટલે એણે મનામણી શરૂ કરી. જ્યાં રાજકન્યાએ આખી વાત કહી ત્યાં જ બનાવટીશ્રીની પ્રતીતિ થઈ ગઈ કે જેમ હરેક વાતનો અંત હોય છે એમ એમના પ્રણયસાહસનોય અંત આવી લાગ્યો છે અને વચમાં રહી હતી માત્ર આજની રાત. આવતી કાલ સવારે તો બધો ભેદ આમ પણ ફૂટવાનો જ છે. તો આજની રાત પણ શા માટે ઉદ્વેગભરી કરવી ? સર્વનાશ વિષેનાં સુભાષિતો યાદ કરીને એણે રાજકન્યાને કહ્યું: 'પ્રભાતના પહોરમાં તમે તમારા પિતાશ્રીને નગરનાં દ્વાર ખુલ્લાં કરવાનું કહેવરાવી દેજો. પછી એ અધર્મીઓ છે અને મારું સુદર્શન છે.'

મારાથી હવે ન રહેવાયું. ભગવાનને મેં જરા ધૃષ્ટતાથી પૂછ્યુંઃ 'પણ આપ ત્યાં કેમ પહોંચી ગયા ? નકલીની વારે અસલી ધાય એમાં....'

સદ્બુદ્ધિ સૂઝી તે હું બોલતાં અટકી ગયો નહીંતર 'ધર્માચરણ શેનું' એવું હું બોલી નાખત.

પણ અંતર્યામીથી કશું ઢાંકયું રહે ? કહેઃ 'ધર્માચરણ શેનું—એમ કહેવું હતું ને ? ગરુડજી, સાંપ્રત કાળમાં આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિષ્ઠા જાળવવા આપણે નકલીની સહાયે પણ જવું પડશે. જવું પડયું. વિચાર કરો. પ્રતિષ્ઠા કોની જાત ? માનહાનિ કોની થાત ? એ વણકરને શું ? પણ રાજા, રાણી, રાજકન્યા, પ્રજા સહુ તો એમ જ કહેત ને કે હવે વિષ્ણુનું તેજ ઘટયું ! એ ભક્તાધીન નથી ! એ અધર્મનો સંહારક નથી ! તમને મનમાં એ સવાલ થાય છે કે નકલીની વહારે જઈને મેં શું ધર્મનું સંરક્ષણ કર્યું ? પંખીરાજ, આજના સમયમાં તો તમારે વિષે કોઈના હૃદયમાં ભક્તિ હોય એ જ ધર્મ છે. ધર્મનું સ્વરૂપ બદલાય એટલે અધર્મનું રૂપ પણ પલટાય.'

ભગવાનશ્રીની આ વાણી સાંભળીને હું ચુપ રહ્યો.

પણ મારા મનની શંકાકુશંકાઓ દૂર થઈ એમ કહું તો તો એ અસત્ય જ કહેવાય. અંતર્યામીએ વણબોલી મારી વ્યથા જાણી. અને બોલાય એ જ અસત્ય ને ? અને એટલે તો ઓછાબોલો હોવા છતાં નકલીની વહારે અસલીને જવું પડયું એ આખી વાત મેં તમને કહી. પત્યું. આપણે તો મૂક સેવામાં માનનારા રહ્યા.

[પંચતંત્રની એક વિખ્યાત દૃષ્ટાંતકથા પરથી]

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતનો ઢોલી

ધૂમકેતુ

અમારા એવડા નાનકડા પીપળિયા ગામમાં બીજો કોણ સંગીતવિશારદ આવીને બેસવાનો હતો ? એટલે શરણાઈવાળો ગણો, બંસીવાળો ગણો, સારંગીવાળો ગણો, દિલરૂબાવાળો ગણો કે વાજાંવાળો ગણો કે જે કાંઈ ગણો તે અમારો રતનો ઢોલી ! એની પાસે અનોખી વાત હતી ! ગામને છેક છેવાડે એક નાનકડી ટેકરીની તળેટીમાં ઝૂંપડું બાંધીને એ રહેતો. ઝૂંપડીની આસપાસની જમીનમાં થોડાંક છોડવા વાવીને એમની હાજરીમાં બેઠો બેઠો ઢોલ વગાડતો ને મજા કરતો !

ટેકરી ઉપર જૂનાં વખતની કેટલીક મોટી શિલાઓ પડી હતી. એ શિલાઓ જો ડગે અને પડે તો રતના ઢોલીનું ઝૂંપડું સાફ થઈ જાય. પણ રતનો કહેતો કે એ તો માતાના સતને આધારે અટકી રહી છે. એ કોઈ દી પડે તેમ નથી. અસત્ દેખે તો એ ચળે. એ શિલાઓ ઝાલરની પેઠે વાગતી અને શુદ્ધ કાંસાના રણકાની યાદ આપતી ! ગામલોકો એને ઝાલરિયા પાણા કહેતા. ઝાલરિયા ડુંગરાની પાછળ મોટી નદી વહેતી. કાંઈ કામ ન હોય ત્યારે બેઠો બેઠો રતનો પોતાનો ઢોલ બજાવતો હોય. એ ઢોલ, એની દાંડી, અને એ પોતે, ત્રણે જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજન્મ મિત્રો બની ગયાં હતાં. રતનાના ઢોલમાંથી એના હૃદયની તમામ ઊર્મિઓ ઊભી થતી. એકલો બેઠો બેઠો, ક્યારેક મરી ગયેલી માને સંભારતો હોય, ને ઢોલ બજાવતો હોય, ત્યારે લાગે કે રતનો દાંડીની મારફત પોતાનું હૃદય આપી રહ્યો છે! ક્યારેક કોઈ જુવાનીનો તરંગ ચડી આવે, ને ઢોલ ઉપર દાંડી મારે, ત્યારે લાગે કે હવામાંથી દરિયાનાં આનંદમોજાં આવી રહ્યાં છે! રતનો ક્યારેક તો કોઈનું આમંત્રણ ન હોય તો પણ નવાં નકોર લૂગડાં પહેરી, ભેટ બાંધી, નવો રેશમી સાફો લગાવી, ડોકમાં ખોટી પીતળની સાંકળી નાખી, ઢોલ બજાવવાને રંગે ચડી જતો. એ વખતે એ પોતાની અજબ જેવી કુશળતા બતાવતો. લાગે કે ઢોલ રડે છે, હસે છે, કૂદે છે, નાચે છે. જાણે ખીલખીલ ખીલે છે! આગાહી કરે છે. ભૂતકાળ સંભારે છે. પેલા ઝાલરિયા પથરાને બોલાવે છે. રતનો ઢોલી પોતાના હૃદયની બધી વાત આ ઢોલને અને એની દાંડીને કહેતો. માણસ સાથે કે સામે બોલવા માટે જાણે કે એની પાસે શબ્દો જ ન હતા! એને વાત કહેવી હોય, વિનોદ કરવો હોય, રડવું હોય, આનંદ પ્રગટ કરવો હોય, નિરાશા જણાવવી હોય, આશા વ્યક્ત કરવી હોય—જે કાંઈ કહેવું હોય તે આ ઢોલમાં! એને પણ નવાઈ લાગતી. ઢોલ ને દાંડી છૂટાં હોય તો કાંઈ નહિ! ને ભેગાં થાય ત્યાં ભાષા! આ શું? એ ઢોલનો બાળક બન્યો હતો. ઢોલ વિનાનો રતનો એટલે જાણે પ્રાણ વિનાનો દેહ!

અને એની આ ઢોલીની કીર્તિ ઉપર ન્યોછાવર થઈને એક રૂપસુંદરી પણ એને આવીને મળી હતી. એનું નામ સુંદરી. સુંદરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી જ હતી. અને એ ઢોલની ડાંડીએ ડાંડીએ નાચવાનું કરતી.

સુંદરીનો સાથ મળ્યા પછી રતના ઢોલીએ કમાલ કરી નાખી! પછી તો માણસની કોઈ બોલી એવી રહી નહિ, જે એનો ઢોલ ન બોલી શકે! પોતે અણઘડ અભણ પણ બોલી બતાવે બધી જ વાત! એક વખત તો એણે મધરાતે ઢોલ વગાડયો. અને એમાં એણે એવા તો ગજબની શૂરવીરતાના રંગપલટા આણી મૂકયા કે ગામ આખું, કોઈ બહારવટિયા સામે ચડવાનું હોય તેમ, લાકડી, ભાલાં, ધારિયાં, જૂની તલવારો લઈને બહાર નીકળી પડયું! રતનાના ઢોલે તે દિવસે બૂંગિયાને ભૂલાવી દીધો!

ગામ આખું બહાર નીકળીને જુએ છે તો ત્યાં કેવા બહારવટિયા ને કેવી વાત! કોઈ કહેતાં કોઈ મળે નહિ! રતનો ઢોલી એકલો. એના ફળીમાં એક ઝાંખો દીવો બળે ને ઊભો ઊભો ઢોલ વગાડે. ને શૂરવીરતાના રંગે ચડેલી પેલી સુંદરી ડાંડીએ ડાંડીએ નાચે! બીજું કાંઈ મળે નહિ!

ગામ આખું હસીને પાછું વળી ગયું કે અરે! આ તો ગાંડો છે ગાંડો!

અને રતનો ગાંડો જ હતો. જેને જેને મહાસાગર મળે છે એ બધા જ એવા થઈ જાય છે. ડહાપણ તો ખાબોચિયામાં રહે છે! રતનાને મહાસાગર તરવાનો મળી ગયો હતો. એને કોણ જાણે કેમ એના ઢોલમાંથી આખા ત્રિભુવનના બધા રસ ઊઠતા જણાતા!

ખરેખર રતનો ગાંડો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

પણ ગાંડા માણસને જ્યારે ગાંડી સ્ત્રી મળે છે ત્યારે અરધી દુનિયા ગાંડી થઈ જાય છે. રતનાની આ તમામ ઘેલછાને ઉત્સાહનું પાણી તો પેલી સુંદરી પાતી! એ નાચતી ત્યારે રતનાને લાગતું કે સારી સૃષ્ટિ નાચે છે. એ રતનાની ડાંડીની ભાષાને આબેહૂબ ખડી કરી દેતી!

પણ આ એની પ્રેમભક્તિએ ગામમાં ઈર્ષા પણ એવી જ ઉપજાવી હતી. સુંદરીના હાથનો જે એક નાસીપાસ ઉમેદવાર હતો તે એમાં અગ્રણી હતો. નાકોજી એનું નામ. નાકોજી કહેતો કે 'ઢોલીને મન એમ છે કે એની ઢોલકી વાગી ને આ રંડકી નાચી એટલે ભયો ભયો થઈ ગયું! પણ આંધળો એની આંખનો ઉલાળો તો જોતો નથી! રંડકી તો નાચતાં નાચતાં કેંકને પાડી દે છે! રતનો ઢોલી એક દી ઢોલિયામાં સૂતો રહેશે ને આ રંડકી એને સૂતો મૂકીને ભાગી જશે. નાચવાનું બંધ કરો તો સારું નકર આમાં જેવારો નથી.'

ગામડાંમાં પહેલાં વાત ચરભડે. પછી એનો ભડકો થાય. પછી જાણે એ જ મુખ્ય બનાવ થઈ રહે!

પીપળિયામાં બીજો કોઈ મોટો બનાવ તો હમણાં બનવાનો ન હતો, એટલે આ બનાવ જ મુખ્ય બની ગયો. એમાંથી સુંદરીની નિંદા ઉપડી!

અને આ નિંદાએ મર્યાદા વટાવી. અનેકની સાથે સુંદરીનું નામ જોડાવા માંડ્યું. પછી તો જે કોઈ ઢોલીના ઘર ભણી વળે એને સુંદરીએ બોલાવ્યો હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાકોજીએ તો સુંદરીને, ધોળે દીએ, રતનાની આંખે પાટા બાંધી દીધા હોય તેમ, રખડતી પણ જોઈ હતી !

ઘણી વખત માણસ માને છે કે પોતે સાચો હોય તો એને જૂઠાનો પ્રતિકાર કરવાની જરૂર રહેતી નથી. પણ જૂઠાણાની એક નવી નવાઈની ખૂબી છે. એનો પ્રતિકાર કરો તો એ બમણું જોર કરે. એનો પ્રતિકાર ન કરો તો એ જ સાચું ઠરે. જૂઠાણું ચાલુ થયું એટલે અગ્નિ પ્રગટાવીને જ જાય.

સુંદરીને કાને આ ચડભડતી વાતો આવી. પણ એણે આ કાને સાંભળીને આ કાને વાત પાછી કાઢી નાખી. રતનાને કાને આવી. એણે એને કાન જ દીધા નહિ. એ ઢોલ વગાડતો રહ્યો, સુંદરી નાચતી રહી અને ગામ જોતું રહ્યું. પણ નાકોજી હાર્યો દા લેવાનો નહિ ! કોઈ પૂછે કે એની ઈર્ષાનું કારણ શું ? કારણ પ્રીતિનું પ્રીતિ એના જેવી જ આ વાત સમજવી. નાસીપાસી કોઇને ખપતી નથી.

[૩]

નાકોજીના મનમાં સુંદરીની ઈર્ષા હતી; પણ જ્યારે એમાંથી એકેમાં ખટરાગ ઊભો ન થયો ત્યારે એ ઈર્ષાએ અગ્નિનું રૂપ લીધું. હવે એને કોઈ હિસાબે જીત મેળવવી હતી. જીત વિષેના માણસ માણસના ખ્યાલ જુદા જુદા હોય છે.

પહેલાં તો એણે સુંદરીને લલચાવી. એને કહેવરાવ્યું : ‘ લંગોટિયા ઢોલીને ત્યાં આવું રૂપ લઈને શું બેઠી છો ? આવી જા મારી આ ભામની ગાદી ઉપર. આખા ગામની ભામ મારે ત્યાં છે !’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સુંદરીએ કાંઈ જવાબ ન વાળ્યો એટલે ઢોલીને સકંજામાં લેવાનું કર્યું. પણ કારી ફાવી નહિ. પણ પછી ગામમાં આ નાચણવેડા ઠીક નથી એમ પોતાની નાતને એણે ઉશ્કેરી અને એમાં એ ફાવ્યો. ગામડાંમાં ફાવવાનો આ એક જ રસ્તો. ધર્મને વચ્ચે લાવવો.

નાતમાં ઠરાવ થયો. ઢોલ વાગે પણ નાચવાનો છંદ ખોટો. એમાંથી ઝાલરિયા પાણા હાલી ઊઠે. માટે નાચવાનું બંધ.

ઢોલી એકલો ઢોલ વગાડવા જતો પણ સુંદરી વિના એના ઢોલમાં એને મજા આવતી નહિ. એટલે કોઈ કોઈ શોખીન કોઈ વખત બોલાવે તો ત્યાં રતનો નિયમભંગ કરીને પણ સુંદરીને સાથે લઈ જતો.

પણ આ નિયમભંગે ઠીક ખોરાક આપ્યો. હમેશની હમેશ એકની એક વાત ચાલતી રહે તો ગમે તેવા નિર્મળ અંતઃકરણમાં પણ શંકા જન્મે જ જન્મે. રતનાના મનમાં દ્વિધા વૃત્તિ આવી ગઈ.

એક વખત રૂપાળી રાત્રિ ખીલી હતી. ઝાડપાન, પથરા દૂધમાં નાહી રહ્યા હતા. ઝાલરિયો ડુંગર ધોળો ધોળો લાગતો હતો. એ વખતે લગભગ મધરાતને સુમારે ઢોલી રતનો ઊઠયો. એને ઢોલ વગાડવાનું મન થઈ આવ્યું હતું. દિવસે તો સુંદરીનું નાચવાનું બંધ જેવું થઈ ગયું હતું. એટલે એણે આજ રાતમાં પોતાની અંતરવેદના ઠાલવવાનો નિર્ણય કર્યો. 'ઠપકો સહી લઈશું પણ આજે એક રંગત લગાવી દેવી.' એના મનમાં એવા ભાવ જાગ્યા હતા.

ઢોલી ઊઠયો એ સુંદરી ખાટલામાં પડી પડી જોઈ રહી હતી. એણે એને જતો જોયો એટલે એ પણ પાછળ ઊઠી ધીમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગલે એની પછવાડે પછવાડે ગઈ. એને નવાઈ તો લાગી કે ઢાલીએ એને કેમ ન જગાડી!

એટલામાં તો રતનો ભેટ બાંધી, નવાંનકોર કપડાં લગાવી, પીતળની સાંકળી પહેરી તૈયાર થઈને ડોકમાં ઢાલ નાખી ત્યાં ફળીમાં ઊભો રહી ગયો હતો.

સુંદરી એક તરફ ઝાડના અંધારાને આધારે ઊભી રહી ગઇ. એનાં ઝાંઝર હાથમાં રહી ગયાં હતાં. ઢાલી જેવો ડાંડી લગાડે કે એ અચાનક નાચવા મંડે એવી વાત એના મનમાં ઘોળાઈ રહી હતી. એનું આખું શરીર હસી રહ્યું હતું.

પણ અરે! આ શું? ઢાલીનો હાથ જાણે કોઇએ પકડી રાખ્યો હોય તેમ અધર રહી ગયો હતો!

સુંદરી પણ એ જોઈ રહી! એટલામાં તો ઢાલ ઉપર ડાંડી પડવાને બદલે રતના ઢાલીના હાથમાંથી ડાંડી નીચે જઈ પડી! દોડીને એને ડાંડી આપવા માટે સુંદરી અધીરી થઈ ગઈ હતી. એ દોડવાની જ હતી પણ એટલામાં રતનાના શબ્દે એના ઊપડતા પગને થંભાવી દીધો.

રતનો ખેદભર્યું હસીને પોતાને જાણે કહી રહ્યો હતો : 'રતના! હવે નહિ, હવે નહિ. જે નાચનારી હતી તે ગઈ. સોનાની પુતળી ગઇ. હવે તો પીતળનું બાવલું છે. એ નાચે તો ય શું ને ન નાચે તો ય શું? હવે નહિ રતના! હવે નહિ! આખું ગામ કાંઈ ખોટું હોય? એક બે જણા ખોટા હોય! હવે નહિ રતના! હવે નહિ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદરીના પગ તો ત્યાં ધરતી સાથે જાણે ચોંટી જ ગયા. એનું હૃદય હૃદયમાં ઊતરી ગયું. હાથમાંથી ઝાંઝર નીચે જઈ પડયાં. રતનાની વાણીનો અર્થ સમજતાં એને વાર ન લાગી. એના હૃદયમાં એક હજાર વીંછીના ડંખ લાગ્યા. એના રતનાના દિલમાં આવી ચોરી બેઠી છે? થઈ રહ્યું! સુંદરીના હૈયામાં અગન લાગી ગઈ: 'અરર! મારે માટે આના દિલમાં આ વાત! થઈ રહ્યું!' બસ એ એક ઘા તો બસ હતો.

એટલામાં રતનાએ પણ ઢોલને ઊતારીને નીચે મૂકી દીધો હતો. પગ ભાંગી ગયા હોય તેમ એ પાછો ફરી રહ્યો હતો. એક ઘડીભર એની દૃષ્ટિ ઊંચે ડુંગરા ઉપર ગઈ લાગી. અને ચમક [illegible] હોય તેમ એનો પગ થંભી ગયો.

'અરે! આ ઝાલરિયો પણ હાલ્યો કે શું? ચોખ્ખો હાલ્યો દેખાણો! કેમ ન હાલે? એ ક્યાં પથરો છે? એ તો સત્ છે!'

રતનાનું આ વાક્ય તો ઝેર પાયેલ તીર સમું સુંદરીના હૃદયમાં બેસી ગયું. એને ખાતરી થઈ ગઈ. રતનો પણ એનો રહ્યો ન હતો!

એ આખી રાત એણે પથારીમાં રડતાં રડતાં કાઢી. પણ સવારે રતનો ઢોલી ચમકી ગયો. સુંદરીની પથારી ખાલી હતી! સુંદરી ક્યાં ય ન હતી!

આખા ગામમાં વાત ચાલી કે સુંદરી ભાગી ગઈ!

નાકોજી તાબોટા લઈ લઇને વાત કરી રહ્યો કે 'લે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે તો પહેલેથી જ કીધું હતું કે આ આંધળો થઈ ગયો છે, ને પેલી રંડકી બની ગઈ છે !'

રતનો મનમાં ને મનમાં ધા ખાઈ ગયો. સુંદરી કોણ જાણે ક્યાં જતી રહી એ એને સમજાયું જ નહિ ! કાંઈ નિશાની નહિ. કાંઈ પત્તો નહિ. સુંદરી વિનાનું ફળી એને ખાવા દોડતું હતું. આખો દી' તપાસ કરી. કંઈ પત્તો લાગ્યો નહિ.

એ એકલો થઈ ગયો. એણે ઢોલને છોડી દીધો. ડાંડી મૂકી દીધી. એના મનમાં સુંદરી સુંદરી થઇ રહ્યું. પણ સુંદરી ક્યાં હતી ?

પણ એનો રડવાનો રુદનસાગર એને એક પળની નિરાંત લેવા દેતો નહિ! એ આમ નજર કરે ને સુંદરીને દેખે, તેમ નજર કરે ને સુંદરી નજરે પડે, પણ સુંદરી ક્યાંય હોય નહિ ! હોય બધે ને હોય નહિ ક્યાંય ! એક રાતે તો એના હૃદયે, પોતાની વાત પોતાના જૂના સાથી ઢોલને કહી દેવા માટે, ભારે ઉલ્કાપાત મચાવ્યો. રતનો બહાર નીકળ્યો; ફળીમાં આવ્યો; ઝાલરિયા પથરાને જોઈ રહ્યો. એને અચાનક સાંભર્યું; તે દિવસે એ જે બોલી ગયો હતો એ એને યાદ આવી ગયું; સુંદરીએ સાંભળ્યું હશે?

સુંદરી બરાબર ત્યારથી જ ગુમ થઈ ગઇ હતી.

એને આખો ઇતિહાસ મળતો દેખાયો !

એણે ઢોલ ઉપાડયો. ડાંડી લીધી. આજ એને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરહકથા, વેદનાની કથા ને પશ્ચાતાપની કથા સુંદરીને કહેવી હતી. પણ સુંદરી ક્યાંય હતી નહિ !

એણે ફળીમાં આંટો માર્યો. અચાનક પેલા ઝાડવા પાસે ફરતાં એના પગે કાંઈક ભટકાયું. નીચો નમ્યો તો સુંદરીનાં બે ઝાંઝર ત્યાં પડયાં હતાં !

આહા ! એના હૃદયમાં હવે ઘાવનો ઘાવ થઇ ગયો ! એને જાણે અંધારામાં દીવો મળ્યો. વાતની કડી જડી ગઈ. સુંદરી તે દિવસે આંહીં ઊભેલી હશે—એ આ ઝાંઝર પહેરીને નાચવા માટે તૈયાર થતી હશે. પણ એના પેલા બોલે એના હાથમાંથી આ ઝાંઝર મૂકાવી દીધાં હશે !

રતનાના હૃદયની વેદનાનો હવે પાર ન રહ્યો. એણે જે વખતે પહેલી ડાંડી ઢોલ ઉપર મારી ત્યારે જાણે કરુણતાની અવધિના સ્વરો હવામાંથી ઊભા થયા ! અને પછી તો ઝાલરિયો પણ રડે એવી વાણી એની ડાંડીમાંથી આવવા માંડી ! ગામ આખું સાંભળી રહ્યું ! સૌને થયું કે રતનો રડે છે !

બીજે દિવસથી તો એ એ વાણીનો જ બની ગયો. કોણ જાણે કેમ એને સૂઝી આવ્યું કે સુંદરી તો ઝાલરિયાની પછવાડે વહેતા મોટા ધરામાં સમાઇ ગઈ છે. એણે પાણીમાં પોતાનું થાનક કર્યું છે. ધરતી એને કઠણ લાગી છે !

બસ, ત્યારથી આ રતનો ઢોલી જ્યારે જુઓ ત્યારે એ નદીને કાંઠે ઢોલ વગાડતો હોય ! અને એની આંખ પેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદરીને પ્રત્યક્ષ જોતી હોય તેમ આશ્ચર્યમાં, આનંદમાં, પ્રેમ-સમાધિમાં મગ્ન બની ગઈ હોય !

એવે વખતે એ અચાનક બોલી ઊઠતો: 'આ આવી, આ આવી, આહા ! શું આજે એણે નાચ માંડયો છે ! આ ઊભી નાચે ! આ મારી સામે જોઈને હસે ! આ મને ઠપકો આપે. આ મને મારવા દોડે. આ મારો ઢોલક ખેંચાવી લેવા આવે.'

એ સાંભળીને હસનારા હસે ને રડનારા રડે ! પણ એનું એ પ્રત્યક્ષ દર્શન સાચું હતું એ કોણ કહી શકે ?

અને એ ખોટું હતું એમ પણ કોણ કહી શકે ?

★

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રશિયા : આજની દુનિયાના એક મહાન વાર્તાકારે જગતના એક મહાન રાષ્ટ્રની ખુલ્લા દિલે સફર કરીને આલેખેલી રાગદ્વેષ કે ખુશામત વિનાની અજોડ, રસભરી પ્રવાસ-કથા.

રાતાં ફૂલડાં

જૉન સ્ટાઇનબેક : અનુ૦ મહેન્દ્ર મેઘાણી

૧-૮-૦

*

પેસિફિક : પૃથ્વીના સૌથી વિશાળ મહાસાગરને વાંસના એક તરાપા વડે ૧૦૧ દિવસે પાર કરનારા વીસમી સદીના છ સાહસવીરોની સત્યકથા: વીસેક ભાષાઓમાં મળીને જેની દસ લાખથી વધુ નકલો વેચાઇ ચૂકી છે.

કોન-ટિકિ

થૅાર હાયરડાલ : અનુ૦ મહેન્દ્ર મેઘાણી

[છપાય છે]

*

દક્ષિણ આફ્રિકા : કાળા અને ગોરા વચ્ચેના, સત્ અને અસત્ વચ્ચેના, નિર્દોષ ગ્રામજીવન અને પિશાચી નગર-સંસ્કૃતિ વચ્ચેના સંઘર્ષનો પ્રેમમય ને મંગલકારી ઉકેલ આલેખતી અમર નવલકથા.

રડતી ધરા

એલન પેટન: અનુ૦ મહેન્દ્ર મેઘાણી

[છપાય છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકમિલાપ પ્રકાશનમાળા

સર્વ કોઇ પ્રજાને પૂરેપૂરી બે આંખોની આવશ્યકતા હોય છે: એક પોતાની અંદરનાં જ ઉચ્ચ તત્ત્વો ઓળખી લેવાની: ને બીજી, અન્ય પ્રજાઓના ઉત્તમ સંસ્કારને ઉકેલવાની. મહત્તાનું સાચું દર્શન તે વગર સાંપડતું નથી.

—ઝવેરચંદ મેઘાણી

અન્ય પ્રજાઓના ઉત્તમ સંસ્કારોને ઉકેલવામાં મદદ કરતી
બીજી આંખ સમી ચોપડીઓ

ઇન્ડોનેશિયા : જેની પ્રજાએ પેટાવેલી મુક્તિ-મશાલે અન્ય એશિયાઈ પ્રજાઓના સંગ્રામ-પ્રદીપો ચેતાવ્યા તે, ભારતના નાનેરા ભાઇ સમા ઈન્ડોનેશિયાના બે હજાર વર્ષના ઇતિહાસનું ચીવટભેર ને સાદી, સરલ શૈલીમાં કરેલું દોહન.

જય ઇન્ડોનેશિયા
મહેન્દ્ર મેઘાણી
૧–૮–૦

ફ્રાંસ : ૧૭૮૯ની લોકક્રાંતિ પછીના ફ્રાંસમાં જે મહાભયાનક આંતરવિગ્રહ થયો તેના રક્તવર્ણા વાતાવરણ વચ્ચે ઉમરાવો, સેનાપતિઓ, ધર્મગુરુઓ, વિદ્રોહીઓ અને વિપ્લવવાદીઓની આસપાસ રચાયેલી આ નવલકથાની અંદર માતા ને શિશુ, પિતા ને પુત્ર તથા ગુરુ ને શિષ્ય વચ્ચેના ઊંડા પ્રેમને ગૂંથી લીધેલ છે.

જવાલા
વિક્ટર હ્યૂગો : અનુ૦ મહેન્દ્ર મેઘાણી
૩–૮–૦

ચીન : ગરીબી, અજ્ઞાન, રોગ, વહેમ તથા ગંદકીમાં રગડતા ગામડાંના લોકોના શુષ્ક જીવનને સંસ્કારી, ઉપયોગી અને રસમય બનાવનારી પ્રૌઢ-શિક્ષણની ઝુંબેશની સરળ, સુંદર ભાષામાં લખાયેલી વાત.

નવાં માનવી
પર્લ બક : અનુ૦ મહેન્દ્ર મેઘાણી
૦–૧૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમણલાલ વ. દેસાઈ:

કેતન મુનશી:

ગુલાબદાસ બ્રોકર:

ચુનીલાલ મડિયા:

કિશનસિંહ ચાવડા:

પન્નાલાલ પટેલ:

ઈશ્વર પેટલીકર:

જયંત ખત્રી:

જયન્તિ દલાલ

ધૂમકેતુ:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

કવર છાપનાર અશોક પ્રેસ, મુંબઈ-૨૮.